ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ પ્રવચન

(શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતદેવ વિરચિત શ્રી બૃહદ્-દ્રવ્યસંગ્રહ
ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૫

વીર સંવત
૨૫૪૫

ઈ. સન
૨૦૧૯


**પ્રકાશન**

તા. ૧૭-૮-૨૦૧૯, શ્રાવણ વદ ૨

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૬મી જન્મ જયંતી



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬

www.vitragvani.com, email-info@vitragvani.com



ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

અંતિમ તીર્થાધિનાથ શાસનનાયક શ્રી મહાવીર ભગવાનના પ્રવર્તમાન જિનશાસનમાં અતિ નિર્મળ શુદ્ધ મોક્ષમાર્ગ જીવંત રહેવા પામ્યો હોય તો તેનો મુખ્ય આધારસ્તંભ ભગવાનના નિર્વાણ બાદ થયેલા અનેક મહાન સંત દિગંબર આચાર્ય ભગવંતો અને સમર્થ ભાવલિંગી મુનિરાજના પ્રતાપે. અખંડ અભેદ એકરૂપ સ્વભાવ સાથે તાદાત્મ્ય વર્તતી પરિણતિની સાથે વર્તતા વિકલ્પાત્મક અંશમાં કરુણાબુદ્ધિથી નિસ્પૃહ ભાવે શાસ્ત્રરચના કરનાર ભાવલિંગી સંતોનો આપણા ઉપર મહાન ઉપકાર વર્તી રહ્યો છે. પંચમકાળના જીવોનું સદ્ભાગ્ય છે કે અનેક મિથ્યા અભિપ્રાયયુક્ત અન્યમતો વિશાળ સંખ્યામાં મોજૂદ હોવા છતાં પરમ નિર્મળ પવિત્ર જિનમાર્ગ તથા શાસ્ત્રો મોજૂદ છે. જેનાથી જીવ અખંડ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકે છે.

'બૃહદ્-દ્રવ્યસંગ્રહ' ગ્રંથ શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતદેવ દ્વારા રચાયેલો છે. આ લઘુકાય ગ્રંથ દ્રવ્યાનુયોગના સિદ્ધાંતનો ઉત્તમ ગ્રંથ છે. ગ્રંથમાં ફક્ત ૫૮ ગાથાઓ જ હોવા છતાં સમસ્ત જિનશાસનના મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન આચાર્ય ભગવાને સ્વયંની પ્રવીણ ભગવતી પ્રજ્ઞાના આધારે કર્યું છે. બૃહદ્-દ્રવ્યસંગ્રહની ટીકા શ્રી બ્રહ્મદેવ વિરચિત સંસ્કૃતવૃત્તિ નામે પ્રસિદ્ધ છે. બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગ્રંથમાં ત્રણ અધિકાર છે. જેમાં પ્રથમ અધિકારમાં છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું, બીજામાં સાત તત્ત્વ અને નવ પદાર્થોનું તથા ત્રીજામાં નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રતિપાદન ઉત્તમ શૈલીથી કરવામાં આવ્યું છે.

આ કાળના અદ્વિતીય અજોડ મોક્ષમાર્ગ પ્રકાશક, જિનશાસન દિવાકર શ્રી સીમંધર ભગવાનના દિવ્ય સંદેશા ભરતમાં લાવનાર નિષ્કારણ કરુણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક સંત શિરોમણિ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું જ્ઞાન-ધ્યાનમય અધ્યાત્મરસલીન જીવન સર્વાંગ સુંદર છે. પવિત્રતા તથા પુણ્યનો અનોખો સંગમ તેઓશ્રીના સમગ્ર જીવનમાં દેખાય છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના શબ્દોમાં કહીએ તો તેઓશ્રીને શ્રુતની લબ્ધિ હતી. શ્રુતલબ્ધિના ફળસ્વરૂપે તેમના રોમ રોમમાં જિનવાણી પ્રત્યેનો પ્રેમ પ્રવચનોમાં ઉભરાઈ બહાર આવતો અનુભવગમ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનગંભીર ઊંડા વીતરાગરસ રહસ્યમય પ્રવચનોની ધારા અવિરતપણે ૪૫-૪૫ વર્ષો સુધી વહી. દેશ-વિદેશમાં તેઓશ્રીનો પ્રભાવનાયોગ સૂર્યની જેમ દૈદીપ્યમાન છે. અનેક જીવોએ સત્ય મોક્ષમાર્ગની વાટ પકડી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવિ ૐકાર ધ્વનિની એક ઝલક તેમના વર્તમાન દિવ્ય પ્રવચનોમાં દૃષ્ટિગોચર થઈ રહી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાનું રસપાન કરવું એ જીવનની એક આનંદાત્મક ઘડી છે. પૂજ્ય ગુરુદેવશ્રી મંગળ, ઉત્તમ અને લોકોત્તમ દિવ્યપુરુષ છે. તેઓશ્રીની વાણી પણ તેવી જ હોયને! બૃહદ દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. બૃહદ દ્રવ્યસંગ્રહની ૪૭મી

ગાથાનો ઉલ્લેખ પૂજ્ય ગુરુદેવશ્રીના અન્ય પ્રવચનોમાં અનેક સ્થળે જોવા મળે છે. નિશ્ચય તથા વ્યવહાર મોક્ષમાર્ગ બન્ને સાથે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે—આ વાતનું સચોટ નિરૂપણ ૪૭મી ગાથાના આધારે કરે છે. **'दुविहं पि मोक्खहेउं जाणे पाउणदि जं मुणी णियमा'.**


પ્રસ્તુત પ્રવચનો પાછળથી પ્રાપ્ત થયેલા પ્રવચનો છે જે સળંગ ગાથા સંધિબદ્ધ નથી. પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશના અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી પવિત્ર ભાવના સાથે પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ. તત્પશ્ચાત્ દિવ્ય વીતરાગ વાણીને સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com)ના માધ્યમથી જન જન સુધી પહોંચાડવાના ઉમદા કાર્યનું સૌભાગ્ય શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈને સંપ્રાપ્ત થયું. આ જ પ્રવચનોને ગ્રંથારૂઢ કરવાનું પણ વિશેષ સૌભાગ્ય ટ્રસ્ટને પ્રાપ્ત થયું છે. તેથી આ પ્રસંગે બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગ્રંથના વિભિન્ન સમયે થયેલા પ્રવચનો ઉપલબ્ધ છે તેમને એકત્રિત કરી પ્રસ્તુત પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવે છે.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. આ પ્રવચનોને સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ તથા શ્રીમતી લક્ષ્મીબેન સાવલા, વિલેપાર્લા દ્વારા કરવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલેપાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૦૧ | --- | ૧૬ | ૦૩ |
| ૦૨ | ૨૭.૧૧.૧૯૫૨ | ૫૬ | ૧૫ |
| ૦૩ | અવાજ અસ્પષ્ટ | ૫૬ | --- |
| ૦૪ | ૨૯.૧૧.૧૯૫૨ | ૫૬ | ૨૯ |
| ૦૫ | ૩૦.૧૧.૧૯૫૨ | ૫૬ | ૩૩ |
| ૦૬ | અવાજ અસ્પષ્ટ | ૫૬ | --- |



શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતદેવ

ॐ

परमात्मने नमः।

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ પ્રવચન

(શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતદેવ વિરચિત શ્રી બૃહદ્-દ્રવ્યસંગ્રહ
ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

अथ पुद्गलद्रव्यस्य विभावव्यञ्जनपर्यायान्प्रतिपादयति :—

सद्दो बंधो सुहुभो थूलो संठाणभेदतमछाया।
उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया।।१६।।

शब्दः बन्धः सूक्ष्मः स्थूलः संस्थानभेदतमश्छायाः।
उद्योतातपसहिताः पुद्गलद्रव्यस्य पर्यायाः।।१६।।

શબ્દ બંધ સૂક્ષમ અરુ થૂલ, સંસ્થાન અરુ ભેદ સમૂલ;
તમ છાયા આતાપ ઉજાસ, પુદ્ગલ કે પર્યાય સમાસ. ૧૬

હવે પુદ્ગલ દ્રવ્યના વિભાવવ્યંજનપર્યાયોનું પ્રતિપાદન કરે છે :—

ગાથા-૧૬

ગાથાર્થ :— શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, ઉદ્યોત અને આતપ પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે.

ટીકા :— શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂળતા, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ અને ઉદ્યોત પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે.

હવે વિસ્તાર બતાવે છે :— ભાષાત્મક અને ભાવાત્મક એમ શબ્દ બે પ્રકારે છે, ત્યાં અક્ષરરૂપ અને અનક્ષરરૂપ ભેદથી ભાવાત્મક શબ્દના બે ભેદ છે. તેમાં પણ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પિશાચી આદિ ભાષાના ભેદથી, આર્ય કે મ્લેચ્છ મનુષ્યોના વ્યવહારના કારણે અક્ષરાત્મક ભાષા અનેક પ્રકારની છે. અનક્ષરાત્મક ભાષા બે ઇન્દ્રિયાદિ તિર્યંચ જીવોમાં અને સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં હોય છે. અભાષાત્મક શબ્દ પણ 'પ્રાયોગિક' અને 'વૈસ્રસિક'ના ભેદથી બે પ્રકારે છે. 'ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकम्। घनं तु कांस्यतालादि सुषिरं वंशादिकं विदुः।।' (વીણા આદિના શબ્દને 'તત', ઢોલ આદિના શબ્દને 'વિતત', મંજીરા વગેરેના અવાજને 'ઘન' અને બંશી આદિના શબ્દને 'સુષિર' કહે છે)[૧]. એ શ્લોકમાં કહેલા ક્રમ-પ્રમાણે પ્રયોગથી થયેલા એવા 'પ્રાયોગિક' શબ્દ ચાર પ્રકારના છે. વિસ્રસા એટલે સ્વભાવથી થયેલ એવા 'વૈસ્રસિક' શબ્દ વાદળાં વગેરેથી થાય છે તે અનેક પ્રકારના છે.

વિશેષ :— શબ્દાતીત નિજ પરમાત્માની ભાવનાથી ચ્યુત થયેલ, શબ્દાદિ મનોજ્ઞ અને અમનોજ્ઞ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત જીવે જે સુસ્વર અને દુઃસ્વર નામનું નામકર્મ ઉપાર્જિત કર્યું હતું તેના ઉદયથી જોકે જીવમાં શબ્દ દેખાય છે તોપણ તે જીવના સંયોગથી ઉત્પન્ન થયેલ હોવાથી વ્યવહારથી જીવનો શબ્દ કહેવાય છે, પરંતુ નિશ્ચયથી તો તે શબ્દ પુદ્ગલસ્વરૂપ જ છે.

હવે બંધનું કથન કરવામાં આવે છે—માટીના પિંડાદિરૂપે જે આ અનેક પ્રકારનો બંધ છે તે તો કેવળ પુદ્ગલબંધ જ છે અને જે કર્મ-નોકર્મરૂપ બંધ છે તે જીવ અને પુદ્ગલના સંયોગરૂપ બંધ છે. વળી વિશેષ :— કર્મબંધથી પૃથગ્ભૂત સ્વશુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી દ્રવ્યબંધ કહેવાય છે તેમ જ અશુદ્ધનિશ્ચયનયથી જે આ રાગાદિરૂપ ભાવબંધ કહેવાય છે તે પણ શુદ્ધનિશ્ચયથી પુદ્ગલબંધ જ છે.

બિલ્વફળ વગેરેની અપેક્ષાએ બોર વગેરેનું સૂક્ષ્મપણું છે અને પરમાણુને સાક્ષાત્ સૂક્ષ્મપણું છે. બોર વગેરેની અપેક્ષાએ બિલ્વ વગેરેનું સ્થૂળપણું છે અને ત્રણ લોકમાં વ્યાપ્ત મહાસ્કંધને વિષે સૌથી અધિક સ્થૂળતા છે.

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાતિક, કુબ્જક, વામન અને હુંડકના ભેદથી છ પ્રકારનાં સંસ્થાન જોકે વ્યવહારનયથી જીવને છે તોપણ સંસ્થાનરહિત ચૈતન્યચમત્કારની પરિણતિથી ભિન્ન હોવાથી નિશ્ચનયથી તે સંસ્થાન પુદ્ગલનાં જ છે. જીવથી ભિન્ન જે કોઈ ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ આદિ વ્યક્ત-અવ્યક્તરૂપ અનેક પ્રકારનાં સંસ્થાન છે તે પણ પુદ્ગલ જ છે. ઘઉં વગેરેના ચૂર્ણરૂપ તથા ઘી, ખાંડ આદિરૂપ અનેક

૧. શ્રી પંચાસ્તિકાય તાત્પર્યવૃત્તિ ગાથા ૭૯ ટીકા.

પ્રકારના (સંસ્થાન) ભેદ જાણવા.

દૃષ્ટિને રોકનાર અંધકારને 'તમ' કહેવામાં આવે છે.

વૃક્ષાદિના આશ્રયથી થનાર તથા મનુષ્યાદિના પડછાયારૂપ જે છે તેને છાયા જાણવી.

ચંદ્રના વિમાનમાં તથા આગિયા વગેરે તિર્યંચ જીવોમાં ઉદ્યોત હોય છે.

સૂર્યના વિમાનમાં અને બીજે પણ સૂર્યકાન્ત મણિ વગેરે વિશેષ પ્રકારના પૃથ્વીકાયમાં આતપ જાણવો.

સારાંશ એ છે કે—જેવી રીતે જીવને શુદ્ધનિશ્ચયનયથી સ્વાત્મોપલબ્ધિ જેનું લક્ષણ છે એવો સિદ્ધસ્વરૂપ સ્વભાવવ્યંજનપર્યાય વિદ્યમાન હોવા છતાં, અનાદિ કર્મબંધના વશે સ્નિગ્ધરૂક્ષસ્થાનીય (—જેમ પુદ્ગલ અને પુદ્ગલ બંધમાં (સ્નગ્ધરૂક્ષત્વ નિમિત્તભૂત હોય છે તેમ જીવ-પુદ્ગલના બંધમાં જે નિમિત્તભૂત હોય છે એવા-) રાગ-દ્વેષ-પરિણામ થતાં સ્વાભાવિક પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સ્વાસ્થ્યભાવથી ભ્રષ્ટ નર-નારકાદિ વિભાવવ્યંજનપર્યાયો થાય છે; તેવી રીતે પુદ્ગલને પણ નિશ્ચયનયથી શુદ્ધપરિમાણુરૂપ અવસ્થા જેનું લક્ષણ છે એવો સ્વભાવવ્યંજનપર્યાય હોવા છતાં, 'સ્નિગ્ધરૂક્ષપણાથી બંધ થાય છે' એ વચનથી રાગ-દ્વેષસ્થાનીય બંધયોગ્ય સ્નિગ્ધરૂક્ષત્વપરિણામ થતાં, ઉપર કહેલા શબ્દાદિકથી અન્ય પણ, આગમોક્ત લક્ષણવાળા સંકોચ-વિસ્તાર, દહીં-દૂધ વગેરે વિભાવવ્યંજનપર્યાયો જાણવા.

આ રીતે અજીવ અધિકારને વિષે પૂર્વસૂત્રમાં કહેલા રૂપાદિ ચાર ગુણયુક્ત અને આ સૂત્રમાં કહેલ શબ્દાદિ પર્યાયસહિત, અણુ અને સ્કંધરૂપ ભેદવાળા પુદ્ગલદ્રવ્યના સંક્ષેપવ્યાખ્યાનની મુખ્યતાથી પ્રથમ સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. ૧૬.

...

**ગાથા-૧૬, પ્રવચન-૧**

જ્ઞાનસ્વભાવ છે કે ચૈતન્યસ્વભાવને જાણતા આ જડની પર્યાય જડથી થાય તેનો એ જ્ઞાતા છે. એ જડની પર્યાયનું અસ્તિત્વ આત્માને લઈને નથી. એ ત્યાં વિભાવ વ્યંજનપર્યાય... સમજાણું? ઘટ-ઘટ. ઘડો આવ્યું ને કાલે? જેઠાલાલભાઈ! આ ઘડો કોઈ કરતું નથી. (દુનિયાથી) ઊંધી વાત છે અહીંની. એ ઘડો એ જાતના પુદ્ગલોનો બંધ નામ સંબંધ ઘણા પુદ્ગલદ્રવ્યથી થાય છે. આત્માને લઈને કંઈ થતું નથી. આત્મા માને કે મારે લઈને થાય. એને લઈને મિથ્યાત્વ થાય. ભ્રમણા થાય, અજ્ઞાન થાય પણ પરમાં કાંઈ થાતું નથી. ઘટ ન કરે. લ્યો! ઘડો-ઘડો. એ આ મકાન. ત્યારે ખુલાસો કર્યો હતો. પુદ્ગલોનું મકાન ભેગા થાય.

આમાં તો એવો અર્થ જરી ઉઠ્યો મગજમાં કે ઘડો, મકાન, લાડવા, દાળ, ભાત, શાક કે આ લાખ ને લાકડા ભેગા થવા એમાં જીવનું અમુક કાળે નિમિત્ત છે અને પછી તો એમ ને એમ એ રહે છે. માટે પુદ્ગલનો વ્યંજનપર્યાય પુદ્ગલથી થાય છે એમ કહ્યું છે. અમુક જ છે પછી ચાલુ રહે છે માટે આમ નાખ્યું છે. પછી એ બીજો અધિકાર બીજી જાતનો આવશે, જુઓ! એ વાત તો આપણે ઓલા પંડિત સાથે થઈ ગઈ હતી. વાત સમજાય છે કાંઈ?

ઘડો થવો, મકાન થવું, લાડવો થવો, લાકડાને લાખનું ચોંટવું એ વખતે મનુષ્ય આદિનું અમુક કાળ જ નિમિત્ત છે. બાકી એ બંધ એમ ને એમ કાયમ ઘણો કાળ રહે છે. માટે ખરેખર તો એ પુદ્ગલનો જ બંધ છે. એ પુદ્ગલનો દ્રવ્ય-વ્યંજન વિભાવપર્યાય છે. એ આત્માને લઈને થયેલો નથી. જો આત્માને લઈને ઘડો થયેલો હોય તો કુંભાર નીકળી જતા ઘડો રહેવો ન જોઈએ. આત્માને લઈને જો મકાન થયું હોય; એના શું કહેવાય? કારીગરો. કડિયા. તો કડિયા નીકળી ગયા પછી રહેવું ન જોઈએ. એ એનો વ્યંજન વિભાવપર્યાય એને લઈને થયેલો છે. અજ્ઞાનીની અલ્પકાલિન દૃષ્ટિ સંયોગને જોનારી (છે) એટલે એ વખતે આ થયું પછી એને કારણે આ ટકી રહ્યું છે (એમ અજ્ઞાની જોવે છે). એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ. ફૂલચંદભાઈ! આ ઘર કોઈએ કર્યું નથી. જો એણે કર્યું હોય તો એ ન હોય તો આ રહેવું ન જોઈએ. ભાઈ! આ તો રહે છે એમ ને એમ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આમ ને આમ રહે છે. આ મકાન જુઓ ઘણા વર્ષથી છે. જો કર્તાથી, કર્તાના અસ્તિત્વે આનું અસ્તિત્વ હોય, નિમિત્તના અસ્તિત્વે જે કુંભાર, કારીગર ને કડિયાના અસ્તિત્વે આનું અસ્તિત્વ હોય તો આ અસ્તિત્વ આમ રહેવું ન જોઈએ. માટે આચાર્યદેવ કહે છે કે ઘડો અને ઘર અને લાડવા એ બધાનું બંધન કેવળ પુદ્ગલની દ્રવ્ય વિભાવ વ્યંજનપર્યાયને લઈને થયેલું છે. દલીચંદભાઈ! સમજાય છે આમાં?

આત્મા એનો જાણનાર-દેખનાર (છે). જે ક્ષણે સંયોગી ક્ષણિક નિમિત્ત ઘરમાં, મકાનમાં અથવા ઘટમાં, પટમાં, રથમાં જે ચીજો બને એ વખતે ક્ષણિક અમુક કાળનું નિમિત્ત હોય. એના અસ્તિત્વથી જો એનું અસ્તિત્વ હોય (તો એના) નીકળી ગયા પછી એ બધી ચીજો રહેવી ન જોઈએ. એ તો એક ક્ષણિક છે એ વાતને ગૌણ કરી નાખી. એ ચીજ જ પોતાને કાળે એ રીતે બંધના વિભાવ—વિકાર વ્યંજનપર્યાયને પ્રાપ્ત થયેલો એ પુદ્ગલ જ છે. એનું અસ્તિત્વ કોઈ જીવને લઈને નથી. કહો, સમજાય છે કાંઈ? આમ જ્ઞાનમાં જડની સ્વયંસિદ્ધ સ્વતંત્ર વિભાવિક વિકારી પર્યાયની વાત છે. કેટલાક કહે છે કે વિકારી હોય ત્યાં તો નિમિત્ત હોય. વિકારી હોય તો નિમિત્ત હોય. પણ અહીં તો કહે છે કે નિમિત્ત નીકળી ગયા પછી કેમ એમ ને એમ રહી ગયું આ બધું? લાડવા એમ ને એમ રહે છે, દાળ-ભાત રહે છે,

ઢેબરા રહે છે. રોટલીની વણનારી તો અમુક વખત હોય. પછી રોટલી તો એમ ને એમ પાંચ, સાત, દસ કલાક પડી રહે છે. માટે એ બંધન જે છે પરમાણુના પુદ્ગલનું બંધન એ પુદ્ગલની દ્રવ્ય વિભાવિક વિકારી વ્યંજન પર્યાય છે. એ પુદ્ગલને લઈને થયેલી છે. જીવને લઈને નહિ. જીવને લઈને હોય તો જીવ ખસી ગયા પછી એ વસ્તુ રહેવી જોઈએ નહિ. કટકા થઈ જવા જોઈએ. મોહનભાઈ! સમજાય છે કાંઈ આમાં? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— બનાવનાર તો છેને?

ઉત્તર :— બનાવનાર વયો ગયો. ન્યાં ક્યાં બનાવનાર હતો?

અહીં કહે છે, માટીનો પિંડ થવો, ઘડો થવો, મકાન થવું, લાડવા વળવા. લાડવા વાળનારો કહે, મારાથી લાડવો વળ્યો. પણ એ તો દસ કલાક, પચ્ચીસ કલાક પડ્યો રહે, એનો હાથ તો ખસી જાય છે. જો એને લઈને હોય તો હાથ ખસી જતા લાડવાનો ભુક્કો થઈ જવો જોઈએ. એમ વસ્તુનું સ્વરૂપ નથી. એનો પુદ્ગલ દ્રવ્યનો વિભાવિક વ્યંજનપર્યાય એને કારણે થાય છે. એ આત્માએ જાણવું જોઈએ. એ થાય છે ને થયો. થાય છે, થયો ને રહ્યો. થાય છે, થયો ને રહ્યો. વજુભાઈ! આત્માથી થયું નથી. ઓલું મોટું મકાન-બકાન નહિ? મોટા આવડા ગોળા મૂક્યા છે. કહે છે, હરામ કાંઈ મૂક્યું હોય તો. અભિમાન અને રાગ કર્યો હતો જીવે. એ એને કારણે થયુ. અહીં બેચરભાઈ અહીં છે તો ત્યાં મકાન ઊભું છે ત્યાં. જો એમનાથી હોત તો આજ અહીં આવ્યા, ત્યાં રહેત નહિ. એમ છે નહિ. જેઠાલાલભાઈ! શું આ થયું? બોટાદનું મકાન ને એકેય મકાન કોઈ કરતા નથી. તમારે લઈને કાંઈ નથી. કહો, સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞના જ્ઞાનમાં જડનો જે સમયનો જે... વિકારી પર્યાયની વ્યાખ્યા ચાલે છે આ, તે સમયે જેનો જે (પર્યાય) થયો સંયોગના બંધના સ્કંધમાં તે તેના દ્રવ્યનો પર્યાય છે. એ પર્યાય કોઈને લઈને થયેલો નથી. કહો, સમજાણું કાંઈ? ઘટ, ઘડો, મોદક આદિ બધું લઈ લેવું. આ લૂગડાની ઘડ પડે છે, ઘડ ઉખડે છે. જુઓને, આમ ઘડ વાળે છે ને? માણસ કહે, ઘડ મેં વાળી. લૂગડાની ઘડ. ભાઈ આમ સરખી વાળે છે ને. તું વાળે તો નીકળી ગયા પછી ઘડ રહેવી ન જોઈએ. એ ઘડ ઘડને કારણે વળેલી છે. એ જીવને કારણે વળેલી હોય તો જીવ કારણ નીકળ્યા પછી રહેવી ન જોઈએ. એવો સંબંધ અહીંયાં ટીકાકારે સ્પષ્ટ કરી નાખ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'**કેવલ પુદ્ગલ બંધ હી હૈ.**' એકલો પુદ્ગલનો બંધ છે. '**ઔર...**' હવે ભાઈ ઓલો નિમિત્ત સંબંધ સાથે રહે છે એની વ્યાખ્યા કરે છે. ...ભાઈ! ઓલામાં તો નિમિત્ત અમુક કાળે રહીને છૂટી જાય છે (અને આ) એમ ને એમ પડ્યું રહે છે. માટે એને પુદ્ગલ બંધ ગણી નાખ્યો. '**ઔર જો કર્મ નોકર્મરૂપ બંધ હૈ...**' આત્મા અને કર્મ શરીર, કર્મ અને નોકર્મ શરીર એનો બંધ એ '**જીવ તથા પુદ્ગલ કે સંયોગ સે ઉત્પન્ન બંધ હૈ.**' કેમ

કે જીવ અને કર્મનો શરીરનો નિમિત્ત-નિમિત્ત સંબંધ હોય ત્યારે જ એ રહે છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ છૂટતા કર્મ અને શરીર ને આત્મા જુદા પડી જાય છે. ..ભાઈ! શું કહ્યું? સમજાય છે કાંઈ? ખીમચંદભાઈ! શું કહ્યું આ? ઓલી વાત કુદરતે તે દી ન્યાય આપ્યો હતો ઓલામાં. ઓલા પંડિત સાથે ભાઈ. તે દી કુદરતે ચર્ચામાં આવ્યું હતું. આમાં કુદરતે વળી અર્થ જ આવી ગયો. શાસ્ત્રમાં અર્થ આવી ગયો આ. એક પંડિત મોટા આવ્યા હતા એણે ચર્ચા કરી હતી. આ બધું આમ છે. કહે કે એ ન હોય તો કેમ રહે છે આ? એના અસ્તિત્વને લઈને જો આનું અસ્તિત્વ હો તો એ ગયા પછી આ ન રહેવું જોઈએ. એ પહેલો ખુલાસો કર્યો. હવે સમજાણું? આ પુસ્તક-બુસ્તકનું બાંધવું, ફાંધવું, આમ જોડાવું, ખોલાવું, ઢીંકણું થવું એ જીવને કારણે નથી. જીવના અસ્તિત્વને લઈને આનું અસ્તિત્વ નથી. એ બધા પુદ્ગલ પરમાણુના સ્કંધનો જથ્થો વિકારપણે પરિણમવાના કાળે પરિણમીને તે અમુક કાળ સુધી ટકી રહ્યા છે. જીવ એનો જાણનાર છે, જોનાર છે, દૃષ્ટા છે, એનો હું કર્તા કે મારે લઈને આનું અસ્તિત્વ છે એ માન્યતા મિથ્યાભ્રમ અને મિથ્યાદૃષ્ટિની છે. જેઠાલાલભાઈ! આ સોનાના ઓલા રસ.. ભાઈ! ઈ પણ આમ પડે ને, રાતો થાયને સરખો. ઊનું-ઊનું થઈને રસ થઈને પછી ઓલો થઈ જાયને ઢાળો ઢાળે. કોણે ઢાળ્યો ઢાળો? ઢાળિયો કોણે ઢાળ્યો? એ પુદ્ગલની વિભાવિક દ્રવ્ય વ્યંજનપર્યાય થઈ છે. જીવને લઈને થયેલી નથી. જીવને લઈને થાય તો જીવ હોય ત્યાં સુધી રહે અને પછી ત્યાં એ ઢાળિયા થઈ જાય પરમાણુ છૂટા. છૂટા થઈ જાય. સ્કંધરૂપે અને પિંડરૂપે રહે નહિ. પણ પિંડરૂપ એનું અસ્તિત્વ કાયમ અમુક કાળ સુધી રહે છે માટે જીવને લઈને ઢાળિયો અને ઢાળ થયો નથી. જેઠાલાલભાઈ! ભારે ઊંધી વાત જગતથી ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ... હાજર હતો, તો ગયા પછી ભુક્કા થઈ જવા જોઈએ એના. બસ, માટે ૨૫-૫૦ વર્ષ સુધી એમ ને એમ ૧૦૦ વર્ષ રહે. માટે એના પોતાના વ્યંજનપર્યાય, વિકારી વ્યંજનપર્યાયની યોગ્યતાથી રહેલું છે. બીજું કારણ-ફારણ કોઈ એમાં છે નહિ. કાળનું નિમિત્ત તો બધાને માટે છે. કહો, સમજાય છે?

આમ સ્વતંત્ર વિભાવિક પરમાણુના સ્કંધરૂપ પિંડને પણ તેને કાળે તે વિકારી અવસ્થા થાય. મારે કાળે મારા દ્રવ્યને આશ્રયે મારું જ્ઞાન થાય છે, પરને આશ્રયે થતું નથી. એમ સમજણ કરવી, એમ શ્રદ્ધા કરવી એનું આ ફળ છે. આ જાણીને આ હેય છે પણ જાણનારો આત્મા હેય નથી. જાણનારો આત્મા જ્ઞાયક છું, જાણનાર છું. આ થાય છે. કેમ? 'કેમ' એવો અહીં વિકલ્પને અવકાશ નથી. અને 'કેમ' એવી એની અવસ્થાને પણ અવકાશ નથી. એ જડની અવસ્થા જડને કાળે તેને કાળે થાય છે. આત્માને કારણે છે નહિ. લ્યો, એમાં ઘણા બોલ આવ્યા. ઘડો ને મકાન ને લાડવો ને દાળ ને ભાત ને શું કહેવાય એ બધું?

સમજાણું? ઢાળિયા ને આ લોટના ગોરણા ને આમ કરવું ને આમ બાંધવું ને આ રોટલી આમ હોય પછી આમ આમ કરે ને નાખે ને આમ આમ થાય છેને? એ બધો પુદ્ગલ દ્રવ્યનો વિભાવિક વ્યંજનપર્યાય છે. આત્માના અસ્તિત્વને લઈને તો આત્મા આ પોતે ટકી રહ્યો છે. આત્માના હોવાને લઈને એ સ્કંધનું હોવાનું થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી.

હવે કર્મ ને નોકર્મરૂપ બંધન. આઠ કર્મના રજકણો છે એ પણ પુદ્ગલદ્રવ્યનો વિભાવિક દ્રવ્ય વ્યંજનપર્યાય છે. સમજાય છે? આઠ કર્મ જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મ એ પુદ્ગલદ્રવ્યનો વિભાવિક વ્યંજનપર્યાય (છે), એને જીવને નિમિત્તપણું ઊભું છે. પણ છે પુદ્ગલના કાળે તેનો દ્રવ્ય વ્યંજનપર્યાય થયેલો. અહીં નિમિત્ત પણ ઊભું છે. ઓલામાં નિમિત્ત પણ ઊભું રહેતું નથી. અહીં નિમિત્ત પણ ઊભું રહે છે એટલી વ્યાખ્યા. માટે ઓલા બંધથી આની જુદી વ્યાખ્યા કરી છે. શું કહ્યું સમજાણું કાંઈ?

આઠ કર્મ અને આ શરીર. ભાઈ! એ તો ઠેઠ સુધી જ્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ચૌદમું ગુણસ્થાન છે ત્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ચાલુ રહે છે. અહીં આત્માની યોગ્યતા છે. કર્મ ને શરીરને રહેવાની કર્મ ને શરીરને કારણે યોગ્યતા છે. એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ પૃથક્-પૃથક્ પોતાના કાર્યથી પરિણમી રહ્યા છે. પણ ઓલા બંધમાં નિમિત્તપણું ત્યાં હાજર રહેતું નથી. અને આમાં હાજર (છે) એટલી વાતનો ખુલાસો કર્યો. બાકી છે તો પુદ્ગલદ્રવ્યની વ્યંજનપર્યાય. આ શરીર એ આત્માનું બાંધ્યું રહેતું નથી. આત્માનું રાખ્યું રહેતું નથી. આત્માએ આને બાંધ્યું નથી. આઠ કર્મના રજકણો આત્માએ બાંધ્યા નથી. એ કર્મના રજકણોમાં પિંડ થવાની જે વર્ગણામાં તાકાતને કાળે તે થયા છે. ફક્ત જીવનું નિમિત્ત થાય છે. નિમિત્તનો કાળભેદ છે એમ નથી. આને નિમિત્ત ક્યારે કહેવું? પણ અહીં નૈમિત્તિક જડ અને કર્મ અને શરીરમાં નૈમિત્તિક અવસ્થા સ્વતંત્ર પોતાને કારણે થઈ છે. જીવને નિમિત્ત કહેવાય. એ માટે બંધમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો એક બંધ જુદો સમજાવ્યો છે. કહો, સમજાણું કાંઈ?

**'કર્મ-નોકર્મરૂપ બંધ હૈ વહ જીવ તથા પુદ્ગલ કે સંયોગરૂપ...'** સંયોગ શબ્દે નિમિત્ત. સંયોગસે એટલે નિમિત્તમાં ત્યાં આગળ બે ઉભા દેખાય છે. મકાનમાં, લાડવામાં, ઘરમાં નિમિત્તપણું જોડે ઊભું રહ્યું દેખાતું નથી. પણ છે તો તે પણ પુદ્ગલને જ કારણે અને આ પણ છે તો કર્મ અને નોકર્મ પુદ્ગલને જ કારણે. પણ એ નિમિત્તપણું જોડે ઊભું છે. એટલો બંધનો બીજો પ્રકાર જણાવવા વ્યાખ્યા કરી છે. ભાઈ! સમજાણું? ઓહોહો..!

આ શરીર, આ આંગળી આમ વીચાય, મુઠી થાય, આ થાય એ પુદ્ગલદ્રવ્યનો વિભાવ વ્યંજનપર્યાય છે. આત્માના અસ્તિત્વને લઈને નહિ. હા, તેમાં આત્માનું એક નિમિત્તપણું ઉપસ્થિત હાજર છે. પણ એને લઈને અહીં નહિ. લાડવામાં તો લાડવો વાળ્યા પછી લાડવો પડ્યો પણ રહે છે. અહીં એમ નથી. અહીં નિમિત્તપણું સદાય ઉભું છે. નૈમિત્તિકપણાની પર્યાય

પણ સદાય જડમાં જડને કારણે થયા કરે છે. ભાઈ!

'**કર્મ-નોકર્મરૂપ બંધ હૈ વહ જીવ ઔર પુદ્ગલ કે સંયોગરૂપ બંધ હૈ.**' નિમિત્તપણું ત્યાં ઉપસ્થિત છે. ઓલામાં નિમિત્તપણું થવા વખતે હતું પછી લાંબે કાળે નહોતું એટલે બંધના બે પ્રકાર ટીકાકારે સ્પષ્ટ કરીને જુદા પાડ્યા. વાત સમજાય છે કાંઈ? એ પુદ્ગલ જડનો વિભાવી પર્યાય કર્મનો, શરીરનો છે આ. આત્માથી થયેલો નથી. આત્મા ધ્યાન રાખે માટે આની નિરોગ અવસ્થા કરે, આત્માને ધ્યાન ન રહે માટે આને રોગ થાય એ વાતમાં કાંઈ માલ નથી. જેઠાલાલભાઈ! આ ઊભા ડોક્ટર છે, હોં! તમે રોગનું કીધું, આ ડોક્ટર છે. ભાઈ ડોક્ટર હોય તો નિરોગ થાય અને ડોક્ટર ન હોય તો રોગ રહે એમ છે? એ શરીરનો પુદ્ગલ દ્રવ્યનો વિભાવિક વિકારી દ્રવ્યપર્યાય દ્રવ્યનો પર્યાય છે આ. એ પુદ્ગલ દ્રવ્યનો વિકારી પર્યાય (છે). આત્માને લઈને કાંઈ એ અસ્તિત્વ રહેતું નથી. કહો, સમજાણું?

જુઓ! ઉલટી થાય, અંદર પાચન થાય. આ દસ્ત જરી બંધકોષ જરી કઠણ હોય તો જાળવી રખાય પાંચ મિનિટ કે પછી છૂટો પડે. તાકાત નથી તારી. કહો, નિરોગ શરીર હોય તો એમ લાગે કે .. પા કલાક સુધી બહાર જાય ત્યાં સુધી ધારી રાખે કે નહિ દસ્તને? નીકળવા દે? હરામ વાત છે, ખોટી છે. મૂઢને માન્યતા થઈ ગયેલી છે. એ શરીરના પર્યાયમાં પુદ્ગલ સ્કંધ રહેવા હોય તો રહે. નહિતર છૂટા પડી ફડાક દઈને. બંધકોષ છૂટો પડીને ત્યાં ને ત્યાં રહીને લૂગડું બગડી જાય. તારો ભાર નથી કે પુદ્ગલના સ્કંધની વિભાવિક પર્યાયનો કાળ જે રહેવાનો કે છૂટો પડવાનો તારો અધિકાર એમાં નથી. ...ભાઈ! ભારે વાત ભાઈ! પેશાબની ખણક થઈ હોય તો જરી પાયખાના સુધી જાય ત્યાં સુધી આવવા દે છે? એ આત્માના હાથની વાત છે કે નહિ? ઉઠી જાય, કાંઈ એના હાથમાં રહે નહિ. મોસંબીના પાણી નાખ્યા ભેગા હેઠે નીકળી જાય. એક પરમાણુના પુદ્ગલના સ્કંધનો જથ્થો રહેવો હોય તો રહે, છૂટો પડવો હોય તો પડે. એ એની પર્યાયને કારણે વિભાવને કારણે થાય. આત્માને કારણે છે નહિ. હવે જરી વિશેષ વાત લે છે.

'**ઔર યહાં પર વિશેષ યહ જાનના ચાહિયે...**' અહીંયાં પણ વિશેષ ખાસ વાત તો એ જાણવી જોઈએ. એમ કહે છે. આ બે તો જાણવાની વાત પહેલી કરી. '**કર્મબંધસે ભિન્ન જો નિજશુદ્ધાત્મા હૈ...**' કેવો છે ભગવાન આત્મા? '**કર્મબંધનસે ભિન્ન...**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે. એ કર્મના પુદ્ગલના દ્રવ્ય વિભાવ વ્યંજનપર્યાયથી ભિન્ન તત્ત્વ છે. એ પુદ્ગલ કર્મ જે આઠ કર્મ જે દ્રવ્ય વિભાવ વ્યંજનપર્યાય છે એનાથી ભગવાન આત્મા જુદો છે. એવો જે નિજ શુદ્ધાત્મા—નિજ શુદ્ધ આત્મા છે.

'**ઉસકી ભાવના સે રહિત...**' એવો ચિદાનંદ જ્ઞાયક આત્મા છું. કર્મ ને મારે સંબંધ નથી. હું જ્ઞાયક ચૈતન્ય જ્યોત અનંત ગુણનો પિંડ નિર્મળાનંદ શુદ્ધ નિર્દોષ આત્મા છું. એવી જેને શ્રદ્ધા નથી, એવું જેને જ્ઞાન નથી, એવી જેને સ્વરૂપ સન્મુખ રમણતા નથી એને,

કહે છે કે નિજ આત્મા '**શુદ્ધાત્માકી ભાવના સે રહિત...**' એની ભાવના ન કરતાં રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ ને દેહક્રિયા મેં કરી, પરની ક્રિયા કરી, કર્મબંધન મેં કર્યું, શરીરની ક્રિયા કરી, સંસારની વ્યવસ્થાની અવસ્થા મેં કરી, એવી ભાવનાવાળો '**જીવકો અનુપચરિત અસદ્ભૂત વ્યવહારસે દ્રવ્યબંધ કહલાતા હૈ...**' ભાઈ! જ્ઞાનીને દ્રવ્યબંધ છે નહિ એમ કહી દીધું.

શું કહે છે ધ્યાન રાખજો. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા, ધર્મી જીવને એ કર્મ પુદ્ગલદ્રવ્યનો વિભાવ વ્યંજનપર્યાય એનું અસ્તિત્વ મારામાં નથી. હું તો જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનાનંદ મૂર્તિ છું. એવું જેને અંતર ભાન છે એને કહે છે કે દ્રવ્યબંધન જ નથી. એ આઠ કર્મનું એને બંધન જ નથી. કેમ કે બંધરહિતની અબંધ સ્વભાવ દૃષ્ટિ અબદ્ધસ્પૃષ્ટ અબદ્ધસ્પૃષ્ટ—કર્મથી બંધાયેલો નથી એવો હું આત્મા (છું). જુઓ! અહીં દ્રવ્યદૃષ્ટિનું વર્ણન કરે છે. મારો આત્મા જડથી બંધાયેલો નથી. ચિદાનંદ છે, જ્ઞાયક છે એવી દૃષ્ટિમાં એને દ્રવ્યબંધ ગણ્યો નથી. દલીચંદભાઈ! સમજાય છે કાંઈ?

પણ કોને આઠ કર્મનું બંધન છે? કે કર્મથી રહિત બંધનથી રહિત સ્વભાવે અબંધસ્વભાવી ભગવાન એની શ્રદ્ધા-જ્ઞાન અને સન્મુખ પરિણામની રમણતા રહિત એટલે કે સ્વભાવની વિભાવ—સ્વભાવથી વિમુખ પુણ્ય-પાપને આ કરું, દાન કરું, ભક્તિ કરું, વ્રત કરું, વિકલ્પ કરું તો કલ્યાણ થાય એવી મિથ્યાભાવનાવાળો જીવ એને '**અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર સે દ્રવ્યબંધ કહલાતા હૈ.**' એવા જીવને અનુપચરિત-એ કર્મનું નજીકપણું છે. જેમ સ્ત્રી અને મકાન જુદા બહુ દૂર છે એમ નથી. એટલે અનુપચરિત કીધા. આમ ઉપચારરહિત આમ નજીક સંબંધ છે કર્મનો. અસદ્ભુત. એને પણ કાંઈ આત્મામાં એ કર્મ પેસી ગયા નથી માટે અસદ્ભુત. એ વ્યવહાર એ નિમિત્ત છે માટે. એને વ્યવહારનયથી દ્રવ્યબંધન છે. જ્ઞાનીને દ્રવ્યબંધ છે નહિ. શું કહ્યું સમજાણું કાંઈ?

ભાઈ! વાત તો બે વ્યાખ્યા કરી. ઓલા બંધની, લાડવાની, ઘટની, એને કારણે થઈ. પછી કર્મ, નોકર્મમાં જીવનું નિમિત્તપણું છે. પણ હવે અહીં નિમિત્તપણું ઉડાવ્યું. ભાઈ! ઓલું જે કીધું ને (સમયસાર) ૧૦૦મી ગાથામાં? નવા કર્મને નિમિત્ત જ અજ્ઞાની છે. જ્ઞાની નવા કર્મના બંધને નિમિત્ત જ નથી. એ તો સ્વભાવ જ્ઞાયક ચૈતન્યની અધિકતાએ પરિણમતો એના બંધના ભાવને છોડતો, સ્વભાવ અબંધરૂપે પરિણમી રહ્યો છે. એટલે જ્ઞાનીને અનુપચાર, અનુપચાર એટલે ઉપચાર નહિ એવું બંધન જ્ઞાનીને નથી. અજ્ઞાનીને અનુપચાર એવો સંબંધ કર્મનો અસદ્ભુત નામ આત્મા કર્મરૂપે નથી થયેલો માટે તેને અસદ્ભુત કહ્યો. ઓલો કર્મ.

'**વ્યવહારસે દ્રવ્યબંધ કહલાતા હૈ.**' અજ્ઞાનીને એ અનુપચાર અસદ્ભુત વ્યવહારનયથી બંધ છે. કેમ કે એને આત્માની ભાવના નથી. અબંધ સ્વભાવી... અબંધ સ્વભાવી... અબંધ સ્વભાવી અબદ્ધસ્પૃષ્ટ છું. ચિદાનંદ જ્ઞાયક છું, મારા સ્વભાવમાં બંધ નથી. દ્રવ્ય વસ્તુ મુક્ત

છે. વસ્તુ ચિદાનંદ દ્રવ્ય જ મુક્તસ્વરૂપ છે. એવા મુક્તસ્વરૂપની ભાવના જેને નથી અને બંધસ્વરૂપ એવી પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, વર્તમાનબુદ્ધિમાં જોડાયેલો છે એને અનુપચરિત અસદ્ભુત વ્યવહારથી બંધન છે. વાત સમજાય છે કાંઈ? જુઓ! આ અધિકાર બહુ સરસ છે હોં! પણ જરી સમજવા જેવી વાત છે. દુનિયાએ બહારથી માંડી છે અને વાસ્તવિક પદાર્થ શું? હજી વાસ્તવિક એ આ પદાર્થના કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ? એટલો પણ જેને વિવેક કરતા ન આવડે એને તેના કહેલા તત્ત્વોમાં રાગરહિત ચૈતન્યતત્ત્વ કોણ છે? એ પ્રતીત કરતાં આવડે નહિ.

જુઓ! આચાર્યદેવ નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કહે છે કે બંધન એ આત્માનું સ્વરૂપ (નથી). પુદ્ગલની વ્યાખ્યા ચાલે છે ને. પુદ્ગલના બંધની પર્યાય કર્મ-નોકર્મની છે ને? કે કર્મ-નોકર્મ પુદ્ગલનો પર્યાય છે. મારામાં પર્યાયમાં નથી. મારો પર્યાય જ્ઞાયક દ્રવ્યસ્વભાવના અધિકપણે તરતો અબદ્ધસ્પૃષ્ટપણે વિષય છૂટાપણાને પામતો રાગ અને શરીરની એકતાપણાને તોડતો, સ્વભાવસન્મુખ એકપણે (રહેતો) માટે જ્ઞાનીને વ્યવહારે પણ બંધન નથી. સમજાય છે કાંઈ? ઓલું બંધન હોય તો પણ ગણ્યું નથી. કારણ કે છૂટતો જાય ને છૂટતો જાય. છૂટતો જાય માટે છૂટતો જાય. હું અબદ્ધસ્પૃષ્ટ છું. આત્મા એકાકાર જ્ઞાયક ચૈતન્યજ્યોત છે. એનામાં દયા, દાન, વ્યવહાર, રાગ એ મારામાં છે નહિ. એ હમણાં કહેશે. કર્મ-ફર્મ તો નથી પણ વિકાર પણ મારામાં નથી. એવી દૃષ્ટિના વિષયના દ્રવ્યસ્વભાવને અંતરમાં લેતો, અંતર સન્મુખ થતો, એની ભાવના જેને છે એને વ્યવહારે પણ બંધન છે નહિ. એની ભાવના જેને નથી, કોની? નિજ શુદ્ધાત્માની. નિજ શુદ્ધાત્મા દ્રવ્ય લીધું છે એકલું. બંધનરહિત નિજ શુદ્ધાત્મા ચિદાનંદ અનંત ગુણની ખાણ, આનંદનો સાગર, અમૃતનો પિંડ પ્રભુ હું છું. જુઓ! ઓલા બંધની સામે પિંડ લીધો ચૈતન્ય.

આત્મા દ્રવ્યસ્વભાવે અમૃતસ્વરૂપ છું. એવી જેની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા નહિ ને પરસન્મુખ જેની રમણતા છે. વ્યવહારથી કલ્યાણ થાશે ને આનાથી કલ્યાણ થાશે, આનાથી કલ્યાણ થાશે. માટે નિમિત્તોને મેળવો અને રાગને ઉત્પન્ન કરો અને સારા સારા પ્રશસ્ત રાગ નવા નવા કરો. એવી બંધબુદ્ધિવાળાને નવું બંધન અને અસદ્ભુત વ્યવહારનય બંધન છે. એ બંધન પુદ્ગલદ્રવ્યનો વિભાવિક વ્યંજનપર્યાય છે. જીવમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

હવે વધારે વાત તો હવે લે છે થોડી. '**ઉસી પ્રકાર અશુદ્ધનિશ્ચયનયસે જો રાગાદિરૂપ ભાવબંધ કહલાતા હૈ...**' આત્મા જ્ઞાયકસ્વરૂપ દ્રવ્યસ્વભાવે, વસ્તુ સ્વભાવે ચિદાનંદ અને નિર્મળાનંદ પવિત્ર હોવા છતાં એની પર્યાય નામ દશા નામ અવસ્થામાં અશુદ્ધનિશ્ચય મલિનતાનો જે પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન વિકલ્પ ઉઠે છે એ અશુદ્ધ છે. નિશ્ચય (કેમકે) એની પર્યાયમાં થાય છે, એની દશામાં થાય છે. અશુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ '**યહ રાગાદિરૂપ ભાવબંધ કહા જાતા હૈ...**' ભાવબંધ પુણ્ય-પાપ મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષ અજ્ઞાન એ વિકારની

અવસ્થા જીવની પર્યાયમાં થાય છે. જીવની અવસ્થામાં થાય છે. એ કર્મની અવસ્થા નથી. એ જડની અવસ્થા નથી. જુઓ! પુદ્ગલદ્રવ્યની વિભાવ પર્યાય નથી. એની સામે નાખવું છે અહીં. જીવનો એ વિભાવ પર્યાય છે. સમજાય છે કાંઈ?

ત્યાં તો કીધું હતું, ભાવના રહિતને દ્રવ્યબંધ છે. ભાઈ! એટલે એનો અર્થ જ એ કે ભાવના રહિતને ભાવબંધ છે. જેમ આત્માની શ્રદ્ધા-જ્ઞાન દ્રવ્યસ્વભાવ વસ્તુની ખબર નથી એને જડનું બંધન છે. એમ જેને સ્વભાવની ખબર નથી એને ભાવબંધ છે. નહિતર તો દ્રવ્યબંધ નથી ને ભાવબંધ છે. એમ બને નહિ. શું કહ્યું? ભલે અહીં વાત નીચે નથી કરી પણ એમાં આવી ગઈ. '**ઉસકી ભાવનાસે રહિત...**'માં એ વાત આવી ગઈ.

'**ઔર ઈસી પ્રકાર...**' એમ કહ્યું છે ને? જેમ પુદ્ગલદ્રવ્ય કર્મના આઠ કર્મના રજકણો જડ વિભાવ દ્રવ્ય વ્યંજનપર્યાય એનું બંધન તો નિજ દ્રવ્યના સ્વસન્મુખ પરિણામરહિત જીવને બંધન કરવામાં આવ્યું છે. એમ અશુદ્ધનિશ્ચયથી અજ્ઞાનીએ કરેલો વિકારી ભાવ છે. જડનો પર્યાય હું કરું, પરને હું કરું, પર છે તો મને ઠીક થાય, હું કંઈક બરાબર વિચિક્ષણતા કેળવું તો જગતની, ઘરની, દુકાનની, લક્ષ્મીની વ્યવસ્થા જળવાય. ડોક્ટર દુકાને ત્યાં બેઠા હોય તો સરખું ધ્યાન (રહે), ઓલો કમ્પાઉન્ડર સરખું કરી શકે? ચાલ્યા કરે?

'**ઈસી પ્રકાર...**' જેઠાલાલભાઈ! ડોક્ટર ન્યાં કરતા હોય ને. હું હોઉં તો ઠીક અને કમ્પાઉન્ડર ઠીક (નહિ). એમ તમને એમ હોય કે, હું હોઉં તો ઠીક, છોકરાને આવડે નહિ. બેચરભાઈ! એમ ઓલો શેઠ કહે કે હું હોય તો ચાલે, નોકરને આવડે નહિ. કોને આવડે અને કોને ન આવડે. જગતના પુદ્ગલ પરાવર્તનના પરિણમનને કાળે તે પુદ્ગલ તે પ્રકારની દ્રવ્ય વિભાવિક વ્યંજન પર્યાય થાય છે. એને આત્મા (નિમિત્ત) કર્તા (કહેવામાં આવે છે). અહીં કર્તાનો વિષય નથી, અહીં અસ્તિત્વનો વિષય (છે). એનું અસ્તિત્વ આત્માને લઈને નથી. અહીં અસ્તિત્વનો વિષય છે તેથી આ વાત લીધી છે કે દ્રવ્યબંધનું અસ્તિત્વ અજ્ઞાનીને છે. જ્ઞાનીને ચૈતન્યનું અસ્તિત્વ દૃષ્ટિમાં છે. ભાઈ! તેથી આ વ્યાખ્યા લીધી.

ધર્મી જીવને અસ્તિત્વ હોવાપણું ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ (છું), ભલે વિકલ્પો છે નિમિત્તપણું પણ એની મુખ્યતા નથી. મુખ્યતા વસ્તુના સ્વભાવનું અસ્તિત્વ ચૈતન્યનું, ધ્રુવનું, દ્રવ્યનું અખંડ પરમપારિણામિક સ્વભાવ મારો છે. માટે તે દ્રવ્યદૃષ્ટિના વિષયમાં જ્ઞાનીનું અસ્તિત્વ દ્રવ્યનું-વસ્તુનું છે. એને જડનું બંધનનું અસ્તિત્વ એને નથી. તેમ ભાવબંધનું અસ્તિત્વ જ્ઞાનીને નથી. કારણ કે ભાવબંધ તો એક સમયનો વિકારી પર્યાય છે. ધર્મીની એ પર્યાયબુદ્ધિ ટળીને સ્વભાવબુદ્ધિ થઈ છે.

માટે કહે છે, '**અશુદ્ધનિશ્ચયનયકી અપેક્ષાસે જો યહ રાગાદિરૂપ ભાવબંધ...**' રાગ-દ્વેષ. આમાં વ્યવહારરત્નત્રય આવી ગયા. ભાઈ! ..ભાઈ! સાચા સર્વજ્ઞદેવ એને અનુસારે સાચા શાસ્ત્ર અને એને અનુસારે સાચા સંત ગુરુ આદિ. એની શ્રદ્ધાનો રાગ અશુદ્ધનિશ્ચયનયની

અપેક્ષાએ એ ભાવબંધ છે. ધર્મીને દ્રવ્યદષ્ટિના અસ્તિત્વમાં એ વિકલ્પ હોવા છતાં એને ભાવબંધ ગણવામાં આવ્યો નથી. અબંધસ્વભાવની મુખ્યતામાં ભાવબંધનો જરી વિકલ્પ હોવા છતાં તેને ગૌણ કરી એને અભૂતાર્થ ગણી, એ 'નથી' એમ ગણી એક ચૈતન્યનું અસ્તિત્વ જ્ઞાનીની દષ્ટિમાં રહે છે. માટે ધર્મીને ભાવબંધ પણ છે નહિ. ભાઈ! સમજાણું કાંઈ આમાં?

જ્ઞાયક એક સમયનો ચિદાનંદ આત્મા પરિપૂર્ણ પ્રભુ ઈશ્વર સંપદાવાળો, અનંત ગુણની સંપદાનું અસ્તિત્વ એ મારું છે એમ જ્યાં જ્ઞાનના વિષયમાં ધ્યેયમાં આવ્યું એને વ્યવહારરત્નત્રયનું અસ્તિત્વ દ્રવ્યદષ્ટિના વિષયમાં આવતું નથી. એટલે વસ્તુની દષ્ટિમાં એ વ્યવહારરત્નત્રય અભૂતાર્થ છે. એટલે કે ખોટા છે, એટલે કે વસ્તુમાં એ નથી. પર્યાયમાં છે તો પર્યાયબુદ્ધિ ધર્મીની હોતી નથી. સમજાય છે કાંઈ? નારણભાઈ! જુઓ! જરી આ દ્રવ્યસંગ્રહ. આ દ્રવ્યસંગ્રહમાં સમયસાર. સવારમાં સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં સમયસાર. કેટલાક માણસ કહે સમયસારમાં છે બધું. અહીં આત્મામાં છે. સમયસાર તો પાના છે. આત્મામાં આત્મા હશે કે કોઈ પાનામાં આત્મા હશે?

વાત એ છે, ભગવાન નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી દ્રવ્યસંગ્રહમાં પુદ્‌ગલદ્રવ્યની વ્યંજન વિભાવિક પર્યાયનું વર્ણન કરતાં કહે છે કે જીવનો અબંધસ્વભાવ જાણ્યો એને બંધ છે એમ અમે કહેતા નથી. પણ છતાં અજ્ઞાનીના અશુદ્ધ નિશ્ચયનયથી અજ્ઞાનીને ભાવબંધ છે. અજ્ઞાનીને છે. જેની ચૈતન્યસ્વભાવ વસ્તુ છું, જ્ઞાયક છું એવી દષ્ટિ નથી, એને અશુદ્ધનિશ્ચયથી વ્યવહારરત્નત્રય એ જ હું છું, એ જ હું છું એટલો હું છું, એનાથી મારું હિત અને કલ્યાણ છે એવા અજ્ઞાનીને નિશ્ચયથી ભાવબંધ છે. અશુદ્ધ નિશ્ચયથી ભાવબંધ છે. પણ હવે.. ભાવબંધ સમજાણું? એ અટક્યો છે ને? જ્ઞાયક આમ ચૈતન્ય સ્વભાવી વસ્તુ જાણકસ્વભાવી આત્મા એ અટકેલો ભાવ જે દયા, દાન, ભક્તિ, વ્યવહાર રત્નત્રય એને અશુદ્ધ નિશ્ચયનયથી અજ્ઞાનીને ભાવબંધ છે. કેમ કે એની પર્યાયબુદ્ધિ છે. કેમ કે એની અંશ ઉપર રુચિ છે. અંશીના અસ્તિત્વને સ્વીકારતો નથી. અંશના અસ્તિત્વને સ્વીકારતો અંશીના અસ્તિત્વને ચુકી જાય છે. ધર્મી અંશીના અસ્તિત્વને સ્વીકારતો અંશના અસ્તિત્વને અભૂતાર્થ ગૌણપણે કરતો એનું જ્ઞાન કરે છે પણ એ બંધન મને છે એમ દ્રવ્યદષ્ટિમાં સ્વીકાર નથી. સમજાય છે કાંઈ?

લ્યો! ધર્મ કેમ થાય? આ પુદ્‌ગલદ્રવ્યની વિભાવી વ્યંજનપર્યાયમાં આ અધિકાર નાખ્યો. ટીકાકારની શૈલી...! શું કરવા આ નાખ્યું? કે આ શબ્દને બંધ કહેવાય છે એ બંધને ખબર છે? શબ્દને ખબર છે? ખબર તો જ્ઞાયકને છે. જ્ઞાયકને તો વસ્તુદષ્ટિ થઈ ત્યારે જ્ઞાન થાય છે. એ જ્ઞાનવાળો જાણે છે કે રાગ અને બંધ છે એનો હું જ્ઞાતા છું. એ રાગ અને કર્મબંધન એ મારા અસ્તિત્વમાં નથી. મારા ત્રિકાળ અસ્તિત્વમાં વિકાર અને કર્મની નાસ્તિ છે. અને વિકાર અને કર્મમાં મારા ચૈતન્યના ત્રિકાળી દ્રવ્યના અસ્તિત્વનું નાસ્તિત્વ છે. બેયમાં નાસ્તિ લીધું. વસ્તુના સ્વભાવમાં વિકારનું નાસ્તિત્વ અને કર્મનું નાસ્તિત્વ છે. વિકાર વર્તમાન એક ક્ષણિક અને કર્મ એમાં આત્મદ્રવ્યનું નાસ્તિત્વ છે. એકના અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ રહી શકતું નથી. એટલે કહે છે કે અજ્ઞાનીને અશુદ્ધ નિશ્ચયથી...

अथ शुभाशुभमनोवचनकायनिरोधे कृते सत्यात्मनि स्थिरो भवति तदेव परमध्यानमित्युपदिशति :--

मा चिट्ठह मा जंपह मा चिन्तह किंवि जेण होइ थिरो।
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे ज्झाणं।।५६।।

मा चेष्टत मा जल्पत मा चिन्तयत किम् अपि येन भवति स्थिरः।
आत्मा आत्मनि रतः इदं एव परं ध्यानं भवति।।५६।।

મન-વચ-કાય-ચેસટા તજો, જિમ થિર ચિત્ત હોય નિજ ભજો;
આપા માહિ આપ રત સોય, પરમધ્યાન ઈમ કરતૈં હોય. ૫૬.

હવે શુભાશુભ મન-વચન-કાયાનો નિરોધ કરતાં આત્મામાં સ્થિર થાય છે તે જ પરમધ્યાન છે એમ ઉપદેશે છે :—

ગાથા-૫૬

ગાથાર્થ :— (હે ભવ્યો!) કાંઈ પણ ચેષ્ટા ન કરો, કાંઈ પણ ન બોલો, કાંઈ પણ ચિંતવન ન કરો, જેથી આત્મા નિજાત્મામાં તલ્લીનપણે સ્થિર થઈ જા. આ જ (આત્મામાં લીનતા જ) પરમ ધ્યાન છે

ટીકા :— 'मा चिट्ठइ मा जंपह मा चिंडतह किंवि' હે વિવેકી પુરુષો! નિત્ય નિરંજન અને નિષ્ક્રિય એવા નિજ શુદ્ધાત્માની અનુભૂતિને રોકનાર શુભાશુભ ચેષ્ટારૂપ કાયવ્યાપાર, શુભાશુભ અંતર્બહિર્જલ્પરૂપ વચન-વ્યાપાર અને શુભાશુભ વિકલ્પજાળ ચિત્ત-વ્યાપાર જરા પણ ન કરો; 'जेण होइ थिरो' જેથી અર્થાત્ ત્રણે યોગના નિરોધથી સ્થિર થાય છે. કોણ? 'अप्पा' આત્મા. કેવો સ્થિર થાય છે? 'अपम्मि रओ' સહજશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી પરાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિથી ઉત્પન્ન સર્વ પ્રદેશોમાં આનંદ ઉત્પન્ન કરનાર સુખના આસ્વાદરૂપ પરિણતિસહિત નિજાત્મામાં રત-પરિણત-તલ્લીન-તચ્ચિત્તન્મય થાય છે. 'इणमेव परं हदे ज्झाणं' આ જે આત્માના સુખસ્વરૂપમાં તન્મયપણું તે જ નિશ્ચયથી પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ ધ્યાન છે.

તે પરમધ્યાનમાં સ્થિત જીવોને જે વીતરાગ પરમાનંદરૂપ સુખનો પ્રતિભાસ થાય છે તે જ નિશ્ચયમોક્ષમાર્ગસ્વરૂપ છે. તે બીજા ક્યા ક્યા પર્યાયવાચી નામોથી ઓળખાય છે તે કહેવામાં આવે છે. તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે, તે જ પરમાત્મસ્વરૂપ છે, તે જ એકદેશ-પ્રગટતારૂપ વિવક્ષિત-એકદેશ-શુદ્ધનિશ્ચયનયથી સ્વશુદ્ધાત્માના સંવેદનથી ઉત્પન્ન સુખામૃતરૂપી જળના સરોવરમાં રાગાદિમળ રહિત હોવાને કારણે પરમહંસસ્વરૂપ છે. આ એકદેશ વ્યક્તિરૂપ શુદ્ધનયના વ્યાખ્યાનને પરમાત્મધ્યાન-ભાવનાની

નામમાળામાં યથાસંભવ સર્વત્ર યોજવું.

તે જ પરમબ્રહ્મસ્વરૂપ છે, તે જ પરમ વિષ્ણુસ્વરૂપ છે, તે જ પરમશિવસ્વરૂપ છે, તે જ પરમ બુદ્ધસ્વરૂપ છે, તે જ પરમ જિનસ્વરૂપ છે, તે જ પરમ સ્વાત્મોપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે, તે જ નિરંજનસ્વરૂપ છે, તે જ નિર્મળસ્વરૂપ છે, તે જ સ્વસંવેદનજ્ઞાન છે, તે જ પરમ તત્ત્વજ્ઞાન છે, તે જ શુદ્ધાત્મદર્શન છે, તે જ પરમાવસ્થાસ્વરૂપ છે, તે જ પરમાત્માનું દર્શન છે, તે જ પરમાત્માનું જ્ઞાન છે, તે જ પરમાવસ્થારૂપ પરમાત્માનું સ્પર્શન છે, તે જ ધ્યેયભૂત-શુદ્ધપારિણામિકભાવરૂપ છે, તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે, તે જ શુદ્ધચારિત્ર છે, તે જ પરમ પવિત્ર છે, તે જ અંતઃતત્ત્વ છે, તે જ પરમતત્ત્વ છે, તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે, તે જ પરમજ્યોતિ છે, તે જ શુદ્ધ આત્માની અનુભૂતિ છે, તે જ આત્માની પ્રતીતિ છે, તે જ આત્માની સંવિત્તિ છે, તે જ સ્વરૂપની ઉપલબ્ધિ છે, તે જ નિત્યપદાર્થની પ્રાપ્તિ છે, તે જ પરમસમાધિ છે, તે જ પરમાનંદ છે, તે જ નિત્યાનંદ છે, તે જ સહજાનંદ છે, તે જ સદાનંદ છે, તે જ શુદ્ધાત્મપદાર્થના અધ્યયનરૂપ છે, તે જ પરમસ્વાધ્યાય છે, તે જ નિશ્ચયમોક્ષનો ઉપાય છે, તે જ એકાગ્રચિંતાનિરોધ છે, તે જ પરમબોધ છે, તે જ શુદ્ધોપયોગ છે, તે જ પરમયોગ છે, તે જ ભૂતાર્થ છે, તે જ પરમાર્થ છે, તે જ નિશ્ચય પંચાચાર છે, તે જ સમયસાર છે, તે જ અધ્યાત્મસાર છે, તે જ સમતા આદિ નિશ્ચય-ષટ્-આવશ્યકસ્વરૂપ છે, તે જ અભેદરત્નત્રયસ્વરૂપ છે, તે જ વીતરાગ સામાયિક છે, તે જ પરમ શરણ-ઉત્તમ-મંગળ છે, તે જ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે, તે જ સમસ્ત કર્મોના ક્ષયનું કારણ છે, તે જ નિશ્ચય-ચતુર્વિધ-આરાધના છે, તે જ પરમાત્માની ભાવના છે, તે જ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખની અનુભૂતિ પરમકળા છે, તે જ દિવ્યકળા છે, તે જ પરમ અદ્વૈત છે, તે જ પરમઅમૃતરૂપ પરમધર્મધ્યાન છે, તે જ શુક્લધ્યાન છે, તે જ રાગાદિવિકલ્પરહિત ધ્યાન છે, તે જ નિષ્કલ ધ્યાન છે, તે જ પરમ સ્વાસ્થ્ય છે, તે જ પરમ વીતરાગપણું છે, તે જ પરમ સામ્ય છે, તે જ પરમ એકત્વ છે, તે જ પરમ ભેદજ્ઞાન છે, તે જ પરમ સમરસીભાવ છે;—ઈત્યાદિ, સમસ્ત રાગાદિ વિકલ્પ-ઉપાધિથી રહિત પરમ-આહ્લાદરૂપ એક સુખ જેનું લક્ષણ છે એવા ધ્યાનરૂપ નિશ્ચય-મોક્ષમાર્ગના વાચક અન્ય પણ પર્યાયવાચી નામો પરમાત્મતત્ત્વના જ્ઞાનીઓ દ્વારા જાણવા યોગ્ય છે. ૫૬.

**માગશર સુદ ૧૨, ગુરુવાર તા. ૨૭-૧૧-૧૯૫૨**
**ગાથા-૫૬, પ્રવચન-૨**

૫૬મી ગાથા. એમાં .. અધિકાર. ખરેખર એ નિશ્ચય મોક્ષમાર્ગની વાત છે. નિશ્ચય મોક્ષમાર્ગ એટલે શું? એના પર્યાયનું .. આ વર્ણવાય છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો જે પિંડ નામ ધ્રુવસ્વભાવ શક્તિરૂપ છે એની પ્રતીતિના અનુભવથી થતો જે વીતરાગી ભાવ, એમાં જે પરમાનંદનું ભાસવું એ જ મોક્ષનો માર્ગ છે. પરમાનંદનો અનુભવનો પ્રતિભાસ થવો તે મોક્ષનો માર્ગ છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન, ભક્તિના આવે એ બધા આનંદનો પ્રતિભાસ નથી પણ એ દુઃખનો ભાસ છે. શરીર, વાણી, કર્મ એ ચીજ તો પર છે. એની તો અહીંયાં વાત છે નહિ પણ ભગવાન (આત્મા), દેહ અને વાણી અને મનથી અતીત નામ ચૈતન્યમૂર્તિ જે એવડી ચીજ છે ત્રણથી—દેહ, વાણી અને મનથી અને વિકાર જે છે એનાથી પણ અતીત રહેતું એવું ધ્રુવ સ્વરૂપ એની સન્મુખ થઈને પરમાનંદની શક્તિમાંથી આનંદનો ઉછાળો આવી પરિણતિની દશામાં આનંદના અનુભવનો ભાસ થવો એ નિશ્ચય સાચો મોક્ષનો માર્ગ છે. એ સિવાય એકેય કોઈ મોક્ષનો સાચો માર્ગ નથી. એને પર્યાય નામ વડે કરીને અહીંયા વર્ણન કર્યું છે.

૧૯મું નામ આવ્યું. '**વહી અંતરંગ કા સત્ત્વ હૈ.**' વચમાં છે. જ્ઞાનીનું કાર્ય. '**વહી પરમતત્ત્વ છે.**' ક્યુ? આ પુણ્યતત્ત્વ એ પરમતત્ત્વ નથી, અજીવતત્ત્વ એ પરમ તત્ત્વ નથી. ભગવાન આત્મા એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા એટલો નથી. એક સમયની પ્રગટ અવસ્થા જેટલો નથી. પણ પૂર્ણ શક્તિવાન એની પ્રતીત અને .. કહો, સમજાય છે કાંઈ? એટલે કે વ્યવહારરત્નત્રય પણ ઉત્કૃષ્ટ તત્ત્વ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા અનંતગુણનો અભેદ સ્વભાવી પદાર્થ એની અંતર્મુખના વલણથી જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને આનંદની પરિણતિ દશા થઈ એને જ અહીંયાં ઉત્કૃષ્ટ તત્ત્વ કહે છે. એ જ સાચો મોક્ષનો માર્ગ છે અને એ જ આત્માને શાંતિનું કારણ છે. સમજાણું? એ સિવાય વ્યવહાર રત્નત્રય સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર એનું જ્ઞાન ને એની જે પ્રતીત અને તેણે કહેલાં વ્રતના વિકલ્પોનો ભાવ એ પણ પરમતત્ત્વ નથી. સમજાય છે કાંઈ?

અહીં પર્યાય નિર્મળ સંવર-નિર્જરારૂપ આત્માના આનંદની વ્યક્ત પ્રગટ દશા, એને પરમતત્ત્વ અને મોક્ષનો માર્ગ કહે છે. એ ૨૦મો બોલ. તત્ત્વ નામ ભાવ. એ પરમભાવ છે, પરમભાવ છે. છે તો અવસ્થા હોં! સ્વભાવ ત્રિકાળની આ વાત નથી. વસ્તુ એક સમયમાં કાંઈ પ્રગટરૂપ બધી અવસ્થા એક સમયની અવસ્થામાં કાંઈ આખું તત્ત્વ આવી જાય છે? એક સમયની અવસ્થા નામ પ્રગટ દશામાં કાંઈ આખું તત્ત્વ ન આવે. જો આખું આવે તો તો એક સમયની

અવસ્થા પલટતા આખા તત્ત્વનો પણ નાશ થઈ જાય. એક સમયની જે અવસ્થા છે એ સિવાયનું જે આખું તત્ત્વ, એને દ્રવ્યસ્વરૂપ કહેવાય છે. એને અવલંબે પ્રગટેલી વીતરાગી આનંદના અમૃતના અનુભવની પરિણતિ તેને અહીંયાં પરમતત્ત્વ નામ પરમભાવ કહ્યો છે. આ વીતરાગી મોક્ષમાર્ગ છે. કહો, સમજાય છે કાંઈ?

આ તો બધાય બોલ નિશ્ચય મોક્ષમાર્ગ રાગ વિનાની ચિદાનંદ આનંદકંદની અનુકૂળ આત્માને જે છે, રાગાદિ તો આત્માની પ્રતિકૂળ દશા છે, આત્માના સ્વભાવને અનુકૂળ .. પરમાનંદની જે પરિણતિ નામ પર્યાય એ વીતરાગી મોક્ષમાર્ગ કહો કે પરમભાવ કહો. સમજાય છે કાંઈ?

'**વહી શુદ્ધાત્મદ્રવ્ય હૈ,...**' છે તો એ પર્યાય. ધ્યાન રાખજો. આ વાણી ને કર્મ રહિત ચૈતન્યનો ભાવ... કેમ કે આત્મા પરપદાર્થથી અન્ય ભાવસ્વરૂપ છે. અન્ય ભાવસ્વરૂપ છે. એટલે કે પરપદાર્થથી અભાવસ્વરૂપ છે. સમજાણું? એ જે આત્મા, એના સ્વભાવની ભાન દશા જે પ્રગટી આનંદની, સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય, એને કહે છે કે શુદ્ધ આત્મદ્રવ્ય છે. કેમ? કે પુણ્યના પરિણામ ને વ્યવહારરત્નત્રય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતના પરિણામ એ પરદ્રવ્ય છે. એ શુદ્ધ આત્મદ્રવ્ય નથી. કઈ અપેક્ષા છે સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત! ..ભાઈ! કહો.

આત્મામાં દેહ-વાણી-મન તો પરદ્રવ્ય છે. પાપ પરિણામ થવા તે તો પરદ્રવ્ય છે. એ અસ્તિત્વદ્રવ્ય છે, પરદ્રવ્ય છે. આત્મામાં જે દયા, દાન, ભક્તિ ને વ્યવહાર શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રના પરિણામ એ શુદ્ધ આત્મદ્રવ્ય નથી. એ તો અશુદ્ધ આત્મદ્રવ્ય છે માટે તેને પર ગણ્યું છે. ફક્ત ભગવાન આત્માના ચિદાનંદ આનંદકંદ, આનંદકંદ, કેવળજ્ઞાનની વેલડીનો કંદ જે આત્મા એમાંથી પ્રગટેલી એના આશ્રયે વીતરાગી આનંદદશા એને, કહે છે કે શુદ્ધ આત્મદ્રવ્ય છે. છે તો એ પર્યાય. સમજાય છે કાંઈ? છે તો એ પર્યાય. પણ એ પર્યાય શુદ્ધાત્મ દ્રવ્યના અવલંબે અભેદ થઈને પ્રગટી તેથી તેને શુદ્ધાત્મદ્રવ્ય કહેવામાં આવે છે. નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે શુદ્ધાત્મદ્રવ્ય કહો, એ બધા એક નામે અહીંયાં કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

આત્માથી પર જે દેવ-ગુરુ-શાસ્ત્ર એને અહીં શુદ્ધાત્મદ્રવ્ય ન કહ્યું. ભાઈ! ભગવાન આત્મા... જેને ત્રણ લોકના નાથની વાણી કહે અને સર્વજ્ઞ કહે, ગુરુ કહે કે શાસ્ત્ર કહે એને અહીંયાં શુદ્ધાત્મદ્રવ્ય ન કહ્યું. કેમ કે એ પર છે. એ બધું ભગવાન તત્ત્વ દ્રવ્યથી પર છે. એની માન્યતા કરવી જે સાચા સંતોની, સાચા શાસ્ત્રની, સાચા સર્વજ્ઞની, એવી માન્યતા અને તેના તરફનું જ્ઞાન અને તેના તરફની વ્યવહાર આજ્ઞાનું વર્તન, એવી કષાયની મંદતા એ પણ શુદ્ધાત્મ દ્રવ્ય નથી. કેમ કે એ રાગ છે તેથી એને અશુદ્ધાત્મ દ્રવ્ય કહ્યું છે. સમજાય છે કાંઈ? પણ વસ્તુસ્વભાવ જે પ્રવાહ જેની પરિણતિ—પર્યાય—દશાનો—પ્રવાહ જેમાંથી વહે છે એને અવલંબે જીવ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાની દશા પ્રગટી જેમાં પ્રત્યક્ષ અતીન્દ્રિય આનંદનો

અનુભવ વર્તે તેને શુદ્ધાત્મદ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ?

શેની વાત ચાલે છે આ? આ ધર્મના નામની વાત ચાલે છે. ધર્મ કહો, નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે વીતરાગી મોક્ષના કારણની પર્યાય કહો. આ ધર્મના નામની વાત ચાલે છે. ધર્મને આટલા નામે કહેવાય છે. ધર્મ એ શુદ્ધાત્મ દ્રવ્ય છે. લ્યો. બીજી ભાષા એ કરી. સમજાય છે કાંઈ? ધર્મ એ શુદ્ધાત્મ દ્રવ્ય છે. છે તો આત્માની પર્યાય ધર્મ. ધર્મ એ કાંઈ નવો પ્રગટે છે એ કાંઈ ત્રિકાળી તત્ત્વ નથી. પણ ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિ ને જ્ઞાન ને ચારિત્રની અભેદતા થઈને પ્રગટ્યો માટે તે નિર્મળ વીતરાગી પર્યાયને શુદ્ધાત્મ દ્રવ્ય કહેવામાં આવે છે. ધર્મ એટલે શુદ્ધાત્મ દ્રવ્ય. અધર્મ એટલે અશુદ્ધ દ્રવ્ય. એ આત્માનો મૂળ સ્વભાવ નથી. કહો, સમજાય છે કાંઈ? ફૂલચંદભાઈ!

શુદ્ધાત્મ દ્રવ્ય. જુઓ! કેટલી અપેક્ષાઓ નાખે છે. વાત તો મોક્ષમાર્ગ જે નિશ્ચય નામ સત્ય, જે આત્માના સ્વભાવને અવલંબે શાંતિના શેરડા પ્રગટે. અનાકુળ અકષાયરસ અકષાયરસનો કંદ આત્મા એને અવલંબે અકષાય પરિણતિનો પ્રવાહ ધોરિયો વહે. એવી પર્યાયને પણ અહીંયાં શુદ્ધાત્મ દ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? હવે રાગ અને પુણ્ય ને મન ને દેહની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. જગત જેને ધર્મના કારણો કહે છે કે આ કારણ ને આ કારણ ને આ કારણ. ભગવાન! એ બધા ઉપચારના કથનો ભલે હો. પણ વસ્તુસ્થિતિ આ પ્રમાણે પ્રગટ્યા વિના એને ઉપચાર પણ લાગુ પડતો નથી. કહો, સમજાય છે કાંઈ? એ ૨૧મો બોલ થયો.

'**વહી પરમજ્યોતિ હૈ,...**' આત્મા દ્રવ્યમાંથી દ્રવીને, દ્રવ્યમાંથી દ્રવીને. દ્રવ્યમાંથી અટકીને આવે એ તો વિકાર છે. એને તો જ્ઞાન પણ કહેતા નથી. પરમજ્યોતિ. ચૈતન્યતત્ત્વ એ તો પરમજ્યોતિ છે જ. ચૈતન્ય જ્યોત વસ્તુ તો ચૈતન્ય પિંડ જ્યોતિ છે. પણ તેને અવલંબે જે સમ્યક્ મોક્ષમાર્ગ, સમ્યક્ સાચો પ્રગટ્યો, કહે છે કે (એ) પરમજ્યોતિ છે. એને અમે પરમજ્ઞાન કહીએ છીએ. જ્યોતિ છે. એ સંસાર(ને) બાળવાને સમર્થ છે. જ્યોતિ જેમ અગ્નિ લાકડા આદિ બાળવાયોગ્યને બાળીને નાશ કરે છે. એમ ભગવાન આત્માનું પરમજ્ઞાન અંતર્મુખની થયેલી નિર્વિકલ્પ આનંદની દશા એ દશાને પરમજ્યોતિ કહે છે. જેમાં સંસારપર્યાય નાશ થવાની તાકાત છે. સમજાય છે? એ સંસારપર્યાયને નાશ કરતો નથી તો જ્યોતિ પ્રગટી એટલે સંસારના પર્યાયનો કારણનો નાશ થાય છે. પછી કારણનો નાશ થતાં સંસારનો છેલ્લે નાશ થઈ જાય છે. પહેલા ભાવનો નાશ થાય છે પછી ક્રમે ક્રમે આખા સંસારનો નાશ થાય છે. મોક્ષની પર્યાય થતાં સંસારની પર્યાયનો નાશ થાય. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય થતાં સંસારના સારા (—બધી) પર્યાયનો નાશ થાય છે. ભાઈ! સમજાય છે કાંઈ?

વાત એવી છે કે અહો..! બહારથી આ ચીજ નથી. કેમ કે ચીજ જ અંતરની છે. વસ્તુ જ પોતે ચિદ્દ્ઘન આનંદકંદ કેવળજ્ઞાનની વેલડીનો કંદ, જેમાંથી કેવળજ્ઞાનની વેલડીયું ફાટે છે. લતા ફાટે. એવો ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એને અવલંબે થયેલું અંતરનું જ્ઞાન તેને પરમજ્યોતિ

કહો કે મોક્ષમાર્ગ કહો. બાકી રાગાદિ, ક્રિયાદિ એ કાંઈ આત્માને પરમજ્યોતિ કહેતા નથી. કહો, સમજાણું કાંઈ?

**'વહી શુદ્ધ આત્માકી અનુભૂતિ હૈ.'** ૨૩મો બોલ. તે જ શુદ્ધાત્માની અનુભૂતિ, અનુભવ છે. આત્મા શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એ પુણ્ય-પાપનું અવલંબન છોડી, નિમિત્તની રુચિ છોડી અને સ્વભાવના અંતર નિરાલંબી પદાર્થનું અવલંબન કરે એવી જે વીતરાગી આનંદની દશા, તેનો અનુભવ, તેને શુદ્ધાત્માની અનુભૂતિ કહે છે. મોક્ષનો માર્ગ કહો કે શુદ્ધ અનુભૂતિ કહો, શુદ્ધ આત્માની અનુભૂતિ કહો. એ આત્માની અનુભૂતિમાં ત્રણે બોલ આવી જાય છે—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ એવું જે તત્ત્વાર્થસૂત્રનું ભગવાન 'ઉમાસ્વામી'નું પહેલું સૂત્ર છે. એને આટલા બોલે કરીને કહી શકાય છે. સમજાય છે કાંઈ?

**'વહી શુદ્ધ આત્માકી અનુભૂતિ હૈ.'** સ્વભાવને અનુસરીને સ્વભાવની દશાનું થવું, ભવવું એવો જે આનંદ, ચિદ્ઘન આનંદકંદમાંથી આનંદની પર્યાયની પરિણતિ અંતર ધોરિયો વહે એને શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ કહે છે. બીજાને સાચો મોક્ષમાર્ગ ભગવાન કહેતા નથી. મોક્ષનો માર્ગ હોં આ તો હજી. માર્ગે કહીને મોક્ષે જવાય. કમાર્ગે કરીને જવાય નહિ. શુદ્ધાત્માની અનુભૂતિથી મોક્ષની પર્યાય થાય. શુદ્ધાત્માની અનુભૂતિ સિવાય વિકારની પર્યાયને કારણે મોક્ષના પંથે જવાય નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ ... છે.

આત્મા અંદર અખંડ આનંદના કંદમાં ઉછળે પર્યાય, ઉછળતી નિરાલંબીને અવલંબે એવી દશા તેને મોક્ષના પંથે જવા, મોક્ષમાં જવાનો એ પંથ છે. આ પંથ આત્માની પર્યાયમાં વર્તે છે. જેમ બહારનો માર્ગ સડક ઉપર વર્તે છે. આમાં મોક્ષનો માર્ગ આત્માના દ્રવ્યની આત્મદ્રવ્યની પર્યાયમાં વર્તે છે. પર્યાયમાં વર્તે છે તેને પંથ કહે છે. પૂર્ણ કાર્ય થાય તેને મોક્ષ કહે છે. જુઓ! આ ... આવ્યું. ભાઈ! કહો, સમજાણું?

**'વહી શુદ્ધ આત્માકી અનુભૂતિ હૈ, વહી આત્માકી પ્રતીતિ હૈ,...'** લ્યો, મોક્ષમાર્ગને આત્માની પ્રતીતિ કીધી. ત્રણેને છે. સમજાણું કાંઈ? **'વહી આત્માકી પ્રતીતિ હૈ,...'** એ ૨૪મો બોલ. એ બોલ નથી, ભાઈ! સમજાણું કાંઈ? આત્માની પ્રતીતિમાં ત્રણે આવી ગયા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એને કહે છે કે તે જ આત્માની પ્રતીતિ છે. એ ત્રણ થઈને આત્માની પ્રતીતિ છે. ત્રણે થઈને આત્માની પ્રતીતિ નામે ઓળખાય છે. સમજાણું કાંઈ? કેમ? કે આખો સ્વભાવ જે શુદ્ધ એની પ્રતીત, જ્ઞાન અને રમણતાના અંશ લઈને આવે છે. માટે ત્રણની એકતાને મોક્ષમાર્ગની સત્યતા ને શુદ્ધાત્માની પ્રતીતિ તરીકે કહેવામાં આવે છે. એ સિવાય કોઈ મોક્ષનો માર્ગ છે નહિ. ભારે વાત ભાઈ! જગતને તો આ બહારના

કેટલા કડાકૂટા. પણ બધી વાત તમારી સાચી પણ આ પ્રગટે કેમ? એમ પૂછે. પણ એ તો વાત ચાલે છે ભેગી ને ભેગી કે વસ્તુ છે ત્રિકાળી નિત્યાનંદ તેને અવલંબે આ પ્રગટે. એ સિવાય એ પ્રગટતી નથી. કેમકે જેમાં શક્તિ ભરી હોય એ ભંડારમાંથી પરિણતિ પ્રવહે. તો શક્તિ ધ્રુવમાં અનંત જ્ઞાન, આનંદ, દર્શન, ત્રિકાળ દર્શન, ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળ ચારિત્રની શક્તિ તો આત્મામાં પડી છે. સમજાય છે? એના અવલંબે જે દશા પ્રગટી તેને અવલંબે પ્રગટે એને શુદ્ધાત્માની પ્રતીતિ કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**વહી આત્મા કી સંવિત્તિ હૈ,...**' અર્થાત્ સાક્ષાત્કાર છે. લ્યો. એ આત્મા જ્ઞાન-દર્શન અને વીતરાગી ચારિત્રની રમણતામાં રહે એને જ આત્માની સંવિત્તિ નામ સાક્ષાત્કાર કહે છે. એ આત્માનો સાક્ષાત્કાર. કહો, સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ કહો કે આત્માનો સાક્ષાત્કાર કહો. સાક્ષાત્કાર ને મોક્ષમાર્ગમાં કાંઈ ફેર નથી. કહો, સમજાણું કાંઈ? '**વહી શુદ્ધ આત્માકી સંવિત્તિ હૈ,...**' એનો અર્થ સાક્ષાત્કાર છે. માણસ નથી કહેતા? કે આત્માનો આને સાક્ષાત્કાર થયો. કહે છે કે એ આત્માનું મોક્ષનું નિર્મળ સ્વરૂપ, મોક્ષના કારણનું પ્રગટ્યું એને આત્માનો સાક્ષાત્કાર કહે છે.

'**વહી સ્વરૂપકી ઉપલબ્ધિ હૈ,...**' ૨૬મો બોલ. તે જ નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ. એ પર્યાયમાં આત્મખ્યાતિ થાય છે. આત્મખ્યાતિ કહો, આત્મ પ્રસિદ્ધિ કહો, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહો. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપ એ તો વિકારની ખ્યાતિ છે, એ વિકારની પ્રસિદ્ધિ છે. શરીર, વાણી એ તો જડની પ્રસિદ્ધિ છે. જ્ઞાયક ચૈતન્ય અખંડ દ્રવ્યને આશ્રયે પ્રગટેલી વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ આત્મખ્યાતિ છે. એ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ છે. જે આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે પ્રતીત, જ્ઞાન ને રમણતા થઈ ત્યારે તે પર્યાયને આત્મસ્વરૂપની પ્રાપ્તિ એમ કહેવાય છે. નિશ્ચય મોક્ષમાર્ગ પામ્યો કહો કે નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહો. સમજાણું કાંઈ?

લ્યો, આ પરસ્વરૂપની તો પ્રાપ્તિ નથી. રાગની પ્રાપ્તિ પણ એ કંઈ મોક્ષનો માર્ગ નથી. નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ એવી જે આત્માની પરિણતિ, મોક્ષના માર્ગરૂપ કારણરૂપ. એ સ્વભાવના (અવલંબને), કારણ પરમાત્માને, કારણ પરમાત્માને અવલંબે પ્રગટેલી વર્તમાન દશા. કારણ પરમાત્મા આત્મા. એને વ્યવહાર કારણ નહિ. દયા, દાન, ભક્તિ, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ કારણ નહિ. કારણ પરમાત્માને આશ્રયે પ્રગટેલી મોક્ષમાર્ગની દશા તેને નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહે છે. એ કારણ પરમાત્મા ભાનમાં આવ્યો. કારણ હતો તો ખરો. કારણરૂપ હતો. પણ પ્રતીતિ, જ્ઞાન ને રમણતા થઈ ત્યારે કહે છે, કારણરૂપ પરમાત્માની પ્રાપ્તિ થઈ. આ કારણ છે. વર્તમાન મોક્ષના માર્ગનું દ્રવ્ય કારણ છે. બીજું કોઈ કારણ છે નહિ. ભારે ઝીણી વાત! કહો, સમજાણું કાંઈ?

આ માર્ગે મોક્ષ જવાય. બીજે માર્ગે જવાતું નથી. મોક્ષ જવાયનો અર્થ પૂર્ણતા પમાય.

ન્યાં ક્યાંય જાવું હોતું નથી. પૂર્ણ દશાની પ્રાપ્તિની કાર્યદશાના કારણરૂપે આ દશાનું વર્ણન ચાલે છે.

**'વહી નિત્ય પદાર્થકી પ્રાપ્તિ હૈ,...'** લ્યો! ૨૭મો બોલ. નિત્ય પદાર્થની પ્રાપ્તિ. નિત્ય તો હતો. ધ્રુવરૂપ જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણનો પિંડ તો હતો પણ પ્રતીતિ, જ્ઞાન અને ચારિત્રનો અંશ પ્રગટ્યો એટલે નિત્ય પદાર્થની પ્રાપ્તિ થઈ. નહિતર અનિત્યની પ્રાપ્તિ હતી. સમજાણું? પુણ્ય-પાપની પ્રાપ્તિ એ તો અનિત્ય પદાર્થની પ્રાપ્તિ હતી. દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામની પ્રાપ્તિ એ તો અનિત્ય પદાર્થની પ્રાપ્તિ હતી. અને નિજ સ્વરૂપની પ્રાપ્તિ સિવાયના રાગની પ્રાપ્તિ પણ નિત્ય સ્વરૂપના આત્મતત્ત્વની પ્રાપ્તિ વિરુદ્ધની પ્રાપ્તિ હતી. અસ્તિથી વાત કરી છે. એનાથી વિરુદ્ધની વાતમાં અહીંયા નાસ્તિ ... સમજી જવો.

નિત્ય પદાર્થની પ્રાપ્તિ. વ્યવહારરત્નત્રયની પ્રાપ્તિ એ તો અનિત્ય પદાર્થની પ્રાપ્તિ છે. પોતામાં થતો વિકાર, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, જ્ઞાન અને કષાય મંદતારૂપ ભાવ એ અનિત્ય પદાર્થની પ્રાપ્તિ છે. ત્રિકાળ ધ્રુવ ચિદાનંદને અવલંબે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર અને આનંદનો ભાસ, આનંદનો અનુભવ તેને નિત્ય પદાર્થની પ્રાપ્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ૩૦ થયા ૩૦.

**'વહી સ્વભાવ સે ઉત્પન્ન હુઆ આનંદ હૈ.'** હવે આનંદ. સમજાય છે? **'વહી પરમસમાધિ હૈ,...'** ૨૭ થયા. ૨૮મો. **'વહી પરમસમાધિ હૈ,...'** લ્યો! માણસ કહે છે ને કે 'સમાહિવર મુત્તં દિન્તુ' નથી માંગતા? પણ ખબર નથી ક્યાં સમાધિ રહેતી હશે. પરમસમાધિ. પરમ-સમ-આધિ. આમ શાંત... શાંત... શાંત... અનાકુળ અકષાય સ્વભાવમાંથી નીકળેલી પરિણતિ નામ પર્યાય, એને પરમ સમાધિ કહે છે. બાકી રાગને, પુણ્યને સમાધિ કહેતા નથી. વ્યવહાર સમાધિનો ભલે એને ઉપચાર આવતો હોય. વ્યવહારરત્નત્રય .. આવતો હોય પણ એ પરમસમાધિ નથી. સમાધિ. માણસ કહે છે, સમાધિ લગાવી દીધી આણે. આત્માના ભાન વિના સમાધો ક્યાંથી આવતો હતો? હાથ લગાવીને આમ બેસી જાય. પણ આત્મા જ્ઞાયક, વર્તમાન ચાલતી પર્યાયને અંતર્મુખ વાળીને જે દશા પ્રગટી તે વીતરાગી અંશને મોક્ષમાર્ગ ને પરમસમાધિ કહે છે. કુંભક ને રેચક ને ... આમ કરાવવું ને આમ કરાવવું. એ સમાધિ-બમાધિ નથી. ઈંગળા ને પીંગળા ને ફલાણું આવે છે ને ઘણું? એ બધું સમાધિ-ફમાધિ નથી.

આવું જે સર્વજ્ઞે કહેલું આત્મદ્રવ્ય, આપ્તે કહેલું આત્મદ્રવ્ય, આગમે કહેલું આત્મદ્રવ્ય અને ગુરુએ કહેલું જે આવું આત્મદ્રવ્ય. આપ્ત, આગમ અને પદાર્થ. સમજાય છે? એણે કહેલો જે આવો આત્મા. જુઓ! આવી આત્માની વ્યાખ્યા પણ સર્વજ્ઞ જૈનદર્શન સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? કેમકે એક સમયની પર્યાયનું પરિણમન ત્રિકાળ ધ્રુવ... વિકારનું હોવા છતાં તે પરમસમાધિ મોક્ષનો માર્ગ નહિ. રાગ હોવા છતાં એ પરમસમાધિ

નહિ, નિમિત્ત હોવા છતાં પણ નહિ. બધા પરદ્રવ્યો એ પરમસમાધિ નથી. અરે..! પણ પરમસમાધિનું વ્યવહાર કારણ છે કે નહિ? સમજાણું? પણ વ્યવહારકારણનો અર્થ શો? નિશ્ચય કારણ ભગવાન આત્મા પરમસમાધિનું છે. એવી અંતરના કારણ ભગવાનને પ્રતીતમાં, જ્ઞાનમાં લીધા વિના નિમિત્તને વ્યવહારકારણ પણ કહેવાતું નથી. કહો, સમજાય છે કાંઈ?

વાત એ છે કે જેને આ તો આત્માની દરકાર થઈને પડી હોય એને આ વાત પહેલી શ્રવણમાં આવે. નહિતર તો આ વાત અંદરમાં કંટાળો લાગે એવી છે. અને વસ્તુ તો કંટાળો નથી, આનંદ છે. પણ બહારથી કડાકૂટામાં માની બેઠો છે અને એવી વાડાની રીતે ગુંચાઈ ગયો કે ક્યાંય ચૈતન્યના મૂળ તત્ત્વનો પત્તો ખાધો નથી. આનાથી થાય ને આનાથી થાય ને વ્રત પાળીએ, પડિમા ધારીએ, જાત્રા કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ. ભગવાન! એ આત્મા એક સમયમાં પરિપૂર્ણ અમૂલ્ય અનમૂલ્ય ચૈતન્યરતન, એના અવલંબન વિના આ માર્ગ પ્રગટે એવો નથી. અને પ્રગટેલાને પરમસમાધિ કહે છે. કહો, સમજાણું કાંઈ? મુનિઓ પરમસમાધિમાં વર્તે છે. એમ નથી કહેતા? સંતો પરમસમાધિમાં વર્તે છે. સમાધિમાં એટલે શ્વાસ ચડાવી દીધો હશે?

આત્માના સ્વભાવ સન્મુખની દશાની વીતરાગતા પ્રગટી એને પરમસમાધિ કહે છે. બાકી બધી અસમાધિ. બાકી બધી વ્યવહારરત્નત્રયના પરિણામ અસમાધિ. નિશ્ચયથી. કહો, સમજાય છે કાંઈ? સાચા દેવ આપ્ત, ગુરુ અને શાસ્ત્ર. આપ્ત નામ સર્વજ્ઞ, ગુરુ નામ નિર્ગ્રંથ મુનિઓ અને એમના કહેલા આગમો. આપ્ત, આગમ અને ગુરુ. એમની સાચી પ્રતીતના વિકલ્પનું બહુમાન આવ્યા વિના પહેલું રહેતું નથી. છતાં કહે છે કે એને પરમસમાધિ કહેતા નથી. કેમ કે આપ્ત, આગમ ને ગુરુને એ કહેવું છે કે અંતર્મુખ તારા તત્ત્વની ખાણને તપાસ. અંતર જે ખાણમાંથી નીકળે દશા તે ખાણ સ્વભાવની પ્રતીત, અનુભવ કર તો પરમસમાધિ થાય અને મુક્તિ થાય. નહિતર મુક્તિ થતી નથી. કહો, સમજાણું?

૨૯. '**વહી પરમાનંદ હૈ,...**' ૨૮ છે ને? '**વહી પરમાનંદ હૈ,...**' તે જ પરમ આનંદ છે. કહે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે પરમ આનંદ કહો. કહો, સમજાણું કાંઈ? લોકો કહે છે કે ચારિત્ર તો બાપુ વેળુના કોળિયા! દુઃખદાયક છે ચારિત્ર? દુઃખદાયક કરી દીધું. અજ્ઞાનીએ દુઃખદાયક કરી દીધું. મૂઢ જીવોને ચારિત્ર જે પરમાનંદ છે એને દુઃખદાયક (માને) તો મિથ્યાદૃષ્ટિ છે. એને ચારિત્રની ખબર નથી. કનૈયાલાલજી! કહે છે કે નહિ? ચારિત્ર મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. એમ કરીને ચારિત્ર પ્રત્યે અરુચિ અને દ્વેષ કરે છે. ચારિત્રને દુઃખદાયક માને છે. ત્યારે ભગવાન ત્રિલોકનાથ કહે છે, સાંભળ શાંતિથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે પરમ આનંદસ્વરૂપ છે. એમાં જરીએ દુઃખ નથી. લોકો કહે, આહાહા..! સંતોને આમ વાઘ ફાડી ખાય, ઉઘાડે પગે ચાલવા, સખે આહાર મળે નહિ તાજા ઊના ઊના ફુલકા. ખાવા બેસે ત્યારે તાજા મળે ને આમ? તાવડીમાંથી ઉતરીને ફુલકા રોટલી જાય એનામાં. અને સામે

મૂક્યા હોય ઊના ઊના. સાધુને બાપા ટાઢા મળે, ઊના મળે, કેવા મળે. શિયાળામાં ટાઢા મળે અને ઉનાળામાં ઊનું મળે. કેટલા દુઃખ બાપુ મુનિઓને. અજ્ઞાની મિથ્યાદષ્ટિ ચારિત્રનો અનાદર કરે છે. એ ચારિત્રને સમજતો નથી. ચારિત્ર એવું હોઈ શકે નહિ. ચારિત્ર તો અમૃતના આનંદ આપે તે ચારિત્ર કહેવાય. કહો, ..ભાઈ! આ લોકો અર્થ કરે છે ઊંધા. જેનો જેટલો ભાગ... મોટો ... લાગતો હશે ચારિત્રનો કે ચારિત્ર સવળું હશે? ચારિત્ર એટલે અકષાય આત્માની આનંદદશા. તેને ભગવાન પરમઆનંદ કહે છે. હવે એને દુઃખદાયક કલ્પે. શું થાય? આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ કાંઈ નહિ. એકલદોકલ રહેવા બાપા. ઉપર આભ અને નીચે ધરતી. કોઈ છે?

જૂના માણસ હોય ને ડોશી વૃદ્ધ (ઈ એમ કહે), અરે..રે..! એમ કહેતા હોય. અરેરે..! હવે કોઈ આધાર નહિ. આપણે .. થોડા શિયાળાના .. અહીં આપણે શિયાળામાં આ કરીએ, ફલાણું કરીએ. આને કોઈ છે નહિ. ત્યાગ કરનારનો ભાવ શું છે અને ત્યાગ કોને કહેવો એ ન સમજે. ઓલાને કહે, આહાહા..! મુનિ થાય, સાધુ થાય અને આત્માનું ચારિત્ર મહાદુઃખ દાયક બાપા. એ મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. દુઃખ, દુઃખ માને. ચારિત્ર જે આનંદ છે એને દુઃખ માને છે એ મિથ્યાદષ્ટિ છે. એ છ ઢાળામાં આવે છે. સાત તત્ત્વની ભૂલ આવે છે ને છ ઢાળામાં? તો સાત તત્ત્વની ભૂલ એમાં એ આવે છે કે જે પ્રાણી સંવરને દુઃખદાયક માને એ મિથ્યાદષ્ટિ છે. એને સંવરતત્ત્વની ખબર નથી. છ ઢાળામાં આવે છે. અહીં છોકરાઓને શીખવે છે.

અહીંયા કહે છે કે ભગવાન મોક્ષનો માર્ગ આનંદરૂપ છે. ઈ કહે કે, ભાઈ! માર્ગમાં કેટલા કાંટા આવે, કેટલા પરિષહ સહન કરવા પડે, કેટલા ઉપસર્ગ સહન કરવા પડે. શરીરમાં રોગ આવે. તો શું થયું? એ તો જડની દશા છે. એ ચારિત્ર અને સમ્યગ્દર્શન-જ્ઞાન દુઃખદાયક હશે? દુઃખદાયક તો સંસાર છે. જે મોક્ષના માર્ગ છે એને દુઃખદાતા માન્યો. એ તો સંસાર માન્યો. સંસાર માન્યો. ત્યારે સંસાર સુખદાયક છે એવો એનો અર્થ થયો. ભાઈ! એનો અર્થ એવો થયો ને કે સંસારનો માર્ગ સુખદાયક, સગવડતાવાળો અને મોક્ષનો માર્ગ દુઃખદાયક. જુઓ ઊંધા. હજી માર્ગની વાતની પણ ખબર નથી. મુનિઓને કેટલા કષ્ટ થાય, જંગલમાં રહેવા, વનમાં રહેવા, એકલા રહેવા, એને ખાવા-પીવાનું (ઠેકાણું નહિ). બાપુ! અહીં તો પુરી તૈયાર. પુરી કરજો, ફલાણું કરજો. ત્યાં એને મળે? બાપુ! એમ કરીને અમે સુખી છીએ. એ બિચારા દુઃખી છે. એણે ધર્મની વાતને સાંભળી નથી. આત્મા અતીન્દ્રિય કંદ અમૃતનો ભગવાન ભંડાર, એને અવલંબે પ્રગટેલી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રદશા એ તો પરમ આનંદ, પરમ આધાર પરમ ઉત્સાહનો કાળ છે. એને જે દુઃખદાયક માને એને તો ચારિત્ર દર્શન-જ્ઞાનની ત્રણેની ખબર નથી. ખબર નથી. કહો, સમજાય છે કાંઈ?

**'વહી પરમાનંદ હૈ,...'** બધે પરમાનંદ શબ્દ વાપર્યા છે. પરમ આનંદ એમ. સમજાણું?

મોક્ષનો માર્ગ. છે ને? અંદરમાં છે. 'વહી પરમાનંદ હૈ,...' શાંતિ—અકષાય અંશ અને પૂર્ણ અકષાયના કારણરૂપ ભાવ એ કષાયભાવ હોય? પૂર્ણ આનંદનો પૂર્ણ... એના કારણરૂપ ભાવ એ દુઃખભાવ હોય? કે પૂર્ણ આનંદરૂપી મોક્ષના કારણરૂપ પણ આનંદભાવ હોય? થોડો આનંદ પૂર્ણ આનંદનું કારણ. પણ દુઃખ છે એ આનંદનું કારણ (માને છે) એ વસ્તુને સમજતા નથી. ઓહોહો..! ધર્મ તે કઈ ચીજ છે!

જગતે ઊંધુ હલવ્યું. જગતે. એવું ઊંધું હલવ્યું, ભારે હલવ્યું. છોટાભાઈ! ... બોલ્યો એમ કહે છે. પણ એને ખબર ન મળે કે માર્ગ ક્યો છે. સાંભળનારને ખબર ન મળે. સાંભળ્યો જ નથી માર્ગ. માર્ગ તે પરમાનંદસ્વરૂપ અખંડ પ્રભુ ચિદાનંદના અમૃતમાંથી અમૃતની વેલડીનો પ્રવાહ ચાલે તેને દર્શન-જ્ઞાન ને ચારિત્ર ત્રણને કહે છે. આ એને પરમાનંદ કહે છે. મોક્ષમાર્ગમાં જરીએ દુઃખ છે નહિ. જરીએ કષ્ટ નથી. સમૂળગો કષ્ટનો અભાવ એવો આનંદ છે. એને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. જ્ઞાનચંદજી! બાપા! પરમાનંદ એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. ઈ માને છે તો સંવરની ભૂલ છે, મિથ્યાત્વ છે.

ચારિત્ર. ઓહો..! આનંદના શેરડા. ચારિત્ર એ આનંદની અંદર શક્તિમાંથી ભોંફાટ ફાટીને આનંદ બહાર આવે. એવું ચારિત્રનું સ્વરૂપ એને લોકોએ દુઃખદાયક કલ્પી નાખ્યું. પવનથી કોથળાને ભરવો સહેલો પણ ચારિત્ર મુશ્કેલ. એમ કરીને ચારિત્રને દુઃખદાયક માની લીધું. અજ્ઞાનીઓએ ચારિત્રને દુઃખદાયક (માની લીધું). બિચારા બહારથી સહન કરે .. આહાહા..! કાંઈ કરો છો. એ ધૂળેય ચારિત્ર નથી એમાં. નાગા તો બધાય રહે છે. આત્મા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :— કહે છે ને એ બનાવે છે. સાધુ બનાવે છે. બનાવે તો થાય છે. એ તો અંતરમાંથી વસ્તુની દૃષ્ટિ કરે, નિમિત્ત છે સંયોગી ચીજ છે તેની રુચિ છોડે. રાગ થાય તેની રુચિ છોડે. વર્તમાન પર્યાયમાં અટકે નહિ અને સ્વભાવવાન, પર્યાયવાન દ્રવ્ય એની રુચિ, પ્રતીતિ ને પ્રવૃત્તિ કરે એમાં પરમ આનંદ છે. મોક્ષનો માર્ગ કહો કે પરમ આનંદ કહો. બેમાં જરીએ ફેર નથી. જરીએ ફેર નથી. સમકિત કહો કે પરમ આનંદ કહો, જ્ઞાન કહો કે પરમાનંદ કહો, ચારિત્ર કહો કે પરમાનંદ કહો. ત્રણમાં કાંઈ ફેર નથી. કહો, વિરજીભાઈ! ભારે વાત જગતને.

આ એક સમયમાં આમ પ્રભુ ચિદાનંદ પડ્યો છે. એક સમયની પરિણતિ તો બધી ભવી-અભવી, જડની બધાની જ વહે છે. પણ એક સમયની પરણતિને અંતર્મુખ વાળવી અને પર્યાય, રાગ અને નિમિત્તની રુચિ છોડવી એવી જે સ્વભાવમાંથી જે દશા... લ્યો, વળી વિશેષ આવ્યું. મોક્ષમાર્ગમાં કોઈ વખતે આનંદ અને કોઈ વખતે કાંઈ ખેદ આવતો હશે કે નહિ? નિત્યાનંદ. ચોવીસે કલાક સંતોને આનંદ. આ છઠ્ઠા ગુણસ્થાનની દશાનું વર્ણન ચાલે

છે. મુખ્યપણે ચારિત્રસહિતની વાત છેને. .. દર્શન-જ્ઞાન ને ચારિત્ર.

મુનિ .. પણ એવા કાળે તો કાંઈક હશે કે નહિ ફેરફાર? આ જંગલમાં હોય, મોટા દમના રોગ ઉપડ્યા હોય, શ્વાસના .. હોય, કફના .. ઉપડ્યા, એ ઓલા ડાબા-જમણા શૂળ ઉપડ્યા હોય. એક કોર વરુ આમ ખાય અને એક કોર વરુ આમ ખાતો હોય. બાર કલાક સુધી તો.. ઓહોહો..! એક કોર આમ ખાય અને એક કોર આમ ખાય. ત્યાં કાંઈ મોક્ષમાર્ગમાં ખેદ ખરો? સહન કરવું એમાં? સહન કરવું એ દુઃખ ખરું? એ સહન કરવું એટલે કે આનંદ આવવો. આત્માને અવલંબે અંતર અમૃતની વૃત્તિનું વહન થવું અને આનંદના વિશેષ અનુભવનું વેદન થવું એને મોક્ષનો માર્ગ કહે છે.

અહીં તો તેથી પહેલા સાધારણ વાત કરી, પછી નિત્ય આનંદ છે. ચોવીસે કલાક. મોટા કાંટા વાગ્યા હોય પગમાં. સમજાય છે? એવા સર્પ મોટા ફણિધર. ધ્યાનમાં હોય, જંગલમાં હોય. એને કરડી ગયો અને ઝેર ચડ્યા. કહે છે, નિત્યાનંદ (છે). એ વખતે પણ આનંદમાં મુનિ ડોલે છે. વસ્તુ જે દ્રવ્યસ્વભાવ ચિદાનંદ, એને અવલંબે દર્શન-જ્ઞાન ને ચારિત્ર પ્રગટ્યું એમાં જરીએ અંશે ખેદ નથી. એ ત્રણમાં જરીએ દુઃખ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રમાં જરીએ આકુળતા નથી અને જરીએ કષ્ટ જેને હોય તો એ મોક્ષમાર્ગમાં નથી. એવા મોક્ષમાર્ગને નિત્યાનંદ સ્વરૂપ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આનું નામ માર્ગ. એ સિવાયનો માર્ગ લોકો કહે એની દૃષ્ટિ ખોટી, જ્ઞાન પણ ખોટું અને બધુંય ખોટે ખોટું. રણમાં પોક મૂકવા જેવું છે.

**'વહી સહજાનંદ હૈ,...'** વળી પાછી એની વ્યાખ્યા કરી હવે. આનંદના બે બોલ મૂકી કે કેવો આનંદ છે એ? સ્વભાવ સે ઉત્પન્ન હુઆ આનંદ હૈ. કોઈ રાગના સમાધાને, કોઈ વિકલ્પ અને પુણ્યના સમાધાને ઉત્પન્ન થયેલો આનંદ નથી. અથવા આજ જરી પ્રતિકૂળતા પણ હમણાં આનંદ વધશે. કાલે શાતા થઈ જશે. એવા રાગને સમાધાને આનંદ હશે? એમ માણસ લે છે ને ભાઈ! .. બાપુ! કાલે પાછા હમણા... માણસ નથી કહેતા છોકરો મરી જાય ત્યારે? કે એક છોકરો છે. એકના એકવીસ (થાશે). બાળ ને ચાર દુકાળ એમ અજ્ઞાની જીવ વિસામો લેતો વિકારનો આનંદ લે છે, એ સ્વભાવથી ઉત્પન્ન થયેલો આનંદ નથી. એમ કે મુનિને પરિષહ તો ક્ષણિકમાં આવે. બે ઘડી .. સદાય હોય? એમ જે વિકલ્પ ઉઠે તેને સમાધાન કરવું છે? આત્માના અવલંબે જે આનંદ સ્વભાવથી ઉત્પન્ન થયો એને અવલંબન જ સ્વભાવનું હતું. એને રાગ અને મનના ચિત્તના સંગનું અવલંબન નહોતું. એવો જે આનંદ તેને સ્વભાવથી ઉત્પન્ન થયેલો આનંદ કહે છે. સ્વભાવથી ઉત્પન્ન થયેલો આનંદ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહો કે મોક્ષનો માર્ગ કહો. ત્રણે એ ચીજ છે. સમજાણું કાંઈ?

**'વહી સ્વભાવસે ઉત્પન્ન હુઆ આનંદ હૈ.'** પછી **'વહી સહજાનંદ હૈ.'** .. નિત્યાનંદ લીધું. છે ને? **'વહ સહજાનંદ હૈ,...'** સહજાનંદ એ .. છે. સહજાનંદ છે અને ... સદાનંદ

છે. પાછો બીજો બોલ લીધો. સમજાણું? સહજાનંદ એવો શબ્દ. નિત્યાનંદ છે માથે. નિત્યાનંદ માથે ઓલો સહજાનંદ માટે.. સદાનંદ છે. તે મોક્ષનો માર્ગ સદાનંદ છે. .. નિત્યને ..સદાનંદ. કહો, સમજાણું કાંઈ? સદાનંદી. એ મોક્ષમાર્ગ સદાનંદી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નામ તો ઘણા બધા આવે છે. નિત્યાનંદ અને સદાનંદ પર્યાય નામ છે. પહેલી વાત આવી ગઈ. સદાનંદી. માણસ કહે ને? ... હસમુખ હોય ને માણસ? તો માણસ કહે, સદાય બસ .. એ તો જડનો હરખ છે. એ કાંઈ આત્માનો હરખ નથી. એ તો બધો દુઃખદાયક છે. આત્મામાંથી મોક્ષનો માર્ગ પ્રગટ્યો, એની નિર્મળ પર્યાય વીતરાગ સ્વભાવને અવલંબે પ્રગટી એ સદાનંદી છે. એનું નામ સદાનંદ કહેવાય છે.

૩૨. '**વહી શુદ્ધાત્મપદાર્થકા અધ્યયનરૂપ હૈ,...**' લ્યો! કહે છે કે એ મોક્ષમાર્ગ અને શુદ્ધ આત્મપદાર્થના પઠનરૂપ સ્વરૂપનો ધારક. આ એણે પઠન કર્યું આત્માનું. સમજાણું? શુદ્ધાત્મપદાર્થ અધ્યયનરૂપ. એણે પદાર્થનું, આત્મપદાર્થનું અધ્યયન કર્યું. સમજાય છે કાંઈ? એ શાસ્ત્ર અધ્યયન, એને સત્ ગુરુ એનું તો એમાં વિકલ્પ અને શુભરાગ છે. એ શુભરાગ કાંઈ આત્મપદાર્થનું અધ્યયન નથી. લ્યો, અધ્યયન કર્યું અધ્યયન. શેનું અધ્યયન કર્યું? શુદ્ધ આત્મપદાર્થનું પઠન અધ્યયનરૂપ સ્વરૂપનું કારણ. એમ આત્મપદાર્થને અધ્યયન કહ્યું. વારંવાર ફેરવ્યો આત્માને. ઓલું અધ્યયન કરે ને કે આટલા શ્લોકો બોલ્યા. આટલા શ્લોકનો સ્વાધ્યાય કરીશ. કહે છે કે આ આત્માનો સ્વભાવ પ્રગટ્યો અને મોક્ષમાર્ગ થયો એ આત્માનો સ્વાધ્યાય છે અથવા એ અધ્યયન છે. એને અહીંયાં અધ્યયન કહેવામાં આવે છે. બાકી શાસ્ત્ર શબ્દ તો વ્યવહાર અધ્યયન છે. શાસ્ત્રનું ભણતર અને શાસ્ત્રનું અધ્યયન એ પણ વ્યવહાર અધ્યયન છે. બધા બોલ ત્યાં નાખ્યા. સમજાણું કાંઈ?

હવે શાસ્ત્ર અધ્યયન કરવું કે નહિ? એ તો એની યોગ્યતા હોય એટલે શુભરાગ આવે. આવ્યા વિના રહે નહિ. પણ આત્મપદાર્થના અંતર વલણની દશા વિના આત્મપદાર્થનું અધ્યયન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અધ્યયનનો .. શુદ્ધાત્મ પદાર્થ અધ્યયનરૂપ. એ શુદ્ધ આત્મપદાર્થના અધ્યયનનું એ રૂપ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ આત્માનું અધ્યયન કર્યું એણે. આત્મપદાર્થનો અધ્યાય કર્યો એણે. બાકી એકલા શાસ્ત્રના અધ્યાય કે પરના આગમના અધ્યાય સ્વ શાસ્ત્રના અધ્યાય એ પણ શુભભાવ છે. એ ખરેખર આત્મપદાર્થનું અધ્યયન નથી. કહો, સમજાણું કાંઈ? ૩૩ થઈ.

'**વહી પરમ સ્વાધ્યાય હૈ,...**' ઓલું એકલું અધ્યયન નાખ્યું. સમજાણું? હવે કહે છે, એ પરમ સ્વાધ્યાય (છે). લ્યો પરમસ્વાધ્યાય. વાંચના, પૃછના, પર્યટના, .. અને ધર્મકથા. એ બધું આતમપદાર્થ વસ્તુ જે અખંડ દ્રવ્ય, એને અવલંબે પ્રગટેલી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તેને સ્વાધ્યાય કહે છે. એ ખરી પરમ સ્વાધ્યાય છે. સમ્યગ્દર્શન એ સ્વાધ્યાય, સમ્યગ્જ્ઞાન એ

સ્વાધ્યાય, આ સમ્યક્ચારિત્ર એ પણ સ્વાધ્યાય. આ શાસ્ત્રની સ્વાધ્યાય કરવી એ તો શુભરાગ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :- સ્વ-અધ્યાય. સ્વઅધ્યાય. પોતાનો અધ્યાય ભણ્યો. પોતે સ્વ ચિદાનંદ આત્મા અનંતગુણની ખાણ, અનંતગુણનો સાગર નિધિ, એકલા આનંદનો ગાંગડો, આનંદથી ભરેલો. સમયસારમાં આવે છેને? જ્ઞાન-દર્શન અને ચારિત્રથી ભરેલો જ આત્મા છે. એને ક્યાંય બહારથી લાવવું પડતું નથી. મીઠાનો ગાંગડો ખારથી ભરેલો, ખડી સફેદાઈથી ભરેલી. ભગવાન જ્ઞાન અને આનંદ આદિ શક્તિથી ભરેલો જ છે. એનો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ એને સ્વાધ્યાય કહે છે. લ્યો, નિશ્ચયમોક્ષમાર્ગ કહો કે પરમ સ્વાધ્યાય કહો. અભેદ રત્નત્રય કહો કે પરમ સ્વાધ્યાય કહો. સમજાણું કાંઈ આમાં? .. ક્ષેત્રમાં રહેતું નથી. કહો, કનૈયાલાલજી! વહી નિશ્ચય મોક્ષકા ઉપાય હૈ. ઓલું કારણ કહ્યું હતું ને? ભાઈ! મોક્ષનો માર્ગ. માર્ગ કહો કે ઉપાય કહો. એક નિશ્ચય મોક્ષનો ઉપાય છે. સાચો મોક્ષનો ઉપાય એ આ. ત્રણ દશા જે ત્રણ પ્રકારના અંશો પ્રગટ્યા અને પરમાનંદનો જે અનુભવ થયો એ જ સાચો મોક્ષનો ઉપાય છે. એ ઉપેય નામ સિદ્ધનો ઉપાય તો આ જ છે. ઉપેય સિદ્ધ, ફળ સિદ્ધ. એનો ઉપાય આ—મોક્ષનો ઉપાય તો આ જ છે, બીજો કોઈ છે નહિ.

'**વહી એકાગ્રચિંતાનિરોધ હૈ,...**' લ્યો, ધ્યાનની વ્યાખ્યા. ૩૬-૩૬. '**વહી એકાગ્રચિંતાનિરોધ હૈ,...**' શી રીતે? કે સમ્યગ્દર્શનમાં આત્મા તરફની એકાગ્રતા થતાં મિથ્યાત્વનો નિરોધ થઈ જાય છે. આત્મા તરફનું સમ્યગ્જ્ઞાન થતાં મિથ્યાજ્ઞાનનો નિરોધ થઈ જાય છે. અટકી જાય છે. સ્વભાવ તરફની સ્થિરતા થતાં અસ્થિરતાનો નિરોધ થઈ જાય છે. માટે મોક્ષમાર્ગને એકાગ્રચિંતાનિરોધ કહે છે. એકાગ્રચિંતાનિરોધ કહો કે સાચો મોક્ષનો માર્ગ કહો કે આત્મામાં સુખ રૂપમાં સંયમ થવો અને તેને .... કહો. એ બધા મોક્ષમાર્ગની પર્યાયના નામો છે.

હવે આ તો બધી નિશ્ચયની વાત, હવે માણસ એમ કહે છે. પણ એના પાછા કારણો, વ્યવહાર કારણ, નિમિત્ત કારણ એ કાંઈ ચીજ હશે કે નથી કે બધી ઉડાડી દીધી? આ સમજે તો એ રહી છે. નહિતર એ રહી નથી. આ સમજે અને પ્રગટે તો બધાને વ્યવહાર કહેવાય રાગને, નિમિત્તને નિમિત્ત કહેવાય. નહિતર નિમિત્ત ને વ્યવહારથી કાંઈ આ દશા પ્રગટતી નથી. ભારે. નહિતર કહે, નિશ્ચયાભાસ છે, નિશ્ચય છે ને આ છે ને આ છે.

દ્રવ્યસંગ્રહ ગ્રંથ જેવી ૫૮ ગાથા, એમાં પણ આટલી વાત આખા સમયસારનો મર્મ ભરી દીધો છે. એ તો એક ગાથાએ વાત કરે કે લાખ ગાથાએ વાત કરે કે ચૌદ પૂર્વે વાત કરે, એ તો મુનિઓની વાત એકમાં પણ આવી જાય અને પૂરામાં પણ આવી જાય. એવી જ કોઈ પદ્ધતિ અને રીત છે. કહો, સમજાણું? '**વહી એકાગ્રચિંતાનિરોધ હૈ,...**' એક

અગ્ર, એક મુખ્ય .. થયો, એક મુખ્યપણે રહ્યો. અધ્યાત્મદષ્ટિમાં એક જ આત્મા જ્યાં મુખ્યપણે રહ્યો ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા સ્વભાવ તરફ થઈ. અને રાગમાં એકાગ્રતા હતી, રાગમાં એકાગ્રતાથી માન્યતા મિથ્યાત્વ હતું, રાગમાં એકાગ્રતાની માન્યતાથી લાભ જે માન્યો એ મિથ્યાજ્ઞાન હતું, રાગમાં એકાગ્રતા તે અચારિત્ર હતું. રાગમાં એકાગ્ર રહું તો લાભ થાય એ મિથ્યાત્વ હતું, રાગમાં એકાગ્ર થાઉં તો જ્ઞાન થાય એ મિથ્યાજ્ઞાન હતું, રાગમાં એકાગ્ર (થાવું એ) મિથ્યાચારિત્ર હતું. એ સ્વભાવમાં એકાગ્રતા થઈ. રાગરહિત આત્માની અરાગ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા (થયા) એને એકાગ્ર ચિંતાનો નિરોધ કહે છે. એકાગ્ર ચિંતાનો નિરોધ કહો કે મોક્ષનો માર્ગ કહો. એમાં જરીએ ફેર નથી.

**'વહી પરમજ્ઞાન હૈ,...'** લ્યો! **'વહી પરમજ્ઞાન હૈ,...'** ઓલા બીજે .. વહી પરમતત્ત્વજ્ઞાન હૈ એમ આવ્યું હતું. શુદ્ધાત્મ જ્ઞાન. સમજાણું? પરમતત્ત્વજ્ઞાન. ઓલામાં પરમતત્ત્વજ્ઞાન આવ્યું હતું. અહીં **'વહી પરમજ્ઞાન હૈ,...'** કહો, સમજાણું? તે જ પરમબોધ. બોધ શબ્દ પડ્યો છે. એ મોક્ષનો માર્ગ એટલે પરમબોધ છે. સ્વભાવને અવલંબે પ્રગટેલી અકષાય શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર એને પરમબોધ કહે છે. પરમબોધ. શાસ્ત્રનો બોધ એ પરમબોધ નથી. આત્મબોધ પામ્યો તેને મોક્ષમાર્ગ કહે છે. એને પરમજ્ઞાન કહે છે. બોધ કહે છે ને? ભાઈ! કાંઈક બોધિબીજ નથી કહેતા? બોધિમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણેની પ્રાપ્તિ. સમજાય છે?

અહીં કહે છે કે આ ત્રણેને અમે બોધ જ કહીએ છીએ. આત્માને અવલંબે દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યું એને પરમબોધ કહીએ છીએ. મોક્ષમાર્ગ કહો કે પરમબોધ કહો. 'શ્રીમદ્'માં લીધું છે ને ઓલું? 'કર્મ મોહનીય ભેદ બે દર્શન-ચારિત્ર નામ, હણે બોધ વીતરાગતા..' દર્શનમોહને બોધ હણે છે. સમ્યગ્જ્ઞાનથી દર્શનમોહ હણાય છે. વીતરાગતાથી ચારિત્ર(મોહ) હણાય છે. નાશ થઈ જાય એટલે ચારિત્રમોહનો નાશ થાય છે. વીતરાગભાવથી ચારિત્રમોહનો નાશ થાય છે. બોધ વડે કરીને મિથ્યાદર્શનનો નાશ થાય. અહીં કહે છે કે ત્રણેને અમે પરમબોધ કહીએ છીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણ પર્યાય, ત્રણ પર્યાયનો એક માર્ગ એને એક પરમબોધ શબ્દથી કહીએ છીએ.

**'વહી શુદ્ધોપયોગ હૈ,...'** લ્યો! જે પરમજ્ઞાન કહ્યું હતું એ ત્રણેને શુદ્ધોપયોગ કહ્યો. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર જે નિર્વિકલ્પ એને શુદ્ધોપયોગ કહે છે. ભાઈ! મોક્ષનો માર્ગ એ શુદ્ધોપયોગ. એ પુણ્ય પરિણામ આદિ માર્ગ એ મોક્ષનો માર્ગ નહિ. એમ એનો અર્થ થયો. બધો બંધનો માર્ગ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એ બંધનો માર્ગ છે. એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આત્માના અવલંબે જે દશા પ્રગટી એને શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ કહે છે. લ્યો!

પરમાનંદ કહો, શુદ્ધોપયોગ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહો. એ બધા એક અર્થમાં જાય છે. શુદ્ધોપયોગ જ મોક્ષનું કારણ છે. બીજું કોઈ કારણ જરીયે નહિ. દયા, દાન,

ભક્તિ, વ્યવહારરત્નત્રય શુદ્ધોપયોગ નથી. એ શુદ્ધોપયોગ વ્યવહારરત્નત્રયથી થતો નથી. એ શુદ્ધોપયોગ આત્મા દ્રવ્યને અવલંબે થાય છે. એવા આગમ—શાસ્ત્ર, ગુરુ ને દેવ કહેતા હોય તે વ્યવહાર સાચો અર્થાત્ નિશ્ચય સાચો. ઓલો વ્યવહાર સાચો અને નિશ્ચય સાચો. છે બેય, પણ મોક્ષમાર્ગ તો આને જ કહેવાય છે. મુનિઓને શુભોપયોગી મુનિ કહ્યા છે અને શુદ્ધોપયોગી પણ મુનિ પ્રવચનસારમાં કહ્યા છે. પણ શુભોપયોગીને વ્યવહાર તરીકે અને આને યથાર્થ નિશ્ચય તરીકે કહ્યા છે કે શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. .. બોલ થયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન-૩માં અવાજ અસ્પષ્ટ હોવાથી છોડી દેવામાં આવેલ છે.**

**માગશર સુદ ૧૩, શનિવાર તા. ૨૯-૧૧-૧૯૫૨**
**ગાથા-૫૬, પ્રવચન-૪**

૫૬મી ગાથા. એની ટીકામાં વિસ્તાર છે મોક્ષમાર્ગનો. મોક્ષ એટલે આત્માની પરમ શુદ્ધ નિર્મળ આનંદ દશા. એના કારણરૂપ માર્ગને કેટલા નામોથી કહેવાય છે એનો આ અધિકાર છે. જુઓ! ૪૫ નામ આવી ગયા છે. ખરેખર તો આત્માને—દ્રવ્યને અવલંબે જે શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર થાય તેને મોક્ષમાર્ગ કહે છે. સમજાણું? દ્રવ્ય નામ આ નખથી શિખા સુધી જ્ઞાનથી વ્યાપેલ અવગાહનસ્વરૂપ, એનો ધરનાર જે આત્મા, નખથી શિખા સુધી જે જ્ઞાનના અવગાહનથી વ્યાપેલો પદાર્થ એવો જે આત્મા, એવું જે દ્રવ્ય એને આશ્રયે પ્રગટેલી સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર દશા. એ શરીર, વાણી, મન વિકલ્પ આદિ વર્તમાન પર્યાયને આશ્રયે પ્રગટેલી વાત નહિ. અખંડ જ્ઞાન અવગાહીને જે આખા શરીરમાં ભિન્ન તત્ત્વ રીતે વસ્તુ સ્વભાવ છે તે સ્વભાવના અંતર્મુખ થઈને દૃષ્ટિ, જ્ઞાન અને વીતરાગતાનું ચારિત્રરૂપ દશા થઈ તેને સાચો મોક્ષમાર્ગ કહે છે.

'**વહી અભેદરત્નત્રયસ્વરૂપ હૈ,...**' આજ બોલ ૪૬મો એ આવ્યો છે. એ નિશ્ચય નામ સાચો મોક્ષમાર્ગ કહો કે અભેદરત્નત્રય સ્વરૂપ કહો. ભેદરત્નત્રય એટલે સાચા દેવ-ગુરુ ને શાસ્ત્ર, એની શ્રદ્ધા, જ્ઞાન અને રાગની મંદતાના ભાવને ભેદરત્નત્રય કહે છે. એને વ્યવહારરત્નત્રય કહે છે. કે જે આસ્રવરૂપ છે. અને સ્વભાવ શુદ્ધને અવલંબે જે પ્રગટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને અભેદ રત્નત્રય કહે છે. કેમ કે દ્રવ્યને અવલંબે પ્રગટેલી પર્યાય દ્રવ્યમાં અભેદ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

શરીર, વાણી, મન, કર્મ એને અવલંબે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર જે સત્ય કહે છે વાત એને લક્ષે થયેલો રાગ, એની માન્યતા, જ્ઞાન ને રાગની મંદતારૂપ ભક્તિ એ તો વ્યવહારરત્નત્રય વિકલ્પ અને પુણ્યાસ્રવ છે. એ રહિત આત્માના અંતર્મુખ દૃષ્ટિ થઈને વીતરાગતા શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટે એ વસ્તુ સાથે પર્યાય અભેદ થાય છે. માટે તેને અભેદરત્નત્રયરૂપ કહે છે. એ અભેદરત્નત્રયરૂપ એ જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. એ રાગને-વિકલ્પને ઉપચાર ભલે આવે, હોય છે પણ યથાર્થ અભેદરત્નત્રય એ જ મોક્ષનો માર્ગ અને પંથ છે. હવે ૪૬. અભેદરત્નત્રય મોક્ષનો માર્ગ એટલે કે ભેદરત્નત્રય મોક્ષનો માર્ગ નહિ.

એમ બધા અર્થમાં એમાં આવી જાય છે.

૪૭મો. **'વહી વીતરાગ સામાયિક હૈ,...'** ૪૭મો બોલ. મોક્ષમાર્ગ કહો કે વીતરાગ સામાયિક કહો. વિકલ્પ જે શુભ ઉઠે કે નવકાર ગણું, પાઠ ભણું એ તો શુભરાગ છે. એ કાંઈ ખરી સામાયિક નથી. ખરી સામાયિક સમતા ચિદાનંદને અવલંબે જે અનાકુળ સમતા પ્રગટે અંતરમાં, આનંદની સાથે ગુંથાયેલી સમતા, સ્વભાવને અંતર્મુખ થઈને અમૃતના સ્વાદ સાથે ગુંથાયેલી સમતા એવી જે વીતરાગ સામાયિક તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. સમજાય છે કાંઈ? જુઓને, કેટલી રીતે સ્પષ્ટ કર્યું છે! રાગ સામાયિક તો માને છે લોકો એ નહિ. વિકલ્પ ઉઠે છે શુભ પરિણામના ભાવ એ સામાયિક એ મોક્ષમાર્ગ નહિ, એ સામાયિક નહિ. વીતરાગ સામાયિક. વસ્તુ જ પોતે વીતરાગી પરમસ્વભાવ પારિણામિક તત્ત્વ જે ચિદાનંદ કારણ ભગવાન, કારણ પરમાત્મા, શક્તિનો કંદ એને અવલંબે પ્રગટેલી વીતરાગી—રાગ વિનાની સમતા અને આનંદ તેને વીતરાગ સામાયિક કહે છે. એ સામાયિક સાચી. ..ભાઈ! ભારે વાત ભાઈ! એ સામાયિક સાચી અને એને સાચો મોક્ષનો માર્ગ કહે છે. વાત છે એ સર્વજ્ઞ, સંતો અને શાસ્ત્રો વાત તો આ બધી કરે છે. પણ વચ્ચે એને શ્રવણ કરતાં, એને પ્રતીત કરતાં જે રાગ આવે એ રાગ ખરેખર મોક્ષમાર્ગ નથી. એથી અહીંયાં જણાવે છે કે અમારું તું શ્રવણ કરો છો સત્ય દેવ, સત્ય ગુરુ અને સત્ શાસ્ત્ર અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો નિષેધ જે તને રાગ શુભનો વર્તે છે પણ એ શુભરાગ પોતે સામાયિક નથી.

મુમુક્ષુ :— .. ભાવ સામાયિક.

ઉત્તર :— હા. ભાવસામાયિક આ છે. પણ એ ભાવસામાયિક હોય એને ઓલા રાગવાળીને દ્રવ્યસામાયિક કહેવાય. પાછી વળી દ્રવ્યસામાયિક સમ્યગ્દર્શન વિનાવાળાને કહેવાય એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? કનૈયાલાલજી! વીતરાગ સામાયિક. અહો..! જેમાં પુણ્ય અને પાપના બે પરિણામ બંધરૂપ છે, બંધરૂપ છે અને બેયથી જે વીતરાગતા પ્રગટી છે, વૈરાગ્ય-વૈરાગ્ય. એટલે પુણ્ય-પાપના વિકાર ને રાગથી વૈરાગ્યતા થઈ છે. અને સ્વભાવના અસ્તિત્વ તરફ ઝુકેલું વીર્ય છે. એવી અંતરની રાગરહિત વીતરાગદશા તેને ભગવાન સામાયિક સાચી કહે છે. તે સામાયિક તે સાચો મોક્ષનો માર્ગ છે. તેને મોક્ષના કારણરૂપ દશા કહે છે. કહો, એ ૪૭ (થયો).

**'વહી પરમ શરણ-ઉત્તમ-મંગલ હૈ,...'** લ્યો! ૪૮મો બોલ. ત્રણ થઈને ભેગો નાખ્યો છે. માણસ નથી કહેતા? મંગળિક, ઉત્તમ અને શરણ. આ જગતમાં શરણ કોણ શરણ? કે એ આત્મા અખંડાનંદ અભેદ સ્વરૂપ એને અવલંબે જે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રનો અંશ પ્રગટ્યો એ જ શરણ છે. બીજું શરણ નથી. અરિહંતા શરણ, સિદ્ધા શરણ, સાહુ શરણ, કેવળી પણંતો ધમ્મો શરણ. એ ચાર જે શરણ કહ્યા એ કાંઈ શરણ આપતા નથી. એના તરફનું લક્ષ કરીને વિચાર કરવો તે રાગરૂપ શુભભાવ છે. એ વ્યવહાર શરણ છે. ખરેખર

શરણ ચિદાનંદ આત્મા વસ્તુને અવલંબે જે નિર્વિકલ્પ રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનો અંશ પ્રગટ્યો તે આત્માને શરણ છે. તે શરણ છે. બીજું કોઈ શરણ છે નહિ. સમજાય છે કાંઈ? જુઓ! અહીં માણસ તો એમ કહે છે, અરિહંતા શરણ, સિદ્ધા શરણ, સાહુ શરણ, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. પણ એ તો પરવસ્તુ છે. અને કેવળી પણ્ણંતો ધમ્મો શરણ કહો તો એ તો આત્માની વીતરાગદશા છે. અરિહંતા, સિદ્ધા અને સાહુ એ તો પરચીજ છે. અને કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ તો કેવળીએ એ પ્રરૂપ્યો છે કે રાગરહિત, પુણ્યરહિત, વ્યવહારરત્નત્રય રહિત ચિદાનંદને અવલંબે જે દશા પ્રગટે તેને અમે શરણ કહીએ છીએ. બાકી કોઈ શરણ છે નહિ. ભાઈ! લ્યો! અરિહંત, સિદ્ધ અને સાધુ એમ કહે છે. કહે છે કે ભાઈ! અમને શરણ તું કહે છે, પણ તારી દશા તરફ તને શરણ છે. તારા સ્વભાવ સન્મુખથી પ્રગટેલી દશા તે તને શરણ છે. એને અમે મોક્ષમાર્ગ કહીએ છીએ. કહો, સમજાય છે કાંઈ?

આમ તો બોલી જાય ઘણા. અરિહંતા ઉત્તમ. આવે છે ને? અરિહંત ઉત્તમ છે, સિદ્ધ ઉત્તમ છે, સાધુ ઉત્તમ છે, કેવળીનો પ્રરૂપેલો ધર્મ તે ઉત્તમ છે. એ શું ઉત્તમ? એ અરિહંત, સિદ્ધ, સાધુ કાંઈ ઉત્તમપણું અહીં આપવા નથી આવતા. કેવળીએ પ્રરૂપેલો ધર્મ તે ઉત્તમ છે. આવે છે ને લોગુત્તમા? અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણ્ણંતો ધમ્મો લોગુત્તમો. લોકને વિષે ચાર ઉત્તમ છે. અહીં કહે છે કે એ ચાર તરફનો વિકલ્પ અને વૃત્તિ ઉઠે એ રાગ છે. એ ઉત્તમ નથી.

ઉત્તમ તો તારો ચિદ્‌ઘન, ચિદ્‌ઘન આમ દેહદેવળમાં જ્ઞાનનો ઘન વ્યાપીને પડેલો પદાર્થ, એ આખા રજકણે રજકણથી જુદો અને ચિદાનંદ જ્ઞાનથી વ્યાપેલો, જ્ઞાનથી પ્રસરેલો આનંદના મોજથી અંદર આખી શક્તિમાં આનંદથી ફેલાયેલો પદાર્થ. એવું જે તત્ત્વ એને શરણે જે રાગ-દ્વેષ રહિત દશા શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યું એને અમે ઉત્તમ કહીએ છીએ. લ્યો, આ તો ઉત્તમ પાછું કાઢી નાખ્યું કે ઉત્તમ ફલાણું છે અને ઉત્તમ ફલાણું છે. કહો, સમજાય છે કાંઈ? એ કેવળી પણ્ણંતો ધમ્મો લોગુત્તમા. લોકમાં ઉત્તમ છે. પણ એ ધર્મ ક્યો? ધર્મ કહો, મોક્ષનો માર્ગ કહો, રાગ ને પુણ્ય ને વ્યવહાર રહિત આત્માની વીતરાગી દશા કહો, એ જ લોકમાં ઉત્તમ છે. એ નિશ્ચય મોક્ષમાર્ગને ઉત્તમ ભગવાન કહે છે.

મંગલં. જે અહીં મંગલ કહે છે ને. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. અથવા મંગલં ભગવાન વીરો, મંગલં ગોતમો ગણી, મંગલં કુંદકુંદાઆર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. એ મંગલ શું ચીજ છે? એ આત્માને અવલંબે જે રાગરહિત વીતરાગી દશા થઈ તે મંગળ છે. બાકી બધા તો વિકલ્પ શુભભાવરૂપ મંગલિક કહેવાય છે. તારે માટે મંગલ. મમ્ નામ પાપ અને ગળ નામ ગાળે. અથવા મંગ નામ પવિત્રતા અને લ નામ પમાડે. પવિત્રતાને પમાડે અને અપવિત્રતાને ગાળે એવો જે આત્માના સ્વભાવને અવલંબે વીતરાગી દશા પ્રગટી એ પવિત્રતા પામ્યો અને અપવિત્રતાનો એણે વ્યય-નાશ કર્યો. એવા

ચિદાનંદ આત્મા ધ્રુવ, જ્ઞાનની શક્તિ, આનંદની શક્તિ, વીર્યની મૂર્તિ એવા ધ્રુવ સ્વભાવને અવલંબે જે દશા પ્રગટી તે દશાને ભગવાન મંગલ કહે છે. એ સંસારરૂપી અમંગલિકનો નાશ કરનાર છે. કહો, સમજાણું કાંઈ?

આ ત્રણેમાં એમ લેવું (કે) સંસાર અશરણ છે. સંસાર શબ્દે પુણ્ય અને પાપ બેય અશરણ છે, અનુત્તમ છે, અમંગલ છે. સંસાર એટલે પુણ્ય-પાપના પરિણામ. એ વ્યવહારરત્નત્રયનો રાગ સાચો એ પણ સંસાર—ઉદયભાવ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીત કરવી, શાસ્ત્ર તરફનો જુકાવ કરીને જ્ઞાન કરવું વિકલ્પસહિત, રાગસહિત અને પંચ મહાવ્રત અને બાર વ્રત આદિના વિકલ્પો એ પણ ઉદયભાવરૂપી સંસાર છે. એ સંસાર તે શરણ નથી, મંગલિક નથી, ઉત્તમ નથી. સમજાય છે? ..ભાઈ! લ્યો આ સંસાર! ક્યાં સંસાર રહેતો હશે?

આત્માની પર્યાયમાં જે ઉદયરૂપ વિકારભાવ થાય એ બધો સંસાર. પછી સત્‌દેવ, સત્‌ગુરુ, સત્‌શાસ્ત્ર એ અને કરુણાદિ બુદ્ધિનો, દાનાદિનો શુભભાવ એ બધો સંસાર છે. તે શરણ નથી, તે ઉત્તમ નથી, તે મંગળિક નથી. જ્ઞાનાનંદ ભગવાનને અવલંબે પ્રગટેલી પુણ્ય અને વ્યવહાર રત્નત્રય વિનાની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો અંશ તે ઉત્તમ છે, તે શરણ છે, તે મંગળિક છે. ભારે વાત ભાઈ ફેરફાર! જગત તો બહારથી બધું કલ્પીને બેસી ગયું છે. અહીં ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવની વાણીમાં મોક્ષનો માર્ગ આવો આવ્યો છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ.

હવે ૪૮મો બોલ.

**માગશર સુદ ૧૪, રવિવાર તા. ૩૦-૧૧-૧૯૫૨**
**ગાથા-૫૬, પ્રવચન-૫**

આ 'દ્રવ્યસંગ્રહ'ની ૫૬મી ગાથા છે. એનું ૨૦૬ પાને. જુઓ! આ મોક્ષમાર્ગના પર્યાય નામો છે. મોક્ષમાર્ગ એટલે કે અહીંયાં '**इणमेव परं हवे ज्झाणं**' એ ચોથા ટૂકડાની આ બધી વ્યાખ્યા ચાલે છે. મોક્ષમાર્ગ એ ધ્યાન છે. ધ્યાન એટલે એકાગ્રતા. એકાગ્રતા એટલે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એવા સ્વભાવ સન્મુખની દૃષ્ટિ જ્ઞાન અને રમણતા તેને ધ્યાન કહે છે. અને તે ધ્યાન મુક્તિનું કારણ છે. ચોથું પદ છે ને? એની આ બધી વ્યાખ્યા છે. '**इणमेव परं हवे ज्झाणं**' સમજાય છે?

આત્મામાં પરમધ્યાન ઉત્કૃષ્ટ. '**हवे**' નામ હોય છે. એ ધ્યાન મુક્તિ નામ પરમ આનંદની દશાનું કારણ છે. એ પરમાનંદની દશા પૂર્ણ તેને મુક્તિ કહે છે અને એના ઉપાયને—કારણને મોક્ષનો માર્ગ કહે છે. એ મોક્ષના માર્ગના પર્યાયના વિશેષ નામો અનેકાર્થે એક અર્થ છે. નામો અનેક છે પણ એનો અર્થ તો પરમાર્થે એક છે કે મોક્ષનો માર્ગ શુદ્ધ ચિદાનંદ આત્મા નિમિત્તોની રુચિ છોડી, પુણ્ય-પાપના વિકલ્પ ને રાગની રુચિ છોડી અને સ્વભાવની ધ્રુવ સન્મુખતાની અંતર્મુખ દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા કરી એનું નામ સાચા મોક્ષના પંથનો રાહ છે. એના અહીંયાં ૬૪ નામ આપ્યા છે. એમાં આપણે ૫૪મું નામ આવી ગયું.

'**વહી દિવ્યકલા હૈ,...**' એ નામ આવી ગયું કાલે. દિવ્યકળા. આત્મા ધ્રુવ ચિદાનંદની અંતર્મુખની વીતરાગી દશા થવી તેને પરમ કળા કહે છે. સમજાય છે? અને એને જ દિવ્યકળા કહે છે. દિવ્યકળા કહો કે પરમધ્યાન કહો કે મોક્ષનો માર્ગ કહો બધું એક છે. દેહ-વાણી-મન એ જડ છે. કર્મ એ પણ જડ ધૂળ છે. આત્માની વર્તમાન પર્યાય નામ દશામાં પુણ્ય અને પાપના વિકલ્પો નામ ઉપાધિરૂપ ભાવ થાય તે વિકાર છે. એની આશ્રય રુચિ છોડી સ્વભાવની અંતર દૃષ્ટિ કરીને રમણતા થવી એ દિવ્યકળા છે. એ દિવ્યકળા વડે કરીને મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ? એ વિના મુક્તિ થતી નથી. એ ૫૪મો બોલ કાલે આવ્યો.

આજે ૫૫મો. '**વહી પરમ અદ્વૈત હૈ,...**' વહી પરમ અદ્વૈત હૈ. શું અદ્વૈત છે? જુઓ! શબ્દ આવ્યો. આત્મા અનંત ગુણનો જે પિંડ છે. હવે સામું જુઓ તમારી મેળાએ આવશે. સમજાણું? આત્મા અનંત અનંત ગુણનો જે સ્વભાવિક પિંડ છે એની રુચિ, દૃષ્ટિ અને રમણતાનો જે ભાવ તેને અહીંયાં પરમ અદ્વૈત કહે છે. સમજાય છે કાંઈ? પરમ અદ્વૈત એટલે આ બધું થઈને એક એમ અદ્વૈત નહિ. બધા આત્માઓ થઈને એક છે, બધા ગુણો થઈને એક છે, બધા જડાદિ દ્રવ્યો થઈને એક છે એનું નામ અદ્વૈત નથી. અદ્વૈત તો એનું નામ છે કે અનંત ગુણનો પિંડ એના તરફની એકતાની પ્રતીત, રમણતા ને જ્ઞાન એવા સ્વભાવની નિર્દોષ વીતરાગી

દશા એને અદ્વૈત કહે છે. સમજાય છે કાંઈ?

તે જ પરમ અદ્વૈત છે. લોકો અદ્વૈત કહે છે ને? જગતમાં અદ્વૈત જ છે. બધું થઈને આ જગતમાં એક જ છે. બે છે નહિ. એમ નહિ. એનું નામ અદ્વૈત નહિ. પણ આત્મામાં રાગની રુચિ અને જ્ઞાન ને રમણતાનો અંશ છૂટી, સ્વભાવની એકતાબુદ્ધિ થઈને અંતરમાં જ્ઞાન-શ્રદ્ધા ને રમણતા થાય એવા નિર્વિકલ્પ વીતરાગી દશાને અદ્વૈત પંથ કહે છે. કહો, સમજાય છે કાંઈ? **'વહી પરમ અદ્વૈત હૈ,...'** બીજો કોઈ અદ્વૈત આ જગતમાં નથી. બધા થઈને આત્મા એક, બધા દ્રવ્ય એક. એક આત્મા મુક્તિ પામે તો બીજા આત્મામાં ભળી જાય. પછી ત્યાં સિદ્ધમાં જુદા ન રહે એવો અદ્વૈત નથી. એવું અદ્વૈતનું સ્વરૂપ નથી. અદ્વૈત નામ ચિદાનંદના અખંડાનંદમાં એકતા થઈને ભેદ ને દ્વૈતબુદ્ધિનો ભાવ ન રહેવો અને સ્વભાવમાં એકપણાનો ભાસ થઈ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવી તેને પરમ અદ્વૈત કહે છે. તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે પરમ અદ્વૈત કહો કે એને પરમ આનંદના અનુભવની દશા કહો. સમજાય છે કાંઈ? વિકલ્પાદિ હોય છે, નિમિત્તાદિ હોય છે એ કાંઈ અદ્વૈત નથી. કારણ કે વિકલ્પ જ્યાં ઉઠ્યો એ તો દ્વૈત થઈ ગયો. ચિદાનંદની એકતા સ્વભાવમાં અખંડ ધ્રુવ એક સમયમાં અનંત ગુણનો સદશ્ય સ્વભાવી પદાર્થ ભગવાન, એના તરફની એકતાની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા અને પરની પૃથક્તા. સ્વભાવ સન્મુખની એકતા અને વિકાર ને નિમિત્તની પૃથક્તા એવા સ્વભાવની વીતરાગી અવસ્થાને અદ્વૈત કહે છે. અને એ અદ્વૈત મોક્ષનો માર્ગ છે, એ અદ્વૈત આત્માના શાંતિનો ધર્મરૂપી ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

**'વહી પરમ અમૃતરૂપ પરમ-ધર્મધ્યાન હૈ,...'** લ્યો! માણસ કહે છે ને કે ધર્મધ્યાન કાંઈ કરો છો? ધર્મધ્યાન ક્યાં રહેતું હશે? શરીરમાં? લૂગડામાં? દેહની ક્રિયામાં? પુણ્ય-પાપના પરિણામ થાય એમાં? એમાં ધર્મધ્યાન હોય નહિ. સમજાય છે? **'વહી પરમ અમૃતરૂપ પરમ-ધર્મધ્યાન હૈ,...'** કોણ અમૃત સ્વરૂપ? આત્માના અતીન્દ્રિય આનંદ સહજાનંદ, સદાનંદ એના તરફની દૃષ્ટિની સન્મુખતા કરી અને જ્ઞાન અને રમણતાનો અંશ જે પ્રગટે એ જ પરમ અમૃતસ્વરૂપ ધર્મધ્યાન છે. બીજું ધર્મધ્યાન કોઈ નથી. રાગ થાય દયા, દાન, ભક્તિ, વ્રતનો એ ધર્મધ્યાન નથી. એ તો રાગ છે. ધર્મધ્યાન એટલે સ્વભાવની અંતરમાં જ્ઞાયકની અભેદ દૃષ્ટિ થઈને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રનો અંશ પ્રગટે એ પરમ અમૃતસ્વરૂપ છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર જે મોક્ષનો માર્ગ, જે આત્માને અવલંબે પ્રગટે એ પરમ અમૃતસ્વરૂપ છે. આનંદનો અનુભવ છે એ ધર્મધ્યાન છે. એને સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ ધર્મધ્યાન કહે છે. એ સિવાય ધર્મધ્યાન કોઈ બીજી ચીજ નથી. નવકાર ગણવા, જાપ કરવા વગેરે વગેરે એ બધો શુભભાવ છે, પુણ્ય પરિણામ છે. એ મુક્તિનો માર્ગ નથી, એ મોક્ષના પંથ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભૂમિકા એટલે શું પણ? આ જ ભૂમિકા એક જ છે. પ્રાથમિક કહે કોને?

એ જ્ઞાયક દ્રવ્યસ્વભાવને પકડીને પરમ અમૃતની શ્રદ્ધા-જ્ઞાન થવું એ પ્રાથમિક ભૂમિકા. બીજી કોઈ પ્રાથમિક ભૂમિકા છે નહિ. એ તો આ ભાન થયું અમૃત આનંદ જ્ઞાનનું, ત્યારે પ્રથમ જે રાગ હતો એને વ્યવહાર તરીકે અથવા વર્તમાન રાગ વર્તે તેને વ્યવહાર તરીકેનો આરોપ આવે છે. પણ એ સ્વભાવનું ભાન કરે ત્યારે આરોપ આવે. પહેલું આ હોય પછી આ થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ?

**'વહી પરમ અમૃતરૂપ...'** અ-મૃત. આત્માને મૃત્યુ જ ન થાય, દેહ જ મળે નહિ, દેહ છૂટીને પૂર્ણાનંદ દશા થાય તેનું કારણ પરમ અમૃતસ્વરૂપ ધર્મધ્યાન છે. અંતર વસ્તુને ઓળખીને નિત્યાનંદની તરફમાં લીનતામાં લપેટાઈ જવું, એકાકાર થવું, રાગનો આશ્રય ન રહેવો અને સ્વભાવનો આશ્રય થઈને લીન થવું એને ભગવાન ધર્મધ્યાન કહે છે. ભારે વાત ભાઈ! કહો, સમજાય છે કાંઈ? **'વહી પરમ અમૃતરૂપ પરમ-ધર્મધ્યાન હૈ,...'** પરમ ધર્મધ્યાન. પછી રાગાદિ, વિકલ્પાદિના વિચારોને ઉપચારથી ધર્મધ્યાન કહે. પણ એ અનારૂપ આ ધર્મધ્યાન પ્રગટે તો તેને ઉપચારથી ધર્મધ્યાન કહેવાય. અને વસ્તુસ્થિતિ તો આ છે. રાગાદિ કાંઈ વસ્તુસ્થિતિ નથી. સમજાણું?

૫૭. **'વહી શુક્લધ્યાન હૈ,...'** માણસ કહે છે કે શુક્લધ્યાન એ શું હશે? એ પણ રાગ અને પુણ્ય-પાપના લાગણી વિનાના સ્વભાવને અવલંબે થતી વીતરાગી સહજાનંદની દશાનો અનુભવ, એનું નામ શુક્લધ્યાન છે. શુક્લધ્યાન કહો, મોક્ષનું કારણ કહો, નિશ્ચય મોક્ષમાર્ગ કહો, એ બધું આત્મા ધ્રુવ એક સમયનું તત્ત્વ કારણ ભગવાન કારણ પરમાત્મા, એને અવલંબે પ્રગટેલી દશા તેને જ અહીંયાં શુક્લધ્યાન કહે છે. કહો, સમજાય છે કાંઈ? આ જુઓ ગાણા જુઓ મોક્ષમાર્ગના! એ સિવાય મોક્ષના.. મોક્ષ તો પરમ શુદ્ધ દશા છેને.

મોક્ષ કહો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

સર્વજ્ઞોએ નિર્ગ્રંથ સંતોએ ટૂંકામાં જે પૂર્ણ શુદ્ધ દશારૂપ મોક્ષ એનો પંથ બતાવ્યો એ આ છે. બીજો કોઈ છે નહિ. સમજાણું? **'વહી શુક્લધ્યાન હૈ,...'** એ ૫૭મો બોલ થયો.

શુક્લધ્યાન કહો, નિશ્ચય મોક્ષમાર્ગ કહો, એકદેશે શુદ્ધ નિશ્ચયના વિષયની વીતરાગી દશા કહો. બધી એકની એક વાત છે. એ શુક્લધ્યાન તે જ આત્મા તરફની વળેલી ઉજ્જ્વળ દશા, શુક્લદશા, નિર્મળ દશા, મલિન વિનાની સ્વભાવને અવલંબે નિર્મળ અંશ વીતરાગતા થાય તેને શુક્લધ્યાન કહે છે. કેમ પ્રગટે? કે દ્રવ્યને અવલંબે—ત્રિકાળ વસ્તુને અવલંબે. કોઈ (બીજાના) અવલંબે બીજી રીતે પ્રગટતું નથી.

**'વહી રાગાદિ વિકલ્પરહિત ધ્યાન હૈ,...'** ધ્યાનના જ બોલ મૂક્યા. મૂળ ધ્યાન શબ્દ છેને. કહે છે કે લોકો કહે છે કે આ ધ્યાન કરીએ. આમ ધ્યાન કરીએ. એ ક્યુ ધ્યાન હશે? એ રાગ ને પુણ્ય ને વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ

મહાવ્રતના પરિણામનો રાગ, એ રાગરહિત વિકલ્પ વિનાની આત્માની નિર્વિકલ્પ જે આત્માની દશા તેને ભગવાન ધર્મધ્યાન કહે છે. ધર્મ અને શુક્લ બે ભેદ પાડ્યા. સમ્મુચય ધ્યાન કહ્યું છે. એનું નામ ધ્યાન છે. બીજું કોઈ ધ્યાન નથી. ... આમ વિચાર કરું. એવા વિચાર કરવા ને આમ કરવું, ચોવીસ તીર્થંકરને ચિંતવવા, આત્મા જાણે ઊંચો કોઈ ડુંગર ઉપર બેઠો હોય, એમાંથી જાણે ૐ ધ્વનિ છૂટતો હોય એ સાંભળવું. એ બધો વિકલ્પ ઉઠે એ શુભભાવ છે, પુણ્યભાવ છે. એ ધ્યાન નથી. એ નિશ્ચય મોક્ષમાર્ગ નથી, એ સત્ય પંથ નથી. સત્ય પંથ તો સત્ સ્વરૂપ જે ત્રિકાળ એને અવલંબે પ્રગટેલી રુચિ, જ્ઞાન અને રમણતા તેને ભગવાન ધ્યાન કહે છે અને તે જ મોક્ષનું કારણ છે.

'**વહી નિષ્કલ ધ્યાન હૈ,...**' બધા ધ્યાનના શબ્દો આવ્યા. '**વહી નિષ્કલ ધ્યાન હૈ,...**' શરીર વિનાનું ધ્યાન એને કહે છે. લ્યો! નિષ્કલ એટલે શરીર વિનાનું. શરીર હોવા છતાં અશરીરી. આ શરીર હોવા છતાં હું અશરીરી, વાણી હોવા છતાં વાણીથી પાર. કાર્મણ શરીર અને તૈજસ અને ઔદારિક હોવા છતાં તેનાથી હું વેગળો. એવી આત્માની અરૂપી ચિદ્‌ઘન જ્ઞાનાનંદની રુચિ, જ્ઞાન અને રમણતા, તેને ભગવાન નિષ્કલ ધ્યાન કહે છે. શરીર હોવા છતાં અશરીરી ધ્યાન. લ્યો, આ મોક્ષનો માર્ગ, આ ધર્મ. આ ધર્મ કહો કે મોક્ષનો માર્ગ કહો. નિષ્કલ ધ્યાન. શરીરમાં રહ્યા છતાં અશરીરી ધ્યાન. કર્મના સંયોગે રહ્યા છતાં અસંયોગી સ્વભાવનું ધ્યાન. સમજાય છે કાંઈ?

નિષ્કલ ધ્યાન. શરીરનું ધ્યાન ન મળે. ત્યારે (શેનું ધ્યાન)? કે નિષ્કલ. શરીર વિનાનું ધ્યાન. હું શરીર વિનાનો છું. કાર્મણ શરીરના ઉદય વિનાનો છું. મારામાં કાર્મણ શરીર તો નથી પણ કાર્મણના ઉદયનો ભાવ—ઉદય પણ નથી અને ઉદયના નિમિત્તના જોડાણથી થતો વિકાર પણ મારામાં નથી. એવી આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે ધર્મ છે. એને ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ધર્મ કહે છે. અને એ ધર્મને નિષ્કલ ધ્યાન કહે છે. સમજાય છે કાંઈ? તો હવે શરીરમાં રહ્યા શરીર વિનાનું ધ્યાન, વાણીમાં રહ્યા વાણી વિનાનું ધ્યાન, આ મનનો સંગ રહ્યો છતાં મન વિનાનું ધ્યાન. મન છે અહીંયાં આઠ પાંખડીનું જડ, છાતીમાં. આ વાણી નીકળે છે એ જડ માટી અને આ શરીર, એ ત્રણ શરીરના અવયવો કહેવાય છે. એ ત્રણે શરીરના અંગો કહેવાય છે.

વાણી, અહીં મન છે જડ અને શરીર અને શ્વાસ. આ શ્વાસ ચાલે છે. એ બધા શરીરના અંગો છે, શરીરના અવયવો છે, શરીરના અંશો છે. એ શ્વાસ મન, વાણી ને દેહ એના રહિત થઈને આત્માનું ધ્યાન અને એકાગ્રતા કરવી આ એનું નામ નિષ્કલ ધ્યાન છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! શ્વાસ ચાલે એ શરીરનો અવયવ. એના ઉપર લક્ષ એ ધ્યાન નહિ. ચિદાનંદ પ્રભુ શ્વાસ રહિત છે. ભગવાન આત્મા શ્વાસની કળા અને શ્વાસની ક્રિયા રહિત છે. અહીં જડ મનના સંગ રહિત છે, વાણીના સ્પર્શ વિનાનો છે અને કાર્મણ

અને ઔદારિક ને તૈજસ શરીરના અભાવરૂપ છે. એવા આત્માની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાની વીતરાગદશા તેને ધર્મ કહે છે. તેને ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ ધર્મ કહે છે. અને એ ધર્મ તે મુક્તિનો માર્ગ છે. આથી બીજી રીતે ધર્મ કહેતા હોય એ મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મને સમજતા નથી. ભાષા સમજાય છે? ગુજરાતી છે. થોડી થોડી ચાલે. પણ બધું ગુજરાતીમાં નથી ચાલતું.

**'વહી નિષ્કલ ધ્યાન હૈ,...'** સમજ્યાને નિષ્કલ ધ્યાન એટલે શું? શરીર રહિત ધ્યાન થવું એનું નામ ધર્મ છે. શરીરરહિત હું છું, વાણીરહિત હું છું, મનરહિત હું છું, પુણ્ય-પાપ વિકાર રાગરહિત હું છું. એવો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ એની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા થવી એને ત્રિલોકનાથ ભગવાન ધ્યાન, ધર્મ કહે છે. એનું નામ ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ધર્મ છે નહિ. સમજાય છે કાંઈ? ભારે ભાઈ ધર્મ! ધર્મ કાંઈ શરીરથી થતો હશે? શરીરથી ધર્મ થાય છે? વાણીથી ધર્મ થતો નથી, પૈસાથી ધર્મ નથી થતો. શરીરથી નથી થતો. અહીં તો શરીરથી નથી થતો. માણસ તો કહે છે કે ભાઈ, વજ્રકાય શરીર મળેને વજ્રકાય તો આત્માને ધ્યાન થાય. અહીં તો ના પાડે છે. વજ્રકાય રહિત નિષ્કલ ધ્યાન. શરીર જ મારું નથી, પરમાણુ મારા નથી. વિકાર જે ક્ષણિક ઉત્પન્ન થાય છે પર્યાયમાં એ પણ હું નહિ. હું અખંડ આનંદકંદ શુદ્ધ છું એવું જે આત્મામાં રુચિ થઈને, જ્ઞાન થઈને જામી જવું એનું નામ ધ્યાન છે. એનું નામ ધર્મ છે. એનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. કહો, સમજાય છે કાંઈ? તે જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

**'વહી નિષ્કલ ધ્યાન હૈ,...'** માણસ કહે કે આ શરીરથી છૂટા પડીને ધ્યાન શી રીતે કરતા હશે? શરીરથી—શરીરમાં રહેવું, પાણીમાં રહેવું અને પાણી સાથે માછલાને બને નહિ. માણસ કહે છે ને ભાઈ? નથી કહેતા? પાણીમાં રહેવું અને મગરમચ્છ સાથે વિરોધ. એમ શરીરમાં રહેવું અને શરીરરહિત ધ્યાન કરવું. વાહ! ભગવાન! શરીર તો જડ છે. એ તો માટી છે, પુદ્ગલ છે, અજીવ છે. એ આત્મા નથી. આત્મા અને શરીર તો ભિન્ન ભિન્ન પદાર્થ છે. ભિન્ન ભિન્ન પૃથક્ પૃથક્ તત્ત્વ છે. તો શરીરમાં રહેવું એ કથન વ્યવહારનું છે. શરીરમાં આત્મા રહ્યો જ નથી. એ તો નિમિત્તનું કથન છે. શરીરરહિત. અહો..! જ્ઞાનવિગ્રહં શરીરં. મારું શરીર તો જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્યઘન મારું શરીર છે. હું તો જ્ઞાન વ્યાપક. નખથી શીખ. નખથી માથા સુધી.

જે જ્ઞાન વ્યાપ્યું છે, જ્ઞાન અવગાહનરૂપ થઈને પ્રસર્યું છે, જ્ઞાનસ્વરૂપ જે પહોળું થઈને ભાસે છે એ સ્વરૂપનો ધરનાર એ જ આત્મા છે, એ જ્ઞાન જ (છે). રાગ નહિ, દ્વેષ નહિ, પુણ્ય નહિ, દયા, દાન વિકલ્પ નહિ, એ તો રાગ છે. શરીરમાં વ્યાપક થઈને જે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક જે ચિદાનંદ અખંડ જ્ઞાયક જે સ્વરૂપ જ્ઞાન અવગાહન, વ્યાપક થઈને વિસ્તાર થઈને જે તિષ્ઠે છે તે જ્ઞાનનો ધરનાર સ્વરૂપવાન, એ સ્વરૂપનો સ્વરૂપવાન હું છું. એની દૃષ્ટિ કરીને

એકાગ્ર થવું એ નિષ્કલ ધ્યાન છે. એનું નામ ભગવાન ધર્મ કહે છે. એનું નામ ભગવાન સામાયિક અને પ્રતિક્રમણ કહે છે. એનું નામ ભગવાન મોક્ષની આવશ્યક ક્રિયા કહે છે. મોક્ષને માટે થતી જરૂરિયાતની ક્રિયા આનું નામ મોક્ષની ક્રિયા છે. બાકી જડની ક્રિયા એ મોક્ષની નથી. પુણ્ય-પાપ અને દયા, દાન વિકલ્પ ઉઠે એ પુણ્ય છે. એ કાંઈ મોક્ષની ક્રિયા નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધા નિમિત્તના કથનો. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. આ કેટલાક વૈદોએ ખોસી ઘાલ્યું છે. અને કાં નિમિત્તનું કથન. સમજાય છે? શાસ્ત્રમાં પણ એવું આવે. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. આ સાધન હશે ધૂળ? આ તો માટી છે, ધૂળ છે, પરમાણુ પુદ્ગલ છે.

આ આત્માના આ ભવ પહેલા તો આ નહોતું. આ ભવ પછી આ નહિ રહે. એ વચમાં જે આવ્યું એનાથી ધર્મધ્યાન થાય? ભારે ભાઈ વાત! ભગવાન આત્મા તો ચિદાનંદ નિત્યાનંદ સ્વરૂપ અવિનાશી છે. આદિ વિના, અંત વિના, અભાવ વિના, વર્તમાન અભાવ વિના, એવો પદાર્થ એને આ શરીરનો પહેલા અભાવ હતો. આ ભવ પહેલા અભાવ હતો. આ ભવ પછી અભાવ થશે. વર્તમાનમાં અભાવ છે. એક સમય જેનો સંબંધ નથી એમાં તન્મયપણું, એ ત્રિકાળ અભાવ છે. સમજાય છે કાંઈ? એ એક સમય પણ આત્માની પર્યાયના અસ્તિત્વમાં શરીર છે જ નહિ. પૂર્વે નહોતું, ભવિષ્ય નહિ રહે, અત્યારે નથી. '...' જે પૂર્વે નહોતું, ભવિષ્યમાં નહિ રહે, એ વર્તમાનમાં મારું છે (એમ) ત્રણ કાળમાં છે નહિ. સમજાય છે કાંઈ?

એટલે ભગવાન ગ્રંથકાર પરમ ધ્યાન તે.. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ દ્રવ્યસંગ્રહ બનાવ્યું છે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી. એ ભગવાન નેમિચંદ્ર તો સંતો હતા, મુનિ હતા. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલતા ભાવલિંગી. જંગલમાં વિચરતા દિગંબર મુનિઓ હતા. નગ્ન દિગંબર સંત સિંહ હતા. એક વસ્ત્રનો તાણો નહિ, એક પાત્રનો કટકો નહિ. એક મોરપિંછી ને કમંડળ. એ પણ જ્યારે વિકલ્પ ઉઠે ત્યારે લક્ષ જાય. બાકી સ્વરૂપના આનંદમાં મસ્ત હતા. એવા નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી એ ૫૬મી ગાથામાં કહે છે કે મુક્તિનો માર્ગ અનંતા સંતોએ એ કહ્યો છે. **'परं हवे ज्झाणं'** ઉત્કૃષ્ટ જે આત્મા તરફની લીનતા તેને ધ્યાન અને મુક્તિનો પંથ કહ્યો છે. ત્યારે ટીકાકારે એના ૬૪ બોલ વર્ણવ્યા. જેને એક બોલે સિદ્ધાંત ચક્રવર્તીએ કહ્યું, ટીકાકારે એના ૬૪ કર્યા. સમજાણું? આ ૬૪ કળા. સમજાણું કાંઈ?

આ બધા નામો એકના ચાલે છે. **'वही निष्कल ध्यान है,...'** લ્યો ભાઈ! શરીરમાં રહ્યા શરીર સાથે સંબંધ નહિ. વાણીમાં રહ્યા... પણ રહ્યો જ કે દી છો? તારું સ્વરૂપ તો તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. દ્રવ્ય નામ ગુણ પર્યાયનો પિંડ, ક્ષેત્ર નામ પોતાની પહોળાઈ, કાળ નામ વર્તમાન અવસ્થા અને ભાવ નામ ત્રિકાળ શક્તિ. પોતાના સ્વચતુષ્ટયમાં પોતાનો

આત્મા છે. પરચતુષ્ટયમાં આત્મા છે નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પરના ચતુષ્ટય આત્મામાં નથી. તો કહે છે, નિષ્કલ ધ્યાન. પરચતુષ્ટયનું ધ્યાન છોડીને આ સ્વમાં એકાગ્રતા થવી, જ્ઞાનાનંદમાં અમૃતનો ઉછાળો આવવો એ અમૃતનો ઉછાળો તરંગ ઉઠે તરંગ—મોજું, એ આનંદનું અમૃતરસનું મોજું ઉઠે અંતરમાંથી તરંગની પર્યાય, એને નિષ્કલ ધ્યાન અને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ?

**'વહી પરમ સ્વાસ્થ્ય હૈ,...'** લ્યો! કહે છે કે પરમ નિરોગતા. સ્વાસ્થ્ય. નથી કહેતા? સ્વાસ્થ્ય (સારું) છે? સ્વાસ્થ્ય. સ્વાસ્થ્ય શરીરમાં નિરોગતામાં સ્વાસ્થ્ય ક્યાંથી આવી ગઈ? આ તો ધૂળની નિરોગતા છે. સમજાય છે? એ તો માટી છે. સુંદર હો, રૂપાળું હોય તો પણ એ માટીની પર્યાય છે. આત્માની તો છે નહિ. પરમ સ્વાસ્થ્ય. સ્વાસ્થ્ય—પરમ નિરોગતા, પરમ સ્વાસ્થ્યતા. એ રાગ ને પુણ્યરૂપી રોગ આત્માની પર્યાય નામ દશામાં પુણ્ય-પાપરૂપી રાગ થાય છે એ રોગ છે. રાગ એ રોગ છે. એ આત્મા નિરોગ ચિદાનંદ આનંદકંદ ધ્રુવ શક્તિનો ભંડાર, એની પ્રતીતિ, જ્ઞાન અને અરાગી ચારિત્ર એ પરમ સ્વાસ્થ્ય છે. એનું નામ નિરોગતા છે. બાકી વ્યવહારરત્નત્રય પણ રોગ છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

વ્યવહારરત્નત્રય એટલે શું? કે સત્‌દેવ, સત્‌ગુરુ, સત્‌શાસ્ત્ર એનો સ્વીકાર, એનું બહુમાન, એનો આદર—એવો જે શુભરાગ એ પણ નિશ્ચયથી તો રોગ જ છે. દલીચંદભાઈ! ઓલામાં આવે કે નહિ લોગસ્સમાં? આરોગ્ગ બોહિ લાભં, સમાહિ વર મુત્તં દિંત્તુ. હજી અર્થની ખબર ન મળે. શબ્દના પાઠની ખબર ન મળે અને ધર્મ કરીએ છીએ. કોનું નામ ધર્મ? ભગવાન! આરોગ્યતા તો એને કહે છે કે જેમાં રોગનો અભાવ (હોય). રોગનો અભાવ એને કહે છે આત્મામાં કે વિકાર મિથ્યા ભ્રાંતિ અને પુણ્યપાપના વિકાર વિનાનો સ્વભાવને અવલંબે શુચિ—પવિત્રતા (એ) નિરોગતા આત્માની. રાગનો કલંક નહિ, રાગનો મેલ નહિ, રાગનો મંદવાડ નહિ, પુણ્ય-પાપની વૃત્તિઓ એ બધો મંદવાડ છે.

આ શરીર-બરીર મંદવાડ નહિ. આ તો જડ છે. આત્મામાં શુભ-અશુભ જે વિકલ્પ થાય છે, કે રાગ થાય છે, દયા, દાન, ભક્તિ, પંચ મહાવ્રતનો જે રાગ થાય એ આત્મામાં મંદવાડ છે. એ રોગ છે. આત્મામાં રોગરહિત દશા... સમજાય છે? તો આત્મા શુદ્ધ ચિદાનંદ ભ્રાંતિ વિનાનો. આવે છે ને ઓલામાં આત્મસિદ્ધિમાં? ભાઈ!

આત્મભ્રાંતિ સમરોગ નહિ. સદ્‌ગુરુ વૈદ સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' આત્મભ્રાંતિ સમ જગતમાં કોઈ રોગ છે જ નહિ. ચિદાનંદ ભગવાનને ઇન્દ્રિયોથી સુખ મળે, પુણ્યથી ધર્મ થાય એવી માન્યતા મોટો રોગ છે. મોટો રોગ છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ.' સદ્‌ગુરુ વૈદ તે પણ સુજાણ-બરાબર જાણનારા નાડી પકડીને કહે કે આ તારો રોગ છે. 'ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ.'

જ્ઞાનીએ આજ્ઞા કરી એ સિવાય કોઈ આ જગતમાં પથ્ય બીજી ચીજ છે નહિ. અને 'ઔષધ વિચાર ધ્યાન.' ભાઈ! એ આવ્યું જુઓ. એ આત્મા જ્ઞાયક તરફનો વિચાર અને એકાગ્રતા તે ઔષધ છે. તે નિરોગતા થવાનો ઉપાય છે. બાકી કોઈ નિરોગતા થવાનો ઉપાય છે નહિ. આ બરાબર હશે રોગ?.

શરીરમાં રોગ લાગે તો વૈદોને બોલાવે. ભાઈ! શું છે? આ તે ક્યાં થઈ ગયું આ? ખોરાકનું ઝેર થઈ ગયું કે આ તે ગેસ થયો? નળી મૂકો. અહીં મૂકે... અહીં મૂકે ને અહીં બધું જુએ. અહીં નળી મૂકી? કે આત્મા આવો ચિદ્દ્ઘન નિત્યાનંદ પ્રભુ, એની પર્યાય, પર્યાય નામ અવસ્થામાં જે સંસારરૂપી વિકાર, જે પુણ્ય-પાપ અને મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાન, રાગ-દ્વેષરૂપી વિકાર તે રોગ છે. ત્રિકાળી એનું સ્વરૂપ નિરોગ છે. એ ત્રિકાળી નિત્ય ધ્રુવ શક્તિના અવલંબે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપ વીતરાગી અંશ પ્રગટ્યો એને ભગવાન પરમ સ્વાસ્થ્ય કહે છે. ભાઈ! એ બધા રોગીલા છે એ ડોક્ટરો પણ. બધા રોગીલા માંધાતા મોટા ધન્વંતરી વૈદ પણ રોગીલો. એને પણ અભિમાન છે કે હું શરીરનું મટાડી દઉં. મરી ગયા બધાય. શરીર છૂટીને બે જુદા પડી ગયા. એ જુદા પડ્યા પણ શરીરની સ્થિતિએ જુદા પડ્યા. સ્વભાવના ભાને જુદા પડે એને ફરીને શરીર મળે નહિ.

અહીં તો કહે છે, પરમસ્વાસ્થ્ય કહો, નિશ્ચય ધર્મ કહો, મોક્ષમાર્ગ કહો એ એક જ વાત છે. સમજાય છે કાંઈ? '**વહી પરમ સ્વાસ્થ્ય હૈ,...**' જરીક શુભભાવ થાય એ વ્યવહારે સ્વાસ્થ્ય કહેવાય. આ તો વ્યવહારે પણ સ્વાસ્થ્ય નહી હોં! શરીરની નિરોગતા તો વ્યવહારે સ્વાસ્થ્ય નહિ. આત્મામાં આત્માને લક્ષે થયેલી દૃષ્ટિ, જ્ઞાન ને આચરણરૂપ વીતરાગી દશા એ પરમ સ્વાસ્થ્ય. એમાં ટકી શકે નહિ ત્યારે શુભરાગ આવે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, મહિમા, પ્રભાવના, બહુમાન એ વ્યવહાર સ્વાસ્થ્ય. ખરેખરું એ પણ સ્વાસ્થ્ય છે નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો! મોક્ષને માટે તો વિચાર ને ધ્યાન એ એક જ ઉપાય છે. ઔષધ, એનું ઓસડ—ઓસડ. ઓસડ આપે ને સાલમપાક ને ફલાણા પાક ને આ શું કસ્તુરી. સમજાય છે? બોલવા માટે. બોલ બોલ જાગ, ગરમ થાય તો બોલે. ગરમ ગોળી આપે. ઓલું શું કહેવાય તમારે? હિરણગર્ભ હિરણગર્ભ. હિરણગર્ભને ઘસીને કાંઈક ગરમી થાય. ગરમી તારા આત્મામાં થાય માટે હિરણગર્ભ આપીએ છીએ આ. સમજાય છે?

આત્મા સુવર્ણ સમાન લેપ વિનાનો, રાગ ને દ્વેષની અવસ્થા તારામાં થાય તે અપરાધ છે. ત્રિકાળી તો શુદ્ધ ચિદાનંદ સુવર્ણ સમાન છે. આ એની પ્રતીત, જ્ઞાન ને એકાગ્રતારૂપ આચરણ તે જ પરમ સ્વાસ્થ્ય છે. તે નિરોગતા છે. એ અશરીરીરૂપ દશા થવાને કારણ આ નિરોગ છે. બીજું કોઈ નિરોગ છે નહિ. શરીરને જરીક નિરોગતા આવે તો આમ ખુશી ખુશી થઈ જાય. આત્માની નિરોગતામાં કેવો આનંદ છે અને કઈ રીતે છે એની ખબર પણ નથી. એટલે ભગવાન એને ઘણા નામો લઈને આ નામ કહેવા માગે છે.

'વહી પરમ વીતરાગતારૂપ હૈ,...' ૬૧મો. પરમ વીતરાગતારૂપ. આ તો મોક્ષમાર્ગની વાત છે હોં! હજી. કેવળીની નથી. મોક્ષમાર્ગની વાત છે, મુક્તિના રાહની વાત છે, પરમ શુદ્ધિના ઉપાયની વાત છે. પરમ કાર્યપરમાત્મા જે અરિહંત અને સિદ્ધ એના વ્યવહાર કારણરૂપની વાત છે. મોક્ષમાર્ગ એ પરમ વીતરાગતારૂપ છે. એકલો જેમાં રાગ અને દ્વેષનો અંશ જ નથી, એવી આત્માને અવલંબે નિરાલંબી રાગના અવલંબન વિનાની દશા, સ્વભાવની અંતર રુચિ, જ્ઞાન અને એકાગ્રતા એને પરમ વીતરાગતા કહેવાય છે. લ્યો, અહીં તો પરમવીતરાગતા લઈ લીધું. બારમું ને તેરમું. સાધક છે ને બધો? મોક્ષનો માર્ગ છે બધોય.

'વહી પરમ સામ્ય હૈ,...' ૬૨. પરમ સમતાસ્વરૂપ. કોણ? એ નિશ્ચય મોક્ષમાર્ગ, સત્ય માર્ગ. આત્મા જ્ઞાયક દ્રવ્ય વસ્તુ, એની વર્તમાન પર્યાયનું પરિણમન એ સ્વભાવના અવલંબે જે લીન થયું એને અહીંયાં પરમ સમતાસ્વરૂપ કહે છે. રાગને મંદ પાડે અને જરી ક્ષમા કરે, જગતના લક્ષે, જગતના અવલંબે અથવા કર્મના ડરે, ભવના ભયે, કર્મના ડરે, ભવના ભયે ક્ષમા કરે તેને પરમસમતા કહેતા નથી. સમજાય છે?

'વહી પરમ સામ્ય હૈ,...' એકલો ચિદ્‌ઘન અંતર દૃષ્ટિના અવલોકનમાં પડ્યો. પોતાની દૃષ્ટિના ધ્યેયમાં ચિદાનંદ લીધો અને જે વીતરાગી પરિણતિ નામ પર્યાય નામ અવસ્થા નામ દશા થઈ તેને પરમસમતારૂપ કહે છે. એને ધર્મ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. એ સિવાય કોઈ મોક્ષનો માર્ગ વ્યવહારિક સમતા પણ નથી. જગતમાં કહે ને ભાઈ, બહુ લાકડીઓના પ્રહાર (ખાધા), કેટલો સમતાવાન છે. તત્ત્વનું કાંઈ ભાન ન હોય. તો એને સમતા કહેતા નથી. જૈન દિગંબર મુનિ વ્યવહારે દ્રવ્યલિંગી આત્માના ભાન વિનાનો અંતિમ ગ્રૈવેયકે જાય. નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. એ છ ઢાળામાં આવે છેને? અંતિમ ગ્રૈવેયકે ગયો. 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' સમજાય છે? અનંત વાર ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયકે ગયો. સમતા નહિ. એને સમતા કીધી નથી. શુક્લલેશ્યા જેને હોય. શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ કરે નહિ. એવો દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ મુનિ. બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે (તોપણ) બ્રહ્મચર્યથી ચળે નહિ. તોપણ એને બ્રહ્મચર્ય પણ નથી અને સમતા પણ નથી. કેમ કે જ્ઞાયક પુણ્ય-પાપના વિકલ્પ અને લાગણી વિનાનો, અખંડ દ્રવ્યનું અવલંબન આવ્યું નથી માટે તેને સમતા કહેતા નથી. સમજાય છે કાંઈ?

આટલું કંઈ કરે. પુણ્ય કરે પુણ્ય. શરીર આશ્રિત ક્રિયા, પુણ્યાશ્રિત ક્રિયા એ સમતા નથી. બહુ સમતા છે, જુઓ! આ મુનિ તો ભાવલિંગી સંત છે. ભાવલિંગી સંત છે. પણ દ્રવ્યલિંગીને આ પ્રમાણે કોઈ બાળે તો ક્રોધ ન કરે. તેથી કરીને એને સમતા ન કહેવાય. (કારણ કે) વસ્તુની દૃષ્ટિની ખબર નથી. નગ્ન હોય, વસ્ત્રનો તાણો ન રાખતો હોય, મહિના મહિનાના અપવાસ કરતો હોય. ભીક્ષા માટે જાય તો ૪૨, ૪૭, ૯૬ દોષ અથવા ૩૨ અંતરાય છે ને? ચૌદ મળ દોષરહિત આહાર લેવાની વૃત્તિ હોય. તોપણ એ વીતરાગ શ્રદ્ધા નથી એને.

એ આત્માની લાગણી વિનાનો છે. એ વૃત્તિનું ઉત્થાન રાગનું થાય તે વિનાનો ચિદાનંદ દૃષ્ટિમાં ન આવે અને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ ન હોય અંશે તો એને પરમસમતા કહેતા નથી. કહો, સમજાય છે કાંઈ?

**'વહી પરમ એકત્વ હૈ,...'** લ્યો. ૬૩-૬૩. ૬૫ બોલ છે ને બધા? ૬૩. **'વહી પરમ એકત્વ હૈ,...'** એકત્વ કર્યું. આણે એકત્વ કર્યું. એકત્વ કહો કે રાગ ને પુણ્યથી પૃથક્ત્વ કહો. પરથી પૃથક્ત્વ એ નાસ્તિથી કથન છે. અને વસ્તુ સ્વરૂપ જ્ઞાનાનંદમાં એકાગ્રતા તે અસ્તિથી કથન છે. પરમ એકત્વ. નિશ્ચય મોક્ષમાર્ગ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે પરમ એકત્વ કહો. પોતાની વર્તમાન દશા સ્વભાવમાં એકત્વ થઈ. ગુણ-ગુણી અભેદ થયા. ગુણ-ગુણી એટલે? ગુણ-ગુણી તો અભેદ હતા. પણ ગુણની વર્તમાન દશા જે રાગમાં અટકતી, એ વર્તમાન દશા ગુણી સાથે એક થઈ એવી દશાને મોક્ષનો માર્ગ કહે છે. ભારે વાત ભાઈ! આમાં વ્યવહારના ગાણા કે દી આવશે? સાથે સાથે સંભળાવે છે નહિ? હોય છે. રાગ પણ એ પુણ્ય છે. હોય છે એ વ્યવહાર એ રોગ છે. હોય છે વ્યવહાર એ મલિન છે, હોય છે વ્યવહાર એ હેય છે. સમજાય છે કાંઈ? પરમ એકત્વ છે.

બીજી ભાષાએ કહીએ તો વ્યવહાર રત્નત્રય તે સમતાસ્વરૂપ નથી. એ વિષમસ્વરૂપ છે. વ્યવહારરત્નત્રય તે વીતરાગરૂપ નથી, રાગરૂપ છે. વ્યવહારરત્નત્રય તે એકત્વરૂપ નથી પણ અનેકરૂપ છે. કારણ કે વ્યવહારરત્નત્રયમાં સત્‌દેવ, સત્‌ગુરુ, સત્‌શાસ્ત્રના અવલંબે વૃત્તિનું ઉત્થાન થાય છે. હોય છે ખરું, હોં! એ આવ્યા વિના રહે નહિ. પણ એને શરણે ચિદાનંદમાં ન જવાય. સમજાણું કાંઈ? બેય સમજવું જોઈએ. જ્યાં જ્યાં જે નિશ્ચય છે તેને નિશ્ચય સમજવું, અને તે વખતનો વિકલ્પ આવે તેને વ્યવહાર સમજવો. વિકલ્પ પણ એવો જ હોય એને. સત્ દેવ, સત્ ગુરુ, સત્ શાસ્ત્રને વંદન, સત્કાર, બહુમાન. સમજાય છે? અરિહંત સર્વજ્ઞ પરમદેવ, નિર્ગ્રંથ સંતો મુનિઓ અને સર્વજ્ઞની નીકળેલી દિવ્યધ્વનિ વાણી. એ જ શાસ્ત્ર ને ગુરુ ને મુનિ, તીર્થંકર પ્રકૃતિનો એને વિકલ્પ અને બહુમાન આવે. છતાં એ વિકલ્પ એ રાગ છે. એ આવ્યા વિના રહે નહિ. અને આવે તે ધર્મ નહિ.

ધર્મ તો રાગ વિનાનો સ્વભાવમાં એકત્વપણું પામે તેને ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. વર્તમાનમાં ભાઈ બહુ ફેરફાર થઈ ગયો છે. લોકોએ બહાર કલ્પીને એવું મનાવ્યું છે કે અનેકાંત એટલે વ્યવહાર પણ કરવો, વ્યવહારથી નિશ્ચય માનવો અને નિશ્ચય કરવું એનું નામ અનેકાંત. એમ અનેકાંત નથી. નિશ્ચય તે સ્વભાવને આશ્રયે થાય છે, વ્યવહારને આશ્રયે થતો નથી. એનું નામ અનેકાંત સ્વરૂપ છે. તેને અહીંયાં અનેકાંત અને એકત્વ ધર્મ કહે છે. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... અહો..! કાયમ જ્ઞાનની ભીંત, જ્ઞાનની ભીંત, ચિદાનંદ નિત્ય અને ધ્રુવ સ્વભાવ એને અવલંબે અંતરમાં એકાગ્ર થવું એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર અને એને એકત્વ કહે છે. એ એકત્વ એ મોક્ષનો માર્ગ છે. ૬૩.

૬૪. '**વહી પરમ ભેદજ્ઞાન હૈ,...**' લ્યો! ૬૪મો બોલ. એનું નામ ભેદજ્ઞાન. ભેદજ્ઞાન એટલે? આમ દેહ, વાણી, મનની વર્તમાન પર્યાયથી પણ રુચિ છોડી, વર્તમાન રાગના પરિણામથી રુચિ છોડી .. અને જ્ઞાયક ચિદાનંદમાં એકત્વ થયો તેનું નામ પરમ ભેદવિજ્ઞાન છે. તેનું નામ ધ્યાન છે, તેનું નામ મુક્તિના ઉપાય છે. '**વહી પરમ ભેદજ્ઞાન હૈ,...**' ભેદજ્ઞાનથી કથન કર્યું છે. પણ એકત્વ નિશ્ચય મોક્ષમાર્ગને જ ત્યાં ભેદજ્ઞાન કહ્યું છે. એને સમયસાર નાટકમાં ભેદજ્ઞાન વિકલ્પરૂપ ગણ્યું છે. ભાઈ! ત્યાં ગણ્યું છે. વિકલ્પરૂપી વિનાશિક છે. આવ્યું છે ને? છે એ. કારણ કે આમ ભેદ પાડે, ભેદ પાડે એ તો વિકલ્પ છે. એ અહીં નથી.

આ તો '**વહી પરમ ભેદજ્ઞાન હૈ,..**' નિમિત્તના પર્યાયો તે તેનામાં (—નિમિત્તમાં) છે. વર્તમાન રાગ તે વર્તમાન ક્ષણિક છે. મારો સ્વભાવ વર્તમાન અખંડ છે. એવા સ્વભાવ તરફની એકતાને રાગ ને વ્યવહાર ને નિમિત્તથી છૂટો પડ્યો એમ ભેદજ્ઞાન કહે છે. ધીરુભાઈ! સમયસારમાં આવે છે. ખબર છે? નાટકમાં આવે છે. ભેદજ્ઞાન એમ કે પ્રથમ આવે છે. એ વિકલ્પરૂપ છે, વિનાશિક છે, એ શુદ્ધોપયોગ જેવી ચીજ નિર્મળ નથી. એમ ત્યાં ભાઈ આવે છે. પણ એ વાત બીજી છે અને આ વાત બીજી છે. આ ભેદજ્ઞાન તો રાગથી છૂટો પડું એમ નહિ. પણ જ્ઞાયક તરફ અંદર એકાગ્રતા થઈ એટલે રાગથી ભેદ થયો એવી અપેક્ષાએ તેને ભેદજ્ઞાન કહેવાય છે. વિરજીભાઈ! એ આવે છે ઓલામાં. સમયસાર નાટકમાં આવે છે. છતાં એ તો કઈ અપેક્ષાના કથન હોય તેને સમજવું જોઈએ. વસ્તુનો મર્મ ન સમજે તો એ ગોટા વાળ્યા કરે.

અહીં ભગવાન ગ્રંથકારે કહેલા એક બોલના આ બોલનું વર્ણન કર્યું છે. '**વહી પરમ ભેદજ્ઞાન હૈ,...**' અને ટીકામાં પણ ઘણે ઠેકાણે જયસેનાચાર્યની ટીકામાં એ જ આવે છે. આત્મા તરફનો જે માર્ગ તેને ભેદજ્ઞાન કહે છે. એવું જયસેનાચાર્યની ટીકામાં સમયસારમાં ઘણું આવે છે. સમજાય છે? એ તો ભેદ શબ્દ પડ્યો છે ને એટલે ભેદમાં ધ્વનિ ઉઠે છે ને બેની. એટલે આ રાગ નહિ, આ નહિ, એથી એને ત્યાં વિકલ્પવાળો ગણ્યો છે. પણ ખરું પરમ ભેદજ્ઞાન એ ચિદાનંદ ધ્રુવને અવલંબે એકતાપણાની સ્થિરતાનો જે અંશ પ્રગટ્યો તેને ભેદજ્ઞાન કહે છે. તેને સાચો મોક્ષનો માર્ગ કહે છે અને એ જ મોક્ષના રાહ છે.

છેલ્લો બોલ આમાં ગ્રંથકારે કહેલો. '**વહી પરમ સમરસીભાવ હૈ;...**' સમજાણું? '**વહી પરમ સમરસીભાવ હૈ...**' પરમ સમતા સમરસી-સમરસ. સમરસમાં ઝુલતો. કહે છે કે એ આત્મા ચિદાનંદ નિત્યાનંદના અવલંબે પ્રગટેલી, એના કારણ પરમાત્માથી પરિણમીને કાર્ય અંશે જે આવ્યું, અંશે પૂર્ણ કાર્ય તો પરમાત્મા. એવો જે પરમ સમરસીભાવ વીતરાગી ઉપશમ રસ, ઉપશમ રસ, અકષાય રસ, અવિકારી દશા સ્વભાવને અવલંબે થઈ એ પરમ સમરસીભાવ છે. લ્યો, એ ૬૫મો બોલ થયો. આ શેની વાત ચાલી?

ખરેખર તો '**इणमेव परं हवे ज्झाणं**'. યહી જો આત્મા કે સુખસ્વરૂપ મેં પરિણમન

હોના હૈ વહ નિશ્ચય સે પરમ નામ ઉત્કૃષ્ટ જ્ઞાન હોતા હૈ. એ ભગવાન ગ્રંથકાર નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ ૫૬મી ગાથાનું ચોથું પદ જે કહ્યું હતું એનો ખુલાસો ગ્રંથકાર ટીકાકાર કરે છે.

પછી કહ્યું હતું નીચે—'**ઉસ પરમ ધ્યાનમેં સ્થિત હુએ જીવો કોં જો વીતરાગ પરમાનંદ સુખ પ્રતિભાસતા હૈ વહી નિશ્ચયમોક્ષમાર્ગસ્વરૂપ હૈ. વહ દૂસરે પર્યાય નામોં સે ક્યા ક્યા કહલાતા હૈ, ઉસકો કિન કિન નામોં સે લોગ કહતે હૈં સો કથન કિયા જાતા હૈ.**' આ શરૂઆત અહીંથી કરી હતી. સમજાય છે? એ શરૂઆત અહીંયાં ૬૫ નામ કહીને પૂરી કરી. '**વહી પરમ સમરસીભાવ હૈ; ઈનકો આદિ લે...**' એ માર્ગને નિર્વિકલ્પ સમાધિ કહે છે. ભાઈ! હવે આદિ લે એમાં થોડાક બે-ચાર નાખશે. ૬૫ તો નાખ્યા છેને. એને આદિ લઈ નિર્વિકલ્પ સમાધિ પણ મોક્ષમાર્ગને જ કહે છે. અંતરમાં નિર્વિકલ્પ સમાધિ થવી, રાગ વિનાની શાંતિ દશા થવી એને નિર્વિકલ્પ માર્ગ કહે છે. એને મોક્ષમાર્ગ કહે છે. એને જ દ્રવ્ય તરફના વલણની દ્રવ્યદૃષ્ટિ કહો, પ્રતીત કહો કે મોક્ષમાર્ગ કહે છે. દ્રવ્યદૃષ્ટિ—દ્રવ્ય નામ ત્રિકાળી ભગવાન આત્મા, એની દૃષ્ટિ થવી, એ દૃષ્ટિ સાથે જ્ઞાન અને રમણતા પણ ભેગું હોય છે. તેને મોક્ષનો માર્ગ કહે છે. સમજાય છે?

એ જ પંથને સત્ પંથ કહે છે. આ સત્ પંથ. માણસ કહે છેને સત્સંગી. ભાઈ! કહે છેને? સત્સંગી, સત્માર્ગી, સત્પંથી. ક્યો સત્પંથી? ક્યો સત્માર્ગી? ત્રિકાળ સત્ સ્વરૂપ એક સમયમાં અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, એની પ્રતીત જ્ઞાન અને અંશે આચરણ વીતરાગી થવું તેને સત્પંથી કહે છે. તેને સત્પંથ કહે છે. સત્પંથના આચરણ કરનારને સત્પંથી કહે છે. એવા સ્વભાવના ત્રિકાળ સ્વભાવનો સંગ કરીને જે વીતરાગી અંશ પ્રગટ્યો તે સત્સંગ પ્રગટ્યો કહેવાય છે. એ સત્સંગ એ મોક્ષનો માર્ગ છે. ભાઈ! લ્યો ભાઈ, સત્સંગ મોક્ષનો માર્ગ છે. ક્યો સત્સંગ? ત્રિકાળી સત્.. ત્રિકાળી સત્ એક સમયમાં અનંત ગુણનો ધ્રુવ પિંડ. એનો સંગ કરીને શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરી, ચિત્ અને રાગનો સંગ છોડ્યો એને સત્સંગ અને મોક્ષનો માર્ગ કહે છે. લ્યો! સત્સંગ. ભાઈ! લોકો નથી કહેતા? ભાઈ! ભગવાન પાસે જાવું, સારા સાધુ પાસે સંગ કરવો. એ તો શુભ વિકલ્પ છે. ખરેખર એ સત્સંગ નથી. એ સત્સંગ ખરો નથી. ભારે વાત ભાઈ!

વળી પામે.. રાત્રે કહ્યું નહોતું?

બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બુઝન કી રીત,
પાવે નહીં ગુરુગમ બિના એહી અનાદિ સ્થિત. ૨.
એહી નહીં હૈ કલ્પના, એહી નહી વિભંગ,
કઈ નર પંચમકાલ મેં દેખી વસ્તુ અભંગ. ૩.

સમજાય છે?

પાયા કી યે બાત હૈ, નિજ છંદન કો છોડ,
પીછે લાગ સત્પુરુષ કે તો સબ બંધન તોડ. ૬.

લ્યો! ત્યાં વળી આ ભલામણ કરી. પણ કહે છે, સત્સંગ ખરેખર કોને કહેવો? સમજાય છે? 'પાયા કી યે બાત હૈ, નિજ છંદન કો છોડ.' તારા છંદનના અભિપ્રાય સ્વચ્છંદને છોડ. અને સ્વભાવ નિજાનંદ ભગવાન એને અવલંબે દૃષ્ટિ કર તો વ્યવહાર સત્સંગ મળ્યો એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી સત્સંગ કહો, મોક્ષનો માર્ગ કહો, આનંદની દશા કહો, બધું એક છે. સત્સંગી, એ સત્સંગી થયો.

માણસ કહે, ભાઈ! આ સત્સંગી માણસ છે. નથી કહેતા? ભગવાન! તને સત્ કોને કહેવાય એની ખબર નથી ને સત્સંગી ક્યાંથી આવ્યો? ભીખાભાઈ! સત્સંગી—એક એક ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદથી ભરેલું તત્ત્વ છે. મારો કોઈ કર્તા ઈશ્વર છે નહિ. સમજાય છે? મારી વર્તમાન વીતરાગદશાનો કર્તા પણ વિકાર નથી. મારી વ્યવહાર પર્યાય ઉત્પન્ન થઈ રાગની એ પણ નિર્વિકાર દશાની કર્તા નથી. હું એક સ્વભાવિક વસ્તુ છું. આત્મા જ અનંત ગુણનો કર્તા થઈ વીતરાગની પરિણતિપણે પોતે પરિણમે તે દશાને સત્સંગી દશા કહે છે. તેને સત્સંગ અને સત્સંગનો કરનાર કહેવાય છે. સમજાય છે? એ મોક્ષમાર્ગની જ વાત લોકોએ કલ્પના કરી એ નહિ. સમજાણું કાંઈ? એને આમ શુદ્ધ ચિદાનંદ આત્મા એ પુણ્ય-પાપના પરિણામ છે તેને સ્થુળ માર્ગ કહે છે. ભાઈ! નિશ્ચય મોક્ષમાર્ગ એ સૂક્ષ્મ માર્ગ છે. સમજાય છે કાંઈ?

જ્ઞાતા ચિદાનંદ નિત્યાનંદને અવલંબે જે નિર્વિકલ્પ રાગ વિનાની પ્રતીત, જ્ઞાન ને રમણતા એને ભગવાને સૂક્ષ્મ માર્ગ કહ્યો છે. સૂક્ષ્મ માર્ગ કહો કે મોક્ષનો માર્ગ કહો. પુણ્યના પરિણામ તે સૂક્ષ્મ માર્ગ નથી. વ્યવહાર રત્નત્રય તે સૂક્ષ્મ માર્ગ નથી. આવે છે ને ભાઈ! સમયસારમાં? લોકો સ્થૂળ સંક્લેશ પરિણામને છોડે છે અને સ્થૂળ વિશુદ્ધ પરિણામને અવલંબે છે. વ્યવહાર.. એકલો આભાસ. પણ પુણ્ય-પાપના પરિણામ સ્થુળથી રહિત એવો સૂક્ષ્મ જ્ઞાયક ચિદાનંદ ભગવાન, એની અંતરની રુચિ, જ્ઞાન અને રમણતા કરવી તેને સૂક્ષ્મ માર્ગ કહે છે. કહો, સમજાય છે? એ સૂક્ષ્મ માર્ગ છે. કેમ? ભગવાન આત્મા સૂક્ષ્મ છે. એના ગુણો સૂક્ષ્મ છે, એની પર્યાય નિર્વિકારી સૂક્ષ્મ છે. અહીં અત્યારે નિર્વિકારી સૂક્ષ્મ (લેવું છે). ઓલો વિકાર તો અત્યારે સ્થૂળમાં ગણી નાખવો છે. સમજાય છે કાંઈ?

શરીર, વાણી, મન તો ક્યાંય પર રહી ગયા. પણ આત્માની વર્તમાન પર્યાયમાં દયા, દાન, ભક્તિ, સ્મરણ, સામાયિક, પોષા, પડિકમણા, તપ, અપવાસ કરું એ વિકલ્પ ઉઠે. ઉઠે તે વિકાર. પુણ્ય છે, એ સ્થૂળ છે. એ માર્ગ નથી. માર્ગ તો જ્ઞાયક અરૂપી અનંત ગુણનો સૂક્ષ્મ કંદ એને અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટે) તેને સૂક્ષ્મ માર્ગ કહે છે. સૂક્ષ્મ માર્ગ કહો કે મોક્ષનો નિશ્ચય માર્ગ કહો. તેને ભગવાન પ્રજ્ઞાછીણી કહે છે. ભાઈ! આવે છેને ક્યાંક? એક પ્રજ્ઞાછીણીમાં ત્રણ સમાઈ જાય છે. સમજાય છે કાંઈ? દલીચંદભાઈ!

આત્માની પ્રજ્ઞાછીણી એ તો ભેદજ્ઞાનના અર્થમાં એ આવી જાય છે. પ્રજ્ઞાછીણી પુણ્ય-પાપનો વિકલ્પ અને રાગ તેણે પ્રજ્ઞાએ છેદ્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ તેને પ્રજ્ઞાછીણી કહે છે. નિશ્ચય મોક્ષના માર્ગને પ્રજ્ઞાછીણી કહે છે. પ્રજ્ઞારૂપી છીણી. છીણી સમજો છો? લોઢાની છીણી હોય છે ને? એનાથી બે કટકા થઈ જાય છે. તો કહે છે કે હું આત્મા અખંડ નિત્યાનંદ છું, શક્તિનો અંતર્મુખ ભંડાર છું. અને બહિર્મુખ જે વૃત્તિ થાય છે એમાં ભેદ પાડવા માટે, છેદવા માટે પ્રજ્ઞાછીણી કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો (તે સાધન છે). સમજાય છે કાંઈ? દલીચંદભાઈ! લ્યો, આ નિશ્ચય મોક્ષમાર્ગના અનેક નામો. અનેક પર્યાય નામોથી કહેવાય છે. એને નિર્ગ્રંથ માર્ગ કહે છે. મોક્ષમાર્ગને નિર્ગ્રંથ માર્ગ કહે છે. વ્યવહાર રત્નત્રયને નિર્ગ્રંથ માર્ગ કહેવાતો નથી. ભાઈ!

નિર્ગ્રંથ માર્ગ. ઓલામાં આવ્યું નહોતું હમણા? સંક્ષેપથી કહ્યો નિર્ગ્રંથ માર્ગ. સમજાણું?

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

એ નિર્ગ્રંથ નામ રાગ ને પુણ્ય વ્યવહાર વિનાનો સ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે નિર્ગ્રંથ માર્ગ છે. એ નિર્ગ્રંથ માર્ગ એ જ મોક્ષમાર્ગ છે, એ જ વીતરાગ માર્ગ છે. એમાં રાગ આવે વ્યવહાર એ નિર્ગ્રંથ માર્ગ નથી. સમજાય છે? એ જૈનમાર્ગ છે. ભાઈ! ઓલામાં આવે છે ને? અષ્ટપાહુડમાં. જૈનમાર્ગ તો મોક્ષમાર્ગ. જૈનમાર્ગ એટલે ઈ. ઓલા વ્રત ને એ તો પુણ્યમાં જાય છે. દયા, દાન એ પુણ્યમાં જાય છે. એને જૈનમાર્ગ નિશ્ચયથી કહેતા નથી. સમજાય છે?

જિનમાર્ગ તો જે આત્માના સ્વભાવ વડે રાગને વિકારને જીતીને સ્વભાવમાં અરાગી દશાની પ્રતીત, જ્ઞાન ને રમણતા થાય એ નિશ્ચય મોક્ષમાર્ગને જિનમાર્ગ કહે છે. ભારે વાત ભાઈ. તો પછી આ વ્યવહાર? પણ વ્યવહારને વ્યવહાર જિનમાર્ગ કહ્યો. અહીં તો નિશ્ચય હોય તો એને વ્યવહાર આરોપ આવે છે ને? બારદાનમાં માલ નાખે તો આ બારદાન ચોખાનું એમ કહેવાય છે ને? બારદાન ખાલીને શી રીતે કહેશો? બારદાન સમજો છો ને? બોરી. બોરી ખાલી હોય એમાં ચોખા—ચાવલ નથી, તો કોની બોરી કહેશો? કોની બોરી છે? એમ ચોખા—અખંડાનંદ ભગવાન આત્મા ચોખ્ખો—શુદ્ધ એની પ્રતીત, જ્ઞાન, રમણતા નથી અને રાગ અને પુણ્યને બારદાન વ્યવહાર કહેવો એમ છે નહિ. સમજાય છે?

જૈન માર્ગ એટલે જિનપંથ. એ આત્મા શુદ્ધ ચિદાનંદને અવલંબે વીતરાગી અવસ્થા થાય તે જિનમાર્ગ છે. સમજાય છે? બીજો જિનમાર્ગ છે નહિ. વ્યવહાર રત્નત્રય કહ્યો એ નિશ્ચય જૈનમાર્ગ નથી. છતાં એ વિકલ્પ સાધકને આવ્યા વિના રહેતા નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના પ્રમોદ આવ્યા વિના રહે નહિ. ઇન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી-એકભવતારી પણ એની દૃષ્ટિ તો આત્મા ઉપર એકાગ્ર હોવા છતાં શુભરાગ આવે તો ભગવાનના

જન્મ વખતે આમ નાચી ઉઠે. નાચે. નાચે. થનગનાટ થનગનાટ આમ કરે. સમજે છે કે દેહની ક્રિયા છે. મને જરી ભક્તિ આવી છે તો આ શુભરાગ છે. પણ એ વ્યવહાર છે. એની દૃષ્ટિ તો અંતર સ્વભાવ ઉપર પડી છે. એવા રાગરહિત દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાને જિનમાર્ગ કહે છે.

છેલ્લો બોલ જિનશાસન. લ્યો ભાઈ. હવે જૈનશાસન કહીને પૂરું કરી દે છે. કારણ કે જિનશાસન એમાં બધું સમાય જાય છે. '**पस्सदि जिणसासणं सव्वं**' લ્યો ૧૫માં. દલીચંદભાઈ! કેટલા બોલ થયા? હોય એ ખરા. કહો, સમજાણું કાંઈ? જિનશાસન. કુંદકુંદાચાર્ય ૧૫મી ગાથામાં કહે છે,

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

જેણે આત્માને બદ્ધસ્પૃષ્ટ વિનાનો સામાન્ય એકરૂપ, નિશ્ચય એકરૂપ એકધારી અંતરદૃષ્ટિ થઈને રાગ ને કષાય ને પુણ્ય-પાપરહિત સ્વભાવ તરફની દૃષ્ટિ કરીને અનુભવ્યો '**पस्सदि जिणसासणं सव्वं**' એ મોક્ષમાર્ગને જૈનશાસન કહે છે. એ જૈનશાસનને મોક્ષમાર્ગ કહે છે. જૈનશાસન આત્માની નિર્વિકારી પર્યાય છે. જૈનશાસન ક્યાંય બહારમાં લટકતું નથી. બહારમાં હોય નહિ. ન ધર્મ ધાર્મિક વિના. સમજાય છે? ધર્મી એવો આત્મા વિના ધર્મ હોતો નથી. તો ધર્મ કહો કે જૈનશાસન કહો. એ જૈનશાસન વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી શાંતિ. એ આત્માના તત્ત્વને અવલંબે પ્રગટે તેને જૈનશાસન કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે, તેને ધર્મ કહે છે. સમજાય છે? તેને ધર્મધ્યાનની અંતરંગ ક્રિયા કહે છે. એને ક્રિયા કહે છે. ભાઈ! એને સમ્યક્ ક્રિયા (કહે છે). બીજી ક્રિયા નથી. આત્માના સ્વભાવ તરફ દર્શન-જ્ઞાન ને ચારિત્રની એકતા તે સમ્યક્ ક્રિયા. એ મોક્ષની ક્રિયા. બાકી રાગાદિ મોક્ષના પંથની કાતરણી ક્રિયા. સમજાય છે કાંઈ? એ આ ક્રિયાપંથ ભગવાનનો છે એમ કોઈ કહે. જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ. તોપણ એ જ્ઞાયક ચિદાનંદને અવલંબે રાગ અને પુણ્ય વિનાની જ્ઞાન-દર્શન અને એની એકાગ્રતા જે થઈ એ ત્રણના અંશની ક્રિયા. પૂર્વ અવસ્થા પલટીને વીતરાગી અવસ્થા થઈ માટે ક્રિયા. એ ક્રિયા તેને મોક્ષમાર્ગ કહે છે. રાગ ને નિમિત્તની ક્રિયાને કહેતા નથી.

એ રીતે કહે છે કે આદિ ને '**સંપૂર્ણ રાગાદિ વિકલ્પો કી ઉપાધિ સે રહિત પરમ આહ્લાદક સુખરૂપ કે લક્ષણ કે ધારક જો ધ્યાન હૈ ઉસ તરફ જો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ ઉસકો કહનેવાલે અન્ય ભી બહોતસે પર્યાય નામ પરમાત્વ તત્ત્વકો પરમાત્મા કે સબકો જાનનેવાલે જો ભવ્ય જીવ હૈં ઉનકો જાન લેના ચાહિયે.**' ભલામણ કરી દીધી. આ સિવાય અનેક નામોથી કહેવું હોય તો કહી શકાય છે. આટલા કીધા અને વગેરે કહેવાય..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન-૬માં અવાજ અસ્પષ્ટ હોવાથી છોડી દેવામાં આવેલ છે.**